"સસ્તું સાહિત્ય" એટલે "ઊંચામાં ઊંચું સાહિત્ય"

# ગુજરાતની ગઝલો


સંપાદક :

દી. બ. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી



ભિક્ષુ અખંડાનંદની પ્રસાદી

સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય

ઠે. ભદ્ર પાસે અમદાવાદ અને કાલબાદેવી રોડ મુંબઈ-૨

"સસ્તું સાહિત્ય" એટલે "ઊંચામાં ઊંચું સાહિત્ય"

# ગુજરાતની ગઝલો

★

૪૫૯૮

સંપાદક:
દી. બ. કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી

★

ભિક્ષુ અખંડાનંદની પ્રસાદી
સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય
ઠે: ભદ્ર પાસે અમદાવાદ અને કાલબાદેવી રોડ મુંબઈ-૨

★

'વિવિધ ગ્રંથમાળા'
સંવત ૧૯૯૯

સળંગ ગ્રંથાંક–૩૭૦–૭૧
વર્ષ ૩૨ મું

એક રૂપિયો

આવૃત્તિ ૧ લી
પ્રત : ૪૫૦૦

મુદ્રક અને પ્રકાશકઃ
ત્રિભુવનદાસ કo ઠક્કર
સસ્તું સાહિત્ય મુદ્રણાલય
ઠે. રાયખડ :: અમદાવાદ.

# નિવેદન

'વિવિધ ગ્રંથમાળા'માં વિવિધતા આવવી જોઇએ. સ્ત્રીઓ અને બાળકો, નાનાં અને મોટાંઓ બધાંને રસ પડે તેમજ વિનોદ અને જ્ઞાન પ્રાપ્ત થાય એવાં પુસ્તકો આ માળામાં છપાય એવું અમારું ધ્યેય છે.

આ હેતુ પૂરો કરવાને માટે ચાલુ વર્ષમાં અતિ ઉત્તમ મૌલિક ગ્રંથ 'દત્ત અને પરશુરામ' આપવામાં આવ્યો; છત્રપતિ શિવાજીનું વિસ્તૃત ચરિત્ર આપવામાં આવ્યું; અને જાણીતા સાક્ષર રા. રા. ડુંગરસી ધરમસી સંપટના હાથની લખેલી 'કચ્છની લોક-વાર્તાઓ' એ પુસ્તક આપવામાં આવ્યું. વળી મહાન ચિંતક અને લેખક તરીકે ગુજરાતી સાહિત્ય ઉપર પોતાની અચળ છાપ મૂકી ગયેલા વાડીલાલ મોતીલાલ શાહનું 'સંસારમાં સુખ કયાં છે?' એ પુસ્તક વાંચકો સમક્ષ અમે રજૂ કર્યું છે. વિક્રમના બે હજારમા વર્ષનું પંચાંગ તે પણ ઘણાં કુટુંબોમાં ઉપયોગી થઈ પડે એમ ધારીને આપ્યું છે અને હવે 'ગુજરાતની ગઝલો.'

વયથી અને કાર્યથી ગુજરાતી સાહિત્યકારોમાં શોભા પામી રહેલા **દીવાન બહાદુર કૃષ્ણલાલ મો. ઝવેરીનો** 'સસ્તું સાહિત્ય-વર્ધક કાર્યાલય' તરફનો પક્ષપાત મોટો હોઇને તેમણે અમારા સલાહકારક મંડળનું પ્રમુખસ્થાન સ્વીકાર્યું. અમારા ખાસ આગ્રહને માન આપીને પોતાનાં ઘણાં રોકાણોની વચ્ચે તેમણે ગુજરાતની ગઝલોમાંથી જૂના ને નવા લેખકોના સુંદર નમૂનાઓ

અમને ચૂંટી આપ્યા. ઘણુખરા લેખકોના તો અંગત સમાગમમાં પણ તેઓ આવ્યા છે. 'હાફિઝ અને દયારામ'ના કર્તા ગુજરાતની ગઝલોની આ ચૂંટણી કરે અને પોતાના ૭૫ મા વર્ષમાં પણ એ વિશિષ્ટ વ્યક્તિ ગુજરાતી સાહિત્યની સેવાનો ઉમંગ દેખાડે, તે વાત ગુજરાતી વાચકવર્ગને આવકારલાયક થશે, એમ અમે માનીએ છીએ.

ગઝલો એટલે ઇશ્કની કવિતા એવી સામાન્ય માન્યતા કેટલી ભૂલભરેલી છે તે દેખાડવાને માટે અમે **રા. રા. સાગર (જગન્નાથ દામોદર ત્રિપાઠી)નો** એક અપ્રતિમ અને ગુજરાતી સાહિત્યમાં હંમેશને માટે જળવાઈ રહેવા યોગ્ય નિબંધ આ પુસ્તકને છેડે પરિશિષ્ટમાં મૂકેલો છે. ગઝલનાં સંશોધન અને સંગ્રહ ગુજરાતમાં રા. રા. સાગરને હાથે થયાં છે. તે પોતે કવિ જ નહિ પણ યોગી હતા. આ વાતની યાદગીરી ગુજરાતમાં હંમેશ માટે રહેવી જોઈએ એમ અમારું માનવું છે. તેમના પુત્ર રા. રા. યોગેન્દ્ર જ૦ ત્રિપાઠીએ અમને આ નિબંધ છાપવાની તેમજ તેમનાં બીજાં પુસ્તકો છાપવાની રજા આપી છે, તે માટે અમે તેમને ધન્યવાદ આપીએ છીએ.

પોતાના સુંદર કાર્યનો નમૂનો ગુજરાતી વાચકોમાં આ સંગ્રહદ્વારા પહોંચે તે માટે ગઝલોના લેખકોએ અનુમતિ દર્શાવી છે, તે સારુ અમે તેમનો પણ આભાર માનીએ છીએ.

મુંબઈ
તા. ૯–૭–૪૩

સસ્તું સાહિત્ય મુદ્રણાલયના ટ્રસ્ટીઓ વતી
**મનુ સુબેદાર**
પ્રમુખ

# પ્રસ્તાવના

ગુજરાતી સાહિત્યના વિકાસના એક અંગ તરીકે અત્યાર પહેલાં 'ગઝલ' સંબંધે પ્રમાણમાં જે થોડુંઘણું લખાયું છે, તે જોતાં તેમાં વિશેષ ઉમેરો કરવાનો કાંઈ અવકાશ ભાગ્યે જ રહ્યો હોય.

સ્વ. બાલાશંકર કંથારિયાએ મૂળ ફારસી સાહિત્યનો અભ્યાસ કર્યો હતો. જાતે કવિ હતા, એટલે ફારસી ભાષામાં 'ગઝલ' શેને કહેતા, 'ગઝલ'નું વસ્તુ શું, તે પોતે બરાબર સમજી ગયા હતા, અને તેથી 'ગઝલ' સારી રીતે અને વિના ભૂલે લખી શકતા હતા. સ્વ. ઠક્કર નારાયણ વિસનજીનો ફારસી સાહિત્યનો અભ્યાસ ગાઢ અને વિસ્તૃત હતો, તેથી તેઓ પણ 'ગઝલ' એટલે શું તે બરાબર સમજતા હતા. ગુજરાતી ભાષામાં લખાતી 'ગઝલો' કેવા લેભાગુ પ્રકારની હતી તે તેઓ સમજી શકતા હતા અને તેવા લેભાગુ લેખકોને ચાબખા મારતા હતા.

આ પ્રસ્તાવનાના લેખકે પણ વારંવાર ગુજરાતીમાં લખાતી ગઝલોમાં તેની મૂળ વસ્તુની જોડેની અસંબદ્ધતા વિશે જ્યારે જ્યારે તક મળી ત્યારે ત્યારે ધ્યાન ખેંચ્યું છે.

કેટલાએક ખાસ અપવાદો સિવાય ગુજરાતી સાહિત્યમાં ગઝલનું સાહિત્ય ખોડખાંપણ અને ઊણપોથી ભરેલું છે; તેનાં કારણ છે. 'ગઝલ' રાજકીય કારણે મૂળ અરબ્બી ભાષામાં લખાતી, ત્યાંથી તે ફારસી યા ઇરાની ભાષામાં આવી અને ત્યાંથી આવી તે જ કારણે હિંદુસ્તાનની ઉર્દૂ ભાષામાં. ઉર્દૂ ભાષામાં ફારસી શબ્દોનો ભારોભાર ઉપયોગ થતો હોવાને લીધે તેમજ ઉર્દૂ ભાષાના લેખકોને મૂળ ફારસી સાહિત્યનો અભ્યાસ હોવાને લીધે તેઓ 'ગઝલ'ની રચના, તેના વસ્તુ, તેની ભાવના વગેરેને પૂર્ણપણે સાચવી શક્યા. ગુજરાતી ભાષામાં તેનો અભાવ હોવાથી, તેમાંનું કશું જ સાચવી શકાયું નહિ અને ગુજરાતી

ભાષાની 'ગઝલો' મોટે ભાગે નામની જ ગઝલો રહી છે.* તેનો લેખક અને 'ગઝલ'નાં મૂળ અને જરૂરી અંશોને ન જાણનાર વાચક જ, તેને ગઝલરૂપે ઓળખે છે.

સ્વ. અમૃત કેશવ નાયકને ઉર્દૂનું જ્ઞાન હતું, તેથી તેની 'ગઝલો'ને ગઝલનું નામ આપી શકાય. આપણા ગુજરાતી સાહિત્યમાં ગઝલો લખનાર કેટલાક મુસ્લિમ લેખકોની 'ગઝલ' તે નામે ઓળખી શકાય, કારણ તેમણે પણ ઉચ્ચ ઉર્દૂ શાએરોની ગઝલોનો અભ્યાસ કરેલો હોવાથી તેઓ પણ 'ગઝલ'ના રૂપરંગ પકડી શકેલા. આગળના પારસીઓ માટે તેમ કહી શકાય; કારણ તેઓને ફારસીનો અભ્યાસ કરવો જરૂરનો હતો. પરંતુ હિંદુ લેખકોની કૃતિઓમાં તો મોટે ભાગે ખલકે પૂરેપૂરી ઊણપ રહી જ ગઈ છે.

'ગઝલ' એ છંદનું નામ નથી. 'ગઝલ' એ કાવ્યનો એક પ્રકાર છે. એ મૂળ અરબ્બી શબ્દ છે અને એનો અર્થ પ્રેમયુક્ત ભાષામાં અથવા કાવ્યરૂપે બોલવું એમ થાય છે. તે શબ્દના ક્રિયા-વાચક નામ તરીકે 'મુગાઝેલત' એ રૂપમાં એનો અર્થ સ્ત્રીઓ જોડે પ્યાર કરવો અથવા તો તેમની જોડે જુવાનીમાં ભોગવાતી મઝાઓ સંબંધી વાતચીત કરવી. વધારામાં એવું પણ કહેવામાં આવે છે કે 'ગઝલ' નામનો એક માણસ હતો. તેણે પોતાની આખી જિંદગી સ્ત્રીઓ જોડે મોજમઝા માણવામાં ગુજારેલી, તે ઉપરથી એવા મઝા વર્ણવનારા કાવ્યને 'ગઝલ' નામ અપાયેલું.

'ગઝલ'ની ફારસીમાં કાવ્યરચના કેવા પ્રકારની હોય છે, તે વિસ્તારથી અત્રે જણાવવાની જરૂર નથી; કારણ ગુજરાતી ભાષામાં લખાતી ગઝલો તે રચનાને વળગી રહી શકે તેમ નથી અને લેખકો તેને વળગી રહ્યા પણ નથી. એ કાવ્યની પાંચ, સત્તર યા ઓગણીસ બેતની સંખ્યા રાખવામાં આવે છે, અને દરેક બેતને બે મિસરા યા ચરણ હોય છે. આ ગઝલોના પ્રાસના અંત્યાક્ષર તરીકે ફારસી મૂળાક્ષરના જેટલા અક્ષર છે—જેવા કે

* 'ગુજરાતી સાહિત્યના વધુ માર્ગસૂચક સ્તંભો,' પૃષ્ઠ ૯૧, ૯૨, ૯૪, ૯૮.

004698

અલેફ, બે, પે, [illegible] ામાં આવે છે. પરંતુ આ પ્રકારની રચના ફારસી ને ઉર્દૂ ભાષાના મૂળાક્ષરને લગતી ખાસ છે, એટલે તે સંબંધે વિવેચનને ગુજરાતી ભાષામાં સ્થાન નથી. 'ગઝલ' લખનાર ઘણુંખરું પોતે કવિ તરીકે પસંદ કરેલું નામ (તખ-લ્લુસ) કાવ્યને છેડે આપે છે, પોતાનું ખરું નામ જણાવતો નથી.

આવી રીતે એક જ કવિને હાથે લખાયેલી ગઝલોના સમૂહ-ને 'દીવાન' કહે છે.

'ગઝલ'ના મૂળ એટલે ફારસી સાહિત્યમાં ગઝલના વસ્તુ સંબંધે નીચે મુજબ નિર્દેશ કરેલો છે.

પ્યાર, સૌંદર્ય, મનની વેદના, ઉન્મત્તતા વર્ણવતા શબ્દો, વિયોગને અંગે પડતાં દુઃખોની વિગત, પ્રેમનું રુદન, માશૂક જોડે એક થઇ જવા માટેની ફિકર, ગાલ પરના તલ તથા રૂંવાટાનાં વખાણ, માશૂક જોડે મુલાકાતની તીવ્ર ઇચ્છા, તેમજ સુખ–ચેનનો અભાવ, બેચેની, ઉજાગરો, અંતઃકરણ ખાળી નાંખે એવા નિઃશ્વાસ, દુઃખાર્તનાદ, રુદન, અશક્તિ અને શરીરના સુકાઇ જવાનું વર્ણન–એ સિવાય બીજું કાંઇ તેમાં હોવું જોઇએ નહિ. આ રીતે આશક–માશૂકના વિયોગની યાતના, માશૂકની પોતાના આશક તરફ બેપરવાઇ, આશકની માશૂક પ્રત્યે મિલન માટે આજીજી અને વિજ્ઞપ્તિ, કાલાવાલા–કે જેનો સેંકડે એક પણ વખતે સ્વીકાર થતો નથી, તે તેમાંથી નિર્દિષ્ટ થવું જોઈએ. આ ઉપરાંત મદ્ય–દારૂના ઉપાસકોનો–પીનારાઓનો–આનંદ, વસંત-ઋતુનું સૃષ્ટિસૌંદર્ય, ગુલાબ અને બીજાં ફૂલોથી ભરેલા બાગ અને તેમાં ગાયન કરતાં બુલબુલ વગેરેની શોભાનાં વર્ણન પણ તેનું સાધન ગણાય છે. છેવટ ડોળઘાલુ સંતો અને કહેવાતા સૂફી દર-વેશોનાં કારસ્તાન તથા ડોળ, તેમનાં પાખંડ ને દંભ, તેમનું બનાવટી અને કૃત્રિમ સાધુપણું–એને ઉઘાડા પાડવા તેમ જ તેવા ઇસમોને ચાબખા મારવા માટે પણ 'ગઝલ'નો ઉપયોગ થાય છે.

'ગઝલ'ની ખાસિયત એ છે કે દરેક બેતમાં ભિન્નભિન્ન ભાવના કે લાગણી દર્શાવાય છે: કોઈ એક અમુક વિચાર, ભાવ યા લાગણી એક જ બેતમાં સમાઇ જાય છે, તેની પછીની બેતમાં તેને ખેંચવામાં આવતી નથી; મતલબ કે આખી ગઝલ એક જ ભાવનું દર્શન કરાવતી નથી, પરંતુ તેમાં જુદીજુદી ભાવનાઓ એકત્ર થયેલી જોવામાં આવે છે. કોઇક જ વખત આ નિયમનું ઉલ્લંઘન થાય છે.

દયારામની ગરબીઓ ખુલ્લા શૃંગારથી ભરેલી હોવા છતાં તેમાં ભક્તિરસરૂપી ગૂઢ અર્થ સમાયેલો છે એવી દલીલ કરવામાં આવે છે. તેજ ધોરણે 'ગઝલો'ના ખુલ્લા વસ્તુને, દારૂના પીઠાને, દારૂની પ્યાલી ભરી આપનાર સાકીને, માશૂક જોડેના મિલન-વસ્લને, ખુદ માશૂકને-સૂફીવાદના ગૂઢ તત્ત્વજ્ઞાનનું માર્મિક ધોરણ-એ વાદના સિદ્ધાંતો-ધ્યાનમાં રાખી, તે ધોરણે—તે સિદ્ધાંતો વડે—તેની કદર કરી તેના ઉઘાડા-કેટલીક વખતે તો અશ્લીલ—સ્વરૂપને ઢાંકવું અને તેનો માત્ર ગૂઢ અર્થ જ કરવો એવું પ્રમાણ લાંબા કાળથી પેશ કરવામાં આવ્યું છે, ને તે માન્ય પણ રહ્યું છે, એમ કહેવું ખોટું નથી.

એ સૂફીવાદ—યા પ્રેમના તત્ત્વજ્ઞાનની સાંકળનો પહેલો અંકોડો એ છે કે, ખરા આશક અને માશૂક વચ્ચે કશી ભિન્નતા નથી, તેઓ એક જ છે. માશૂક એટલે પ્રિયા એટલે પ્રભુ. એ પ્રભુમાં લીન થઈ જવું, તેમની જોડે (વસ્લ) એકતા સાધવી એ મુમુક્ષુનો ધર્મ છે. એ એકતા, ભિન્નતાનો અભાવ કેવી રીતે મેળવાય, તે રસ્તો દિલ્લીના પ્રખ્યાત કવિ અમીર ખુસરૂએ નીચેની સાદી ને સરળ બેતોમાં આમ બતાવ્યો છે.:

મન્ તો શુદમ, તો મન્ શુદી,
મન્ તન્ શુદમ, તો જાન્ શુદી;
તા કસ નગૂયદ બાદ અઝ્ ઇન
મન દીગરમ્ તો દીગરી.

હું તું થઇ ગયો, તું હું થઇ ગઇ,
હું શરીર (તન) છું, તું જીવ (જાન) છે,
કે જેથી હવે પછી કોઇ એમ ન કહે,
કે હું તારાથી ભિન્ન છું કે તું મારાથી ભિન્ન છે.

આપણે જેને પ્રેમલક્ષણા ભક્તિ કહીએ છીએ, જેને પ્રેમના તત્ત્વજ્ઞાન તરીકે ઓળખીએ છીએ–એ ભક્તિ અને એ તત્ત્વજ્ઞાન તથા સૂફીવાદની ભક્તિ તથા તેના તત્ત્વજ્ઞાન વચ્ચે સામ્ય છે; તે બન્ને લગભગ એક જ છે, એમ કહેવાને એ વિષયમાં બહુ ઊંડા ઊતરવાની જરૂર નથી. આપણી વેદાંતફિલસૂફી જે અભેદ-સાક્ષાત્કારત્વનો અનુભવ મેળવવા મુમુક્ષુને પ્રેરે છે, તેવી જ જાતની એકતા (વસ્લ) પ્રાપ્ત કરવા સૂફીવાદનો અનુયાયી મથે છે.

અને એ વિષય ઘણો અટપટો છે. આમવર્ગને, સાધારણ જનતાને, સસ્તા સાહિત્યની સંસ્થામાંથી પ્રસિદ્ધ થતા ગ્રંથો જેમને માટે પ્રસિદ્ધ થાય છે, તે ગ્રંથો વાંચનારની મોટી સંખ્યાને એ કૂટ વિષયમાં રસ ભાગ્યેજ પડે; એવા સબબને લીધે તે સંબંધે વિસ્તારથી અત્રે ચર્ચામાં ઊતરવું યોગ્ય નથી એમ સમજી વધારે વિવેચન કર્યું નથી. છતાં પણ જેને એ વિષયમાં રસ હોય, તેઓ જો આ સાથે આપેલી પુસ્તકોની યાદીમાંથી ફૂદડીવાળાં પુસ્તકો જોશે તો તેમાંથી તેમને ઘણું જાણવાનું મળશે.

અરબ્બી યા ફારસી ગઝલોમાં આવતો માશૂક શબ્દ નારીજાતિમાં નહિ પણ નર જાતિમાં સમજવાનો છે એવો કેટલાકનો મત છે, તેનાં બે કારણ છે. એક તો એ દેશોમાં (અને ઉત્તર હિંદુસ્તાનમાં પણ કેટલેક દરજ્જે) ખૂબસૂરત છોકરાઓ અને જેને મૂછનો દોરો—રૂંવાટાં ફૂટતાં હોય તેવા યુવકો તરફ તેમનાથી મોટી ઉમરનાઓનું આકર્ષણ વધારે પડતું જોવામાં આવે છે તે, અને બીજું એ કે માશૂક એ શબ્દ સ્ત્રીજાતિવાચક નથી. સ્ત્રીજાતિવાચક શબ્દ માશૂકે અથવા માશૂકા છે. પરંતુ બીજી

તરફ એ હકીકત પણ ધ્યાનબહાર રખાય નહિ કે જ્યાં લયલા-મજનૂન, શીરીન-ફરહાદ, યૂસુફ-ઝુલેખા, જેવાં યુગલોનાં પ્રેમ-કાવ્યો લખાયાં છે, ત્યાં પણ પ્રિયા માટે માશૂક શબ્દ જ વપરાયો છે, અને વસ્તુત: આશકોને પરદો પાળતી-બુરખો પહેરતી પ્રિયાઓ (માશૂકો)ની ગલીઓમાં જ પ્રવેશ કરવાની તાલાવેલી લાગી રહે છે: ખુલ્લે છોગે ફરતા છોકરાઓ કે યુવકો સંબંધે એ રૂપક લાગુ પાડી શકાય નહિ.

ગુજરાતી સાહિત્યમાં લખાયેલી ગઝલોનો મોટો ભાગ કેવળ ફારસી શબ્દોનો આડંબર, વગર સમજે તેનો ઉપયોગ, ઉપરછલ્લી માહિતી પરથી એ જાતનું કાવ્ય લખવા માટે આદરેલા સાહસ વગેરે દૂષણોથી પૂર્ણ છે. ફારસી, ઉર્દૂના ગાઢ અભ્યાસ વિના તેનું રહસ્ય પકડવું કઠિન છે. તેથી જે થોડાઘણા કવિઓ તે રહસ્ય પ્રાપ્ત કરી મુસ્લિમ સાહિત્યના આ એક ઘણા કીમતી અંગને આપણા સાહિત્યમાં અપનાવી શકયા છે તેમને ખરેખર ધન્યવાદ ઘટે છે. અન્ય લેખકો તે પરથી ધડો લે તો તે ધડો લેવાની ઘણી જરૂર છે.

મુંબઈ,
તા. ૧૭મી જૂન, સને ૧૯૪૩ } **કૃષ્ણલાલ મોહનલાલ ઝવેરી**

## પ્રસ્તાવના સંબંધે જોયેલાં પુસ્તકો


૧ **આયને-ઈ-અકબરી, વૉ. ૧,** બ્લોકમૅન (૧૮૭૩)
*૨ **દયારામ અને હાફેઝ** કૃષ્ણલાલ એમ. ઝવેરી (૧૯૦૧)
૩ **પર્શિયન પ્રોઝોડી વિથ ફિગર્સ ઑફ સ્પીચ** કૃષ્ણલાલ એમ. ઝવેરી (૧૯૨૨)
૪ **ગુજરાતી સાહિત્યના વધુ માર્ગસૂચક સ્તંભો** કૃષ્ણલાલ એમ. ઝવેરી, બીજી આવૃત્તિ (૧૯૩૦)
*૫ **શ્રીકલાપીનો કેકારવ** ટીકાકાર શ્રીસાગર (૧૮૯૭)
*૬ **દીવાને સાગર : દફતર ૧-૨** સાગર (૧૯૧૬-૧૯૩૬)
*૭ **ગુજરાતી ગઝલિસ્તાન,** સાગર (૧૯૧૩)
*૮ **ક્લાન્ત કવિ** (ખાસ 'બાલનંદિની', પૃષ્ઠ ૪૦૮-૪૪૦) ઉમાશંકર જોષી (૧૯૪૨)

# જાહેર નિવેદન

પુસ્તકપ્રકાશનનું કામ લડાઇને લીધે કેટલું મુશ્કેલ થઈ પડ્યું છે, તેનો ખ્યાલ વાચકવર્ગને આવી શકશે નહિ. નફો રાખીને તો આ સંસ્થા સાધારણ સમયે પણ કામ નહોતી કરતી, તો હવે લડાઈના ચોથા વર્ષમાં નુકસાન ખમીને જ આર્યસંસ્કૃતિનો નિર્મળ જ્ઞાનપ્રવાહ વહેતો રાખવાનો રહ્યો. **પૂજ્ય સ્વામી શ્રીઅખંડાનંદની** કૃપાથી આ શુભકાર્ય ચાલુ રાખવાનો દરેક પ્રયત્ન ટ્રસ્ટીઓ કરશે. પાંત્રીશ વર્ષમાં ખસોપચાસ સારાં પુસ્તકો ગુજરાતને બહુ સસ્તી કિંમતે આ સંસ્થાએ આપ્યાં છે. એટલે આ સંસ્થા તરફ વાચકવર્ગની દિલસોજી અને ભલી લાગણી ખેંચાઈ છે. પણ હવે પછી એક ખુલાસો કરવાની જરૂર છે. **સૌથી સસ્તું પુસ્તક જોઈતું હોય, તેમણે 'વિવિધ ગ્રંથમાળા'ના ગ્રાહક થઇ જવાની જરૂર છે.** પાંચ રૂપિયામાંથી સવા રૂપિયો પોસ્ટનો જતાં ત્રણ રૂપિયા બાર આનામાં જૂનાં છાપાં પણ ન મળે, તેટલા ઓછા ભાવે આ સંસ્થા મજબૂત બાંધણીનાં ઊંચામાં ઊંચાં પુસ્તકો હજી આપે છે. ગુજરાતની પ્રજા તેનો લાભ ભલે મેળવે. જે પુસ્તકો સિલકમાં છે, તે કદી પણ ફરી છાપીને વેચી શકાય નહિ, તેવી સસ્તી કિંમતે અપાય છે. આ જાહેર સંસ્થાદ્વારા લોકોને ભલે ફાયદો થાય, એ નજરથી જ્યાં સુધી બની શકશે ત્યાં સુધી તેમ કરવામાં આવશે. હાલ નવાં છપાતાં પુસ્તકોની છૂટક કિંમત અગાઉના ધોરણ કરતાં થોડીક વધુ રાખવી પડે છે, તેનો ય અમને અફસોસ છે. પણ આમાં કોઈ ઉપાય નથી. જેને સસ્તું મેળવવું હોય, તેણે ગ્રંથમાળાના ઘરાક થઈ જવું એ જ સારું છે. કારણ કે તેના લવાજમમાં વધારો કર્યો નથી, તેમજ તેમ કરવાનો ઇરાદો પણ નથી. 'વિવિધ ગ્રંથમાળા'ના ગ્રાહકોને અને છૂટક લેનાર બન્નેને જેવો લાભ લડાઈ પહેલાં મળતો હતો, તેવો હવે નવાં પ્રકાશિત થયેલાં પુસ્તકોમાં છૂટક લેનારને મળશે નહિ, માટે જ આવી સૂચના કરવામાં આવી છે.

મુંબઈ
તા. ૨-૭-૪૩

સસ્તું સાહિત્ય મુદ્રણાલયના ટ્રસ્ટીઓ વતી
**મનુ સુબેદાર** (પ્રમુખ)

# અનુક્રમણિકા


| ક્રમાંક | | કર્તા | પૃષ્ઠાંક |
|---|---|---|---|
| ૧ | ચંદા ... ... ... | નર્મદાશંકર | ૧૭ |
| ૨ | દીઠી નહીં !... ... ... | બાલાશંકર | ૧૭ |
| ૩ | ખબર લે ... ... ... | ,, | ૧૯ |
| ૪ | પ્રિયદર્શન ... ... ... | ,, | ૨૦ |
| ૫ | બેકદર દુનિયા ... ... | ,, | ૨૨ |
| ૬ | જિગરનો યાર ... ... | ,, | ૨૩ |
| ૭ | કટાક્ષ ... ... ... | ,, | ૨૪ |
| ૮ | દરકાર ... ... ... | ,, | ૨૫ |
| ૯ | અગર તે યાર શિરાઝી ! ... | ,, | ૨૭ |
| ૧૦ | સલામતી ... ... ... | ,, | ૨૮ |
| ૧૧ | નાદાન ખુલખુલ ... ... | ,, | ૨૯ |
| ૧૨ | માયાનો પ્રેમરૂપે બ્રહ્મભાવ | મણિલાલ દ્વિવેદી | ૩૧ |
| ૧૩ | અમર આશા ... ... | ,, | ૩૧ |
| ૧૪ | એ કોણ છે ? ... ... | ,, | ૩૨ |
| ૧૫ | નિરાશા એ જ છે આશા ... | ,, | ૩૩ |
| ૧૬ | કિસ્મત ... ... ... | ,, | ૩૪ |
| ૧૭ | કષાયોર્મિ ... ... ... | ,, | ૩૫ |
| ૧૮ | સ્વરૂપોર્મિ ... ... | ,, | ૩૬ |
| ૧૯ | સરસ્વતીચંદ્રનો ત્યાગ ... | ગોવર્ધનરામ | ૩૭ |
| ૨૦ | સરસ્વતીચંદ્રનો સ્નેહ ... | ,, | ૪૦ |
| ૨૧ | અમારા રાહ ... ... | કલાપી | ૪૩ |

| | | | |
|---|---|---|---|
| ૨૨ | ફરિયાદ શાની છે ? ... ... | કલાપી | ૪૫ |
| ૨૩ | અમારી ગુનેહગારી ... ... | ,, | ૪૬ |
| ૨૪ | ત્યાગ ... ... ... | ,, | ૪૮ |
| ૨૫ | સનમને સવાલ ... ... | ,, | ૪૯ |
| ૨૬ | સાકીને ઠપકો ... ... | ,, | ૪૯ |
| ૨૭ | સનમની શોધ ... ... | ,, | ૫૧ |
| ૨૮ | હું ખાવરો ... ... ... | ,, | ૫૨ |
| ૨૯ | આપની યાદી ... ... | ,, | ૫૩ |
| ૩૦ | અમારી પિછાન ... ... | ,, | ૫૪ |
| ૩૧ | ઈશ્કના ખન્દો ... ... | ,, | ૫૫ |
| ૩૨ | પ્રેમથી તું શું ડરે ? ... ... | ,, | ૫૭ |
| ૩૩ | આપની રહેમ ... ... | ,, | ૫૯ |
| ૩૪ | તમારી રાહ... ... ... | ,, | ૬૦ |
| ૩૫ | શરાબનો ઈનકાર ... ... | ,, | ૬૧ |
| ૩૬ | અમારી મસ્ત ફકીરી... ... | ,, | ૬૩ |
| ૩૭ | પ્રેમનિવેદન ... ... ... | દેરાસરી | ૬૪ |
| ૩૮ | પ્રેમધર્માંગીકાર ... ... | ,, | ૬૬ |
| ૩૯ | પ્રેમીને ઠપકો ... ... | ,, | ૬૮ |
| ૪૦ | પ્રેમીની તલ્લીનતા ... ... | ,, | ૬૯ |
| ૪૧ | ગઈ કયાં પ્રેમની પ્યાલી ? ... | ,, | ૬૯ |
| ૪૨ | પ્રેમની બેપરવાઈ ... ... | ,, | ૭૦ |
| ૪૩ | પ્રેમીની પ્રણયઘોષણા... ... | ,, | ૭૧ |
| ૪૪ | સનમની નિગાહ ... ... | ,, | ૭૨ |
| ૪૫ | કાફી છે ... ... ... | ,, | ૭૨ |
| ૪૬ | આત્મજ્ઞાન ... ... ... | કાન્ત | ૭૩ |

| | | | |
|---|---|---|---|
| ૪૭ | ચન્દાને સંબોધન ... ... | કાન્ત | ૭૪ |
| ૪૮ | મારી કિસ્તી... ... ... | ,, | ૭૪ |
| ૪૯ | મનોહર મૂર્તિ ... ... | ,, | ૭૫ |
| ૫૦ | આપણી રાત ... ... | ,, | ૭૬ |
| ૫૧ | મજા ક્યાં છે ? ... ... | લલિત | ૭૭ |
| ૫૨ | રસહેલ ... ... ... | ખબરદાર | ૭૯ |
| ૫૩ | જીવનઘાટના ઘા ... ... | ,, | ૮૦ |
| ૫૪ | ઇલ્મિમક્કાનો હાજી ... ... | ,, | ૮૨ |
| ૫૫ | પ્રાર્થના ... ... ... | ,, | ૮૨ |
| ૫૬ | હાલ અબતર છે ... | અમૃત કે. નાયક | ૮૪ |
| ૫૭ | કરું કે ન કરું ? ... ... | ,, | ૮૫ |
| ૫૮ | બળે છે ! ... ... ... | ,, | ૮૬ |
| ૫૯ | એકરારનામું ... ... | મસ્તાન | ૮૬ |
| ૬૦ | સખે ! ભૂલો પડ્યો હું તો ! ... | ,, | ૮૮ |
| ૬૧ | સુંદિર મુખડું આપનું... ... | ,, | ૯૦ |
| ૬૨ | નસીબ આજરાત ... ... | ,, | ૯૦ |
| ૬૩ | અદાવતમાં મહોબ્બત ... | દીવાનો | ૯૧ |
| ૬૪ | એકના વિના ... ... | ,, | ૯૨ |
| ૬૫ | પ્રેમની ઘેલાઈ ... ... | ,, | ૯૨ |
| ૬૬ | પ્રેમ અને સત્કાર | દા. ખુ. બોટાદકર | ૯૩ |
| ૬૭ | તરુણા તરલાનું પ્રેમગાન | નારાયણ વિસનજી ઠક્કુર | ૯૫ |
| ૬૮ | સનમને સવાલ ... ... | સાગર | ૯૫ |
| ૬૯ | દરગાહ બસ મુજ કત્લગાહ ... | ,, | ૯૭ |
| ૭૦ | જોગીની ગઝલ ... ... | ,, | ૯૯ |
| ૭૧ | મારી સનમ... ... ... | ,, | ૧૦૨ |

સરકારી તાલુકા પુસ્તકાલય


| | | | |
|---|---|---|---|
| ૭૨ | નિજાનંદ ... ... | રંગ અવધૂત | ૧૦૭ |
| ૭૩ | જુદો છે ! ... ... ... | ફકીર | ૧૦૮ |
| ૭૪ | ગઝલરૂપ ! ... ... ... | ,, | ૧૦૯ |
| ૭૫ | પ્રકાશ દેજે ! ... ... | ,, | ૧૦૯ |
| ૭૬ | તું સુખી મારા વાસમાં ? | 'બદરી' કાચવાળા | ૧૧૦ |
| ૭૭ | રુબાઈ | ખ્વાજા ભક્ત સત્તારશાહ નિઝામી | ૧૧૧ |
| ૭૮ | દિલરુબાના હાથમાં ... ... | 'મુહિબ' | ૧૧૨ |
| ૭૯ | ખપના દિલાસા શા ?... ... | પતીલ | ૧૧૩ |
| ૮૦ | છેલ્લો આશરો ... ... | ,, | ૧૧૪ |
| ૮૧ | ખુદાનો બંદો ... ... | ,, | ૧૧૪ |
| ૮૨ | દિલબરની પાની હો... ... | શયદા | ૧૧૬ |
| ૮૩ | ઝખ્મો હસ્યા કરે છે... ... | ,, | ૧૧૭ |
| ૮૪ | આંખડી ભરી જોયું !... ... | નસીમ | ૧૧૮ |
| ૮૫ | બનાવી જા .. ... | 'આસિમ' રાંદેરી | ૧૧૯ |
| ૮૬ | સનાતન 'થી' ... ... | ,, | ૧૨૦ |
| ૮૭ | વાત શું જાણે ? ... ... | ,, | ૧૨૧ |
| ૮૮ | મલકાય છે... ... ... | સાબિર | ૧૨૨ |
| ૮૯ | સર્વદા લેજે... ... ... | સગીર | ૧૨૨ |
| | પરિશિષ્ટ ... ... | 'સાગર' | ૧૨૫ |

# શુદ્ધિપત્ર

| પૃષ્ઠ | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧૯ | ૭ | જીગરખ્વારની | જિગરખ્વાબની |
| ૪૨ | ૩ | હૃદય ફળમાં જ | હૃદયફળ ! માં જ |
| ૪૮ | ૭ | દીવાલો | દિવાલો |
| ૬૩ | ૧૭ | શૈય્યા | શય્યા |
| ૭૮ | ૭ | પ્રસૂતિ વેદના | પ્રસૂતિવેદના |
| ૭૮ | ૨૦ | દીલડું | દિલડું |
| ૮૭ | ૨૦ | તૂં | તું |
| ૮૯ | ૧૮ | હૂં | હું |
| ૯૦ | ૨ | હૂં | હું |
| ૯૯ | ૧૧ | દરગાર | દરગાહ |
| ૧૨૫ | ૩ | વિપય | વિષય |
| ૧૩૫ | ૧૫ | તરી કે | તરીકે |
| ૧૭૧ | ૧૯ | ગુલઝર | ગુલઝાર |
| ૧૭૬ | ૮ | એ,' | એ.' |

# ગુજરાતની ગઝલો

## નર્મદાશંકર

### ૧ : ચંદા

આહા ! પૂરી ખીલી ચંદા, શીતળ માધુરી છે સુખકંદા;
પાણી પર તે રહી પસરી, રૂડી આવે લહેર મંદા. આહા૦
શશી લીટી રૂડી ચળકે, વીળે હીલે તે આનંદા. આહા૦
ઊંચે ભૂરું દીપે આસમાન, વચ્ચે ચંદા તે સ્વચ્છંદા. આહા૦
નીચે ગોરી ઠરે નેનાં, રસે ડૂબ્યા નરમદ બંદા. આહા૦

## બાલાશંકર

### ૨ : દીઠી નહીં !

બલિહારી તારા અંગની, ચંબેલીમાં દીઠી નહીં;
સખ્તાઈ તારા દિલની, મેં વજ્રમાં દીઠી નહીં.
મન માહરું એવું કૂંળું, પુષ્પપ્રહાર સહે નહીં;
પણ હાય ! તારે દિલ દયા, મેં તો જરા દીઠી નહીં.

એક દિન તે અલકાવલીમાં, દીઠી'તી મુખની છબી;
પણ ગુમ થઈ ગૈ તે ગુમાની, ત્યારથી દીઠી નહીં.
એ કંઈ જરા કર શોચ કે, મારી ઉપર શાને ગુમાન?
મેં દેહ અર્પ્યો તોય પણ, દિલદારને દીઠી નહીં.
ગુમ્માની નુખરાબાજ ગોરી સુન્દરીઓ મન હરે;
પણ કોઇએ એ યાર સમ, તુજ સુન્દરી દીઠી નહીં.
એ! વીર! વિરહી ખોળવા, તુજને જગત કંઈકંઈ ભમ્યો;
ગિરિવર ગુહા કે કુંજકુંજે, તોય મેં દીઠી નહીં.
બાગમાં અનુરાગમાં, કે પુષ્પના મેદાનમાં;
ખોળી તને આતુર આંખે, તોય મેં દીઠી નહીં.
સરખાવી તારું તંન મેં, ખોળી ચમેલી વંનમાં;
પણ હાય! ખૂબી આજની, કરમાઇ! કાલ દીઠી નહીં.
તું તો સદા નૂતન અને આખું જગત નિત્યે જૂનું;
મિથ્યા પ્રપંચે કયાં થકી તું! તેથી મેં દીઠી નહીં.
તું તો ખરી જ્યાં પ્રેમ પૂરણ, પ્રેમીનાં કાળજ બળે;
એવી દયા તો એ! ગુમાની! મેં કહીં દીઠી નહીં.
મુખચંદ્રમાં મેં દીઠી છે આખી છબી આ જગતની;
પણ આંખડી મુજમાં વસી તું, તેથી મેં દીઠી નહીં.
એ! કાળજાની કોર કાં કાપે હવે તો થઈ ચૂકી;
મેં તો પ્રથમ કાપ્યું સુપ્રેમે, તોય મેં દીઠી નહીં.
કોઈ દેવ આવી કાનમાં, દે છે શિખામણ પાંસરી;
આ જગતની જંજાળમાં, ચતુરાઇ તો દીઠી નહીં.

જ્યાં પ્રેમ મારો જળહળે, ત્યાં તેં દીધો બદલો ખરો!
તો આ જગત છોડ્યા વિના, યુક્તિ બીજી દીઠી નહીં.
એક દિન મળશે તે અધરસુધા સબૂરી બાલ! ધર;
હા! એ બધું એ છે ખરું, પણ હાલ તો દીઠી નહીં.

## ૩ : ખબર લે

ઉતાર ના કંઈ પ્યાર એ, દિલદાર સબર લે;
ગમખ્વાર જીગરખ્વારની, કંઈ યાર ખબર લે.
ગુલિસ્તાનમાં હેરાન છે, મસ્તાન આ બુલબુલ;
ભરપ્યાર નથી યાર, વફાદાર ખબર લે.
સમશાન સમું ભાન, જગત ધ્યાન છૂટિયું;
હુશિયાર છું હુશિયાર, સમજદાર ખબર લે.
તુજ વાન ગોરે ધ્યાન છે, મન માનમાં હવે;
પરકાર છે દિલ યાર, ખબરદાર ખબર લે.
કરું ગાન ગોરું વાન, ઘૂંઘટમાં ન રાખીએ;
પુરવાર કરું પ્યાર, નિગહદાર ખબર લે.
મન માનતું નથી માનતું, નથી ભાનમાં નહીં;
ગુલઝાર અલક તારમાં, સરદાર ખબર લે.
મહેમાન કર્યો માનથી, અહેસાન છે દિલે;
તુજ પ્યારનો છું યાર, કરજદાર ખબર લે.
નિશિમાન અર્ધવાન, તારું ગાન ગાઈને;
વહી ધાર આંસુ સાર, વારવાર ખબર લે.
પટ અંચળે મુખ ચંચળે, સુદગંચલેથી છું;
દિલદાર ગિરફતાર, ગિરફતાર ખબર લે.

રહે સ્વાર્થ ના પરાર્થની, બળજો જુગારી પ્રીત;
સહુ જાર છે સહુ જાર, વખ્ત હજાર ખબર લે.
કરી પ્રેમ કશો નેમ, ઉરે કેમ ધારિયે;
કરનાર સુગમ પ્યાર, બેશુમાર ખબર લે.
પિયુને સુખે સુખને, દુખે દુખને ન જે ગણે;
નથી પ્યાર કુલાચાર સમજનાર ખબર લે.
મુજ ઉરનાં ભરપૂર, આંસુપૂરને હસે;
સરદાર પુર ગમારના, સરદાર ખબર લે.
રસનો વિજોગી ભોગી, રોગી પ્રેમપંથનો;
રસ સારના રમનાર, પ્રાણાધાર ખબર લે.
ગતિ ન્યારીથી વિહારી રહ્યો હારી હારી બાલ;
લાચાર છું લાચાર, જુલમગાર ખબર લે.

## ૪ : પ્રિયદર્શન

આજ ઝાંખી થઈ કાંઈ યારની છે હરી હરી;
મતિ આંખડી જાદુગારિયે છે હરી હરી.
નિર્મળ તને પરિમલ બહેકી ઊડે ગગન;
ખુશબો ઇરમ ગુલઝારની છે હરી હરી.
મદિરા થકી મદમસ્ત મ્હાલતી માનની;
કરમાં સુરાહી શરાબની છે ધરી ધરી.
ચંદ્રચાલ પર કુરબાન ચારુ ચકોરવત;
પ્યારીને પદેપદ મેં ગતિ છે કરી કરી.

અહા ! માન મૂકી ગુમાનીએ મીઠી આંખથી;
દિલમાં કંઈ ફરિયાદ મારી ધરી ધરી.
શતકોટિ ઉજ્જવલ ચંદ્રશે ગોરે હાથથી;
ભરી પ્યાલી મસ્ત કલાલીએ રે ધરી ધરી.
અહાહા ! પડી પરછાંહી ગોરી હથેળીમાં;
કોટિ સ્વર્ગની ઝલકાઈ આંખ ઠરી ઠરી.
કંઈ કરોડ ખાલી કરી દુકાન શરાબીની;
સૂધ પ્યારીની એક પ્યાલીએ છે હરી હરી.
કોણ નિંદશે મદિરા મહારા મસ્તને;
મઝા કાંઈ જેણે લગાર એની કરી કરી.
મુજને કહે છે સજન શિખામણ મસ્તીની;
મુજ પંથમાં ગતિ મસ્તની છે ખરી ખરી.
ચંદ્ર ઊગતે અવધિ કરી મળવા તણી;
કયારે ચંદ્ર તેહ ઉગાડશે રે હરી હરી?
ખુશ અવાજ કરતું શિરે માહરે ઊડે હુમા;
આજની નિશા પ્રિયા સંગ નક્કી ઠરી ઠરી.
આજની નિશા હરિ જો કરે કે ખૂટે નહીં;
ત્રિજગત ચઢાવું એ આખડી મેં ધરી ધરી.
રહું હું નિરંતર રંગ પ્યારીની સંગમાં;
નીરખું નયનભર મૂર્તિ મોક્ષ ભરી ભરી.
કવિતા કરી કહી બાલે તાનથી પ્યારીએ;
ખુશ થઇ શીતળ ગોરી બાંહ કંઠ ધરી ધરી.

## ૫ : બેકદર દુનિયા

અહીં બેકદર દુનિયા તણી દરકાર નહિ હમ મસ્તને !
ફરીએ ચહે દિલ ત્યાં અને દિલ ચહાય તે કરીએ અમે !
ગમી બેકદર અમીરી તને ! જો ઇશ્કિ આ આલમ તણી,
અમને ગમી તો ફકીરી આ પ્યારી ખલક ખાવિન્દની.
અમીરી મુબારક રહો તને અમને ફકીરી અમારી આ !
તુજને ગુમાન અમીરીનું ! મસ્તી ફકીરીની ઔર હૈ !
મહેલો ઊંચા વસવા તને ! આલમ બધી માલેકની
હાજર સદા વસવા અને ફરવા અમો આ ફકીરને !
માશૂક તારી બેકદર ભરી ઇશ્કની ખારાઈથી,
આ સનમતણી દિલદારીમાં હમ જાન આ કુરબાન હૈ !
થાયે ખુશી જે તું જોઇને તેને અમે હસીએ ફકીર,
હસું જો હમારી ફકીરી તું ઓ અમીર અહીં આ વખતના !
મોતી હીરા ગમતા તને ઉમદા નવા પોષાક ને !
લઈ ખાક ખુદાના નામની દિલ ચોળી જો પાગલ હમે.
સારંગીઓના સૂરથી ગુલતાન જો ઇશ્ક ગાનમાં !
ફેરી અમારી આલેકનીમાં મસ્તનો હમ ગંવાર હૈ.
પી પી તું પ્યાલાં શરાબનાં, માશૂકને હાથે અમીર,
પળભર કદી સુખ ભોગવે એ કેફની ઘેલાઇએ.
તો જો પીએ ઉસ્તાદના આ હાથનો પ્યાલો મીઠો !
લહેજત હવે લઇશું અમે ઉમદા અમર એ કેફમેં !
બેદિલ તું દોસ્તોની યારીમાં મગરૂર રહેજે બેકદર !
સાહેબ અમારા દોસ્તને મગરૂર હમ એ યારીમેં !

તાલુકા પુસ્તકાલય

## ૬ : જિગરનો યાર

જિગરનો યાર જુદો તો, બધો સંસાર જુદો છે;
બધા સંસારથી એ યાર, બેદરકાર જુદો છે.
અરે શું જાણશે લઝુત, પવિત્રીમાં પડી રહેતાં;
પ્રિયાની પ્યાલીની મસ્તી તણો કંઈ બ્હાર જુદો છે.
ગણું ના રાવ રાયાને, ગણું ના આખી દુનિયાને;
પરંતુ જાન આ પર પ્યારીનો, અખત્યાર જુદો છે.
હજારો બોધ મંદિરો મહીં નિત્યે ભલે થાજો;
અમો મસ્તાનના ઉસ્તાદનો દરબાર જુદો છે.
નથી તુજ બાપ માર્યો મેં, અરે મૂર્ખા કહાં નિંદે;
સમજ રે બેસમજ કે, પ્રેમીનો આચાર જુદો છે.
બધા પરકાર તોફાને થઈ ચંચળ ચૂકે નિશાન;
અમારા ચિત્તનો ચારુ અચળ પરકાર જુદો છે.
લીધો જે પંથ તે હું કેમ ત્યાગું છો ભર્યો દુઃખે;
પ્રિયાનો માહરી ગરદન ઉપર તો આ ભાર જુદો છે.
ઘડીભર બેશ બતલાવું શિખાવું પ્રેમનો જાદૂ;
અમો જાદૂગરોનો યાર, જો બાઝાર જુદો છે.
શીખે જો પ્રેમ પૂરો તો જ અચળ અભેદ પામે તું;
નથી ત્યાં પ્રેમ જ્યાં છે ભેદ, એ વ્યવહાર જુદો છે.
થશે શ્રીમંત ઇન્દ્રાદિ થકી, મુજ પંથ પર જાશે;
અરે એ કીમિયાનો યાર, જો કંઈ બહાર જુદો છે.
કરું શું મોતીમાલા હું? અનુપમ મારી પ્યારીએ,
કર્યો નક્ષત્રનો મારે ગળે શણગાર જુદો છે.

ભલે છો માહરા પંથે બધા એ દુઃખને દેખે;
મને તો સુખસાગર લહેરીનો કંઈ બહાર જુદો છે.
થયો જે પ્રેમમાં પૂરો, થયો છે મુક્ત સર્વેથી;
મહા મસ્તાન જ્ઞાનીના મગજમાં તાર જુદો છે.
નજર મારી પ્રિયા વિના, ન દેખે જગત આખે;
બીજાના બંધકારી પ્રેમનો તો જાર જુદો છે.
ગુરુઆદેશ છે અમને, અવળ પંથે પળ્યા જઇએ;
દુનિયાથી પછી આ બાલ બેદરકાર જુદો છે.

## ૭ : કટાક્ષ

મધુર મધુરી આંખડીની કટાક્ષ તે ક્યમ વીસરે?
તે પૂર દગલબાજી ભરી, ભર વ્યંજના કયમ વીસરે?
રમવા કરી'તી આશ તુજ, મૃદુ ગૌર બાહુબંધમાં,
દરિયાઈ મોજે રડવડ્યો હું, દુ.ખ તે કયમ વીસરે?
અંતર પડેલા દાહ પર, દુશ્મન લગાડે લૂણને,
તવ પ્રેમનાં બાધક કરે, દુખ હાય! તે ક્યમ વીસરે?
સર્વાંગ કોમળ કુસુમ લજવે, એહવાં તારાં લસે,
પણ અંતરે પથ્થર સમી, પ્રિય પીડ તે ક્યમ વીસરે?
મુજ દુઃખનો વિશ્રામ વહાલી, મેં ધર્યો મુખપંકજે,
મૂક થઈ ગયો ભોગી ભ્રમર હું, બંધ તે ક્યમ વીસરે?
તુજ કાજ બંધન બેડીના, કરું બંધ એક્કેકે જુદા,
પણ એક તૂટતાં સાત સંધાયે, કહો કેમ વીસરે?
શાને ધરું ના માન જ્યારે, માની તું થઈ નીવડે,
પણ નજર ગુસ્સાબાજના, રસભાવ તે કયમ વીસરે?

સરકારી તાલુકા પુસ્ત

લઈ સ્કંધ પર વીણા મધુરી, ગાઉં તારાં બિરદ હું,
પણ જીવ ચહે અમૃત અધરના, ઘૂંટડા ક્યમ વીસરે?
સુંદર મનોહર પ્રેમના, નિર્મળ ઝરામાં નાહીને,
નાહ્યો જગતને તુજ માટે, ટેક તે ક્યમ વીસરે?
છૂટી છૂટી પડી કર્પૂર ગૌર કપોલ પર અલકાવલી,
રૂપ નાગણી અંતર ડશી, દુખદંશ તે ક્યમ વીસરે?
બતલાવું પ્રાણ! ઉપાય, ઘાયલ પ્રેમી કેરા વેદનો,
કરી પાશ કંઠ દશ્યા વિના, ચિત્ત ઝેર તે ક્યમ વીસરે?
કામી વિચાર કરે કરોડો, ચિત તથાપિ શું કરે,
પણ પ્રેમીની પળ પળ કદાપિ દુઃખથી ક્યમ વીસરે?
આવી લહર સુગંધી લહેરાતી સુગંધી અલકથી,
પેગામ આપે પણ નહિ તું, ચિત્ત તે ક્યમ વીસરે?
અંતર રુધિર રુશનાઈએ, લખું લેખ નભપાટી ઉપર,
પ્રેમી તણા બહુ રંગ તે, શૂન્યાત્મમાં ક્યમ વીસરે?
શાણા સનેહીનો સનેહી, મસ્તમાં મસ્તાન **બાલ**,
વીસરે ક્યમ વીસરે, તવ મધુર મુખ ક્યમ વીસરે?

## ૮ : દરકાર

હું કરું છું યાર યાર યારને ના દરકાર લગાર;
ખ્વાર છું ભરપ્યારમાં યાર ન ઈન્તિજાર લગાર.
ઘડી ખફા ઘડી ખુશી ઘડીક ગુમાની મિજાજ,
મરજી તમારી સાચવ્યે છું યાર ન કરજદાર લગાર.
હજાર ગુલેલાલા લઈ આવીને બતલાવશો,
રંગ આ દિલ દાગનો યાર નહિ ગુલઝાર લગાર.

મહાલક્ષ્મી મુકુટ મરકત કરવા ચહે મુજ મન,
દરકાર નથી કાંઇ થશો યાર ન દગાદાર લગાર.
મન કીર અલકજાળમાં ફસિયું ગતિ કશી?
લઇ દામ નિપટમાં કરે યાર ન સારવાર લગાર.
યાર બેદરકાર સમું દુઃખ શું દુનિયા મહીં?
અંતર કોઇ તણો ભંગ યાર ન થાય વાર લગાર.
બસ દઇશિ ગાળ કહીશ કંઇક મર્મ વાણીમાં,
વાત હુકુમમાં કરીશ યાર ન અર્જદાર લગાર.
નિર્દય હૃદય કપાટ નહિ ઉચાટ કંઈ દિલે,
કોમળ વંશ કામિની યાર ન ખબરદાર લગાર.
મનસૂરને તનડે રુધિર વહ્યું હતું પ્રિય નામનું,
મુજને તને પ્રતિરોમ ઝાંખી થાય છાપ વાર લગાર.
કંઇ સાચું કહે રે તને મસ્તાનના સોગન!
મનસૂરના સોગન! તને ફુરસદ ન મળે વાર લગાર.
ઝુલેખા તણા સોગન! તને યુસૂફના સોગન!
ઘર આવશે એક વાર કે યાર નહિ પળવાર લગાર?
હાફેઝના સોગન! તને ફરહાદના સોગન!
બતલાવશે મુખ માધુરીની છટક એકવાર લગાર?
અધર અનમ ટેકી મારી ગરદનના સોગન!
ઝટ આવ રે, ઝટ આવ રે, મુજ પ્રાણ, ન ખબરદાર લગાર.
નહિ તો તને છે કુટિલ તારી વાણીના સોગન;
બતલાવ રે, બતલાવ રે, તે યાર નિર્વાહ બાંકી લગાર.
ફરહાદ શું હિસાબ માંહી! ભેદું ઘડીકમાંહી વ્યોમ!
બાલને કંઈ પા રે સજન તુજ મદિરા વાર લગાર.

## ૯ : અગર તે યાર શિરાઝી !

અગર તે યાર શિરાઝી મ્હારું મંન મેળાવે !
સમર્પું હું બુખારા ને સમર તિલ શ્યામને ભાવે.

પૂરેપૂરો દેઈ દે, સાકી ! મદિરા સાર,
સરિતા રુકનાબાદનો નિર્મળ શીત કિનાર;
લતા મંદિર મુસલ્લાનાં કહો ક્યાં સ્વર્ગમાં લાવે? અગર૦

પેલી છોટી ગોરીઓ ધારે પૂર્ણ ગુમાન,
કરે, અરે અફસોસ છે, બાધું શહર મસ્તાન;
હરી ગઈ દિલથી ધીરજ યાર ! તુરક જ્યમ લૂંટ લુંટાવે. અગર૦

અમારી પ્રીત અપૂર્ણની પિયુ ખૂબી બેદરકાર,
રસ સુગંધી તોય તિલ કેરી શી દરકાર ?
સહજ કાંતિ રૂપાળી ને મને જે મોહ ઉપજાવે. અગર૦

સુંદરતા વધતી ઘણી યુસૂફ કેરી નિત્ય,
મેં જાણ્યું નક્કી હવે એવી પ્રીત ખચીત;
પતિવ્રતના પટંચલથી ઝુલેખા ખેંચીને લાવે. અગર૦

પી મદિરા સુણ ગાનનાં તાન મસ્ત તું હોઈ,
દેખ ન દુનિયામાં કંઈ કરી કારીગરી કોઈ;
નિપટ આ ખેલ દુનિયાનો ન ખોલ્યો ખોલીને લાવે. અગર૦

પ્યારી ઉર ધરો જરા શીખ હમારી માન,
નિજ નિર્મળ અંતર વિષે નસીબવાન જવાન;
શિખામણ વૃદ્ધ દાનાની અહો પ્રિય પ્રાણથી ક્હાવે. અગર૦

મેં વચનો મીઠાં કહ્યાં તેં કટુતાનો સાર,
પરમેશ્વર તુજ ભલું કરો, પરંતુ રે મુજ યાર;
બહુ છાજે કથન કડવાં, અહો! મીઠે અધર લાવે. અગર૦
રચી ગાન પર ગાન તેં, મોતી પરોવ્યાં સાર,
આવ બેસ ખુબ તાનમાં ગા ખુશ હાફિઝ યાર;
રૂડી મંદાકિનીનો હાર તને આકાશ પહેરાવે. અગર૦

## ૧૦ : સલામતી

અંજન આંખડી ન આંજ, કપાશે સુઆંગળી!
મતિ તાહરી સલામતીમાં માહરી વળી.
પડે તાહરી અલાબલા સૌ માહરે શિરે,
સહું ધીર થઈ કોઇ ના પીડા શકે કળી.
નજરબાણુ કયમ ન તાહરે કરે પીડા કરે?
ખૂંચે છે તને શરીરમાં, ગુલાબની કળી.
નીચી નજર ના તું ઝાંખ, ઝાંખ માહરી ભણી!
ભલે વેધશે ફકીરને, ફિકર કશી બળી.
જો! જો! તુજ વિના સજન બધો સંસાર ડૂબશે,
પછી શી વલે થશે કંઈ ખબર તને મળી?
ખબર કેમ ન લેતી માહરી શિરે તું નિર્દયા?
ફસી પ્રેમફંદ તાહરે મુરાદ ના મળી!
ફિકર છે કશી ફકીરને ફકીર તણી તને?
જોબન ઝૂલડે ઝૂલી તું સુમનસેજમાં ઢળી!
ગયો ખેલ ખલકનો ગયો વળી મેળ મંનનો,
ઝલક ઝાંખવા મળે ન મધુર મૂર્તિ નિર્મળી!

સજન ગરીબ મારી હાલતે ઉપહાંસી કાં ધરે?
હમારા ભર્યા ભંડારની ખબર નથી મળી !
હૃદયકોષ માંહી પ્રેમરત્ન લાવીને ધર્યું,
સમર્પણ કર્યું તને અમૂલ્ય મેં રળીરળી !
અહા ! કીમીયો વડો દીઠો એ રત્નમાં ખરો,
દેખું માંહી મદભરી છબી છકેલી કોમળી !
જોને પળ ઘડી ઘડી પછી દિનરાત વહી જશે,
જશે આખરે શરીર આ ફકીરનું બળી !
દાગ લાગશે હમેશનો ગરદન પરે સજન !
ઊઠી ધૂમ આવશે શરીરથી બળી બળી !
જ્વાળ લાગશે ભડભડ કરીને શબ્દગર્જના,
પ્રીતમ ! તુંહી તુંહી તુંહી ! એ પ્રેમરંગમાં ભળી.
મૂકી માન માનિની, ઘડી દે સુખ સોબતે,
પડ્યો બાલ પરમ પાય પ્રીતમને લળીલળી.

## ૧૧ : નાદાન બુલબુલ

ઊડો નાદાન મન બુલબુલ, રહો ગુલઝારમાં ના ના;
વફાઇ એક પણ ગુલની, દીઠી ભર પ્યારમાં ના ના.
સુણાવો ગાનની તાનો, જઈને દ્વાર દર્દીને;
અરે બેદર્દીના દર્દે, રહો દરકારમાં ના ના.
રહો જ્યાં ચંગ ને ઉપંગ, વીણા નાદ વાજે છે;
ઘડી આ બેવફાઇના રહો દરબારમાં ના ના.
કદાપિ રાતભર રો તું, સહી શરદી ગરીબીથી;
પરંતુ બોલ એ પ્યારે, જુલમગારે દીધો ના ના.

સુકાશે તાહરું ગુલઝાર, પણ જો ગ્રીષ્મ આવે છે;
પ્રજળશે વિશ્વ વહ્નિથી રહે તુજ પાંખડી ના ના.
સુકોમળ પાંદડી ઉપર, ઊના અગ્નિ થકી તારાં;
અરે અફસોસ આંસુએ, અસર કાંઈ કરી ના ના.
અબોલા પ્રીતમે તારી, દશા કેવી કરી ભારી!
કરુણાથી રડી ગાતાં, નજર કાંઈ કરી ના ના.
પૂજારી થઈ ચઢ્યો દ્વારે, અરે તે દ્વારમાં તારી;
કતલ કરતાં ખરે! પ્યારે, કસર કાંઈ કરી ના ના.
નથી અડકાતું ચૂંટાતું, ફરે ફેરા તું પછવાડે;
ગરીબીની ગુમાનીએ, ગરજ કાંઈ ધરી ના ના.
અરે એ પ્રીતમાં આખર, ન પ્રીતમ પ્રેમી પરખાશે;
જશે ગુલબંધ વન થાશે, ગુજર અંદર થશે ના ના.
રુવે તું રાનમાં જ્યારે, હસે ત્યારે ગુમાની ગુલ;
અરે! એને દિલે દૈવે, દયા પેદા કરી ના ના.
સુગંધી વાસમાં ઉદાર, મફત છે જન્મથી તેમાં;
ન બાકી બોલની રાખી, કૃપણતામાં જરા ના ના.
વિધિના ઊલટા અંકો, સુવર્ણે ક્યાં થકી સુરભી!
તને કોમળ અહો મન કેરી, કોમળતા કરી ના ના.
વળી જો એ સવારે સર્વ, અંગો અંગ ખિલવીને;
જઈ ઠરશે બીજે હાથે, વફાઈ કંઈ ધરી ના ના.
બળાપા બાલનાથી રાતભર રાકાપતિ દાઝ્યો;
સમુદ્રે જઈ પડ્યો શીતળ થવા, શાન્તિ રહી ના ના.

## મણિલાલ દ્વિવેદી

### ૧૨ : માયાનો પ્રેમરૂપે બ્રહ્મભાવ

દિલશું દિલ લાગ્યા પછી ખેંચે શું તું ખિજાઇને?
નયન ખેંચે ક્યાં હવે, મીઠી ખુમારી પાઇને?
તારો દીવાનો તેં જ પાયો મુજને ઇશ્કેશરાબ,
માર કે જિવાડ ચાલે શું હવે લપટાઈને?
ધિક્ક! એ પ્રીતિ ન બોલે શું વિચારે ખ્વાબ તું?
આંગળી હોઠે દઈ ઊભી રહી ગૂંચાઈને!
લટ અલક છટકી ગઈ ક્યાં વીજળી ઝંખાઇને?
ક્યાં ગઈ? હા! ક્યાં ગઈ? બ્રહ્માંડ બેઠી છાઈ ને!
તું જ બ્રહ્મા, તું જ વિષ્ણુ, દેવ તું, દાતાર તું;
હું તું ને શ્રીબ્રહ્મ તું રહી પ્રેમલીલા છાઈ એ!
નાસ્તિકોમાં મુખ્ય કે આસ્તિક કે ગાંડો કહો,
હું તું સર્વે એક કોઇ મર્મ એવો સાહી લે!

### ૧૩ : અમર આશા

કહીં લાખો નિરાશામાં અમર આશા છુપાઈ છે.
ખફા ખંજર સનમનામાં રહમ ઊંડી લપાઈ છે.
જુદાઈ ઝિન્દગીભરની કરી રોરો બધી કાઢી.
રહી ગઈ વસ્લની આશા, અગર ગરદન કપાઈ છે.
ઘડી ના વસ્લની આવી, સનમ પણ છેતરી ચાલી.
હજારો રાત વાતોમાં ગમાવી એ કમાઇ છે.

ઝખમ દુનિયા ઝબાનોનાં મુસીબત ખોફનાં ખંજર.
કતલમાં એ કદમબોશી ઉપર ક્યામત ખુદાઈ છે.
શમા પર જાય પરવાના મરે શીરીં ઉપર ફરહાદ,
અગમ ગમની ખરાબીમાં મઝેદારી લૂટાઇ છે.
ફના કરવું-ફના થાવું, ફનામાં શહ સમાઈ છે,
મરીને જીવવાનો મન્ત્ર, દિલબરની દુહાઇ છે.
ઝહરનું નામ લે શોધી, તુરત પી લે ખુશીથી તું,
સનમના હાથની છેલ્લી હકીકતની રફાઇ છે.
સદા દિલના તડપવામાં સનમની રાહ રોશન છે,
તડપ તે તૂટતાં અન્દર ખડી માશૂક સાંઇ છે.
ચમનમાં આવીને ઊભો, ગુલો પર આફરીં થઇ તું,
ગુલોના ખારથી બચતાં બદનગુલને નવાઈ છે.
હજારો ઓલિયા મુરશિદ ગયા માશૂકમાં ડૂલી,
ન ડૂલ્યા તે મૂવા, એવી કલામો સખ્ત ગાઈ છે.

## ૧૪ : એ કોણ છે ?

આંસુડાં મારાં લુવે એ મૂરતિ કો' કોણ છે?
ચાલે જિગર પાણી થઈ, રોકનારું કોણ છે?
જામો નિરંજન નામનો, હું પ્રેમનો ઘેલો ફકીર,
એ જ જામો એ ફકીરી, ટાળનારું કોણ છે?
છે દુનિયા ? તો નિત્ય હો; ના છે નહિ, તો શું જુઓ ?
છે ખરી ને છે નહિઃ-એનો દીવાનો કોણ છે ?
સાચો સદા છે પ્રેમ, જેશું દુનિયા બાધી હરામ,
દુનિયા પ્રેમે નથી, તો નીતિ રીતિ કોણ છે?

દુનિયા પ્રેમે નથી, પણ પ્રેમની દુનિયા હજાર,
એ વિરિંચિ, એ જ વિષ્ણુ; એ વિનાનું કોણ છે?
એ જ મારું નામ, એની શોધમાં ગુલતાન તાન,
દુનિયા માનું ફના; એના વિના એ કોણ છે?
એની મઝા અંતર મને, કે જાણે કોઇ પ્રેમી જન,
પામ્યો હું કે પામ્યો નહિ, એ પૂછનારું કોણ છે?
એ જ આંસુમાં મણિ! ભીની મીચી શે' આંખડી,
ખોલનારાં દૂર શે,' એ ઝાળ ઝીલે કોણ છે?

## ૧૫ : નિરાશા એ જ છે આશા

અહા! હું એકલો દુનિયા-બિયાબામાં સૂનો ભટકું,
રઝળતો ઇશ્કને રસ્તે, અહીં તહીં આંધળો અટકું.
બતાવી રાહ આ જેણે, ગયાં તે શું દગો દેઈ?
રિબાવી, રોવરાવી, ને શું રમશો ખાકથી મારી?
સ્મૃતિ આવી તમારી ત્યાં, ન અશ્રુધાર રે' ઝાલી,
હૃદય રમતું ઉછાળા લૈ-જુવાની શું ફરી આવી?
સુણાવું લો કવિતા આ, ઝીલું રસ નેત્રથી ઝરતો,
હૃદય હૃદયે મિલાવો તો, જીવું ઊઠું પડ્યો મરતો.
અરે! તે બાલપણના ક્યાં ગયા સાથી બધા સાચા?
ગઈ ક્યાં પ્રાણપ્યારી તે?-રહી મુજ ભાગ આ વાચા!
સુણાવું તે ય ક્યાં બેસી? નથી કો ઠામ રોવાનું,
ભર્યું છે બેકદર દુનિયા વિષે જ્યાં ત્યાં વગોવાનું.
ભણાવી દો મને આજે, તમારી તે રીતિ જૂની,
ન જેથી દાગ દિલ લાગે, ન લાગે ઝિંદગી સૂની?

બતાવો શી રીતે હસવું, હૃદય ખાલી છતે રડવું;
વચનમાં પ્રેમ બતલાવી, ઇશારે પ્રેમી દિલ હણવું!
અરે ઉસ્તાદ! ક્યાં પાયો મને આ ઇશ્કનો પ્યાલો?
કર્યો સંસાર ભર સૂનો, વફાઈ ક્યાં મળે?–ચાલો!
ઉથામ્યાં ધર્મશાસ્ત્રોને–ગણાયો જ્ઞાની પંડિતમાં,
ઠરી દૃષ્ટિ ન કો ઠામે, પ્રીતિ રીતિ અખંડિતમાં.
હશે ક્યાં સત્ય દેખાડો, હશે શું સત્ય સમજાવો;
રડી રે'વું, કદી ગાવું, મને તો એટલો લહાવો.
બધી દુનિયા જુએ જેથી, ગયાં મુજ નેત્ર તે ફૂટી,
બધી દુનિયાનું અજવાળું, મને અંધારી તે ઊંડી.
અહીં તહીં આ ભટકવામાં, નથી શાંતિ તણી આશા,
સિતમગર લે ધરી ગરદન, નિરાશા એ જ છે આશા.

## ૧૬ : કિસ્મત

કહીં તું જાય છે દોરી દગાબાજી કરી કિસ્મત?
ભરોસે તેં લઈ શાને આ હર્રાજી કરી કિસ્મત?
થવા નિજરૂપ દુનિયામાં ઊતરવાનું ઠર્યું, કિસ્મત!
કરી તુજરૂપ રંજાડી લપેટી ઘા કરે, કિસ્મત!
ચલાવી પુષ્પમાળા પર નીચે સર્પો ભર્યા, કિસ્મત!
સનમ દિદારમાં નાખી પલક જુદાઈની, કિસ્મત!
લગાડી કાર્ય–કારણની બરાબર સાંકળો, કિસ્મત!
ભરાવ્યા ત્યાં શી રીતે તેં ઊલટના આંકડા, કિસ્મત!
પિછાની બે અને બેને કહીને ચાર, હે કિસ્મત!
લખાવ્યા હાથથી શાને તેં બેને એક આ કિસ્મત?

[library stamp]

ગણી મારું વળી મારું ભર્યું દિલ પ્રેમથી, કિસ્મત!
તથાપિ ત્યાં ભર્યું શાને શી રીતે ઝેર તેં કિસ્મત?
ધરી આશા તણો પાયો ચણાવી તે ઉપર, કિસ્મત!
કહીં ક્યારે લીધો તાણી એ પાયો તેં અરે કિસ્મત?
મુકાવીને મીઠે ખોળે ભરોસે શીશ, હે કિસ્મત!
કપાવી શી રીતે ગર્દન? વહે ના ખૂન પણ, કિસ્મત!
ઉઠાવી 'અસ્તિ'થી દિલને લગાડયું 'નાસ્તિ'માં કિસ્મત!
દરદ દિલ રોવું ત્યાં એ તેં વગોવાવું ભર્યું, કિસ્મત!
વહે આંખો ગળી ધારે-ધુએ દિલદાગને, કિસ્મત!
ખુદાઈની મીઠાઈમાં ભરી ખારાઇ ક્યાં કિસ્મત?
મુડાવી કે રંગાવીને કરાવ્યો ત્યાગ તેં, કિસ્મત!
તથાપિ ત્યાં બઝાડી શી ઉપાધિ એવડી, કિસ્મત?
મુખે અદ્વૈત ઉચ્ચારી લહીં મનથી પૂરું, કિસ્મત!
કવિતા આ બકાવાનું કર્યું શે દ્વૈત તેં કિસ્મત?
કહીં કહીં આ દગાબાજી કરે હા ના તું શું કિસ્મત?
મને માલિકના કાને પડે ભણકાર ત્યાં, કિસ્મત!
રમાડ્યો આ દગાબાજી વિષે બહુ છું ખુશી, કિસ્મત!
મળ્યો માલિક વેચાયોઃ-કરી લે ચાહે તે કિસ્મત!

## ૧૭ : કષાયોર્મિ

ખતમ અય દર્દ દિલ! થૈ જા, ન તારું કોઇ છે અહીંયાં;
ખરો દિલબર નથી હિકમત કરે તું રોઇરે' અહીંયાં.
મિઝાજે ઇશ્કના રસ્તા બડા બારીક છે અહીંયાં;
કદરદાની ચઢી તે પર કદાપિ જોઇ છે અહીંયાં!

ગુઝર કર યાર કિસ્મત પર, ન તારો કાર છે અહીંયાં;
જિગર ચાહે જૂદાઇમાં, સુખે તું ધોઇ લે અહીંયાં.
મળે કોઇ અગર તોયે, પછી દરકાર શી અહીંયાં?
ઊંડી દરકાર દિલથી તેં, બધીએ ખોઇ છે અહીંયાં.
રહેવા દે! સુહાવા દે! ન ખાલી દોડ તું અહીંયાં,
તબીબીની કહીં તારી બનેલી સોઈ છે અહીંયાં!
ન કર ગમ, યાદ કર હકને, હકીકત છે કહીં અહીંયાં!
ગરજ ગઇ કે ગઇ યારી, ઉપર બદગોઇ છે અહીંયાં.
જહીં જહીં તું કરે આશા, ફિકરમંદી ખડી અહીંયાં.
ડૂબી ગાયબ નિરાશામાં, મઝા મિનોઇ લે અહીંયાં.

## ૧૮ : સ્વરૂપોઽસ્મિ

દેખે કહાં તે માહયનૂર, ઇશ્કમાં જાન દે ન દે?
ધારી ફકીરી કાપી ને સરથી પયમાન દે ન દે?
મંદિર, કાબા, ક્રૂસ, આગ, તસ્બી, ભભૂત છાપ તે,
દિલથી ચકીં દારચ સનમનું એ નિશાન દે ન દે?
વેદ કુરાન કે પુરાણ યોગ સમાધિ વ્યાધિમાં,
ઇશ્કમાં જાન છે ફના તે આશક ધ્યાન દે ન દે!
ઇશ્ક ન એ ભમે ભૂલાં–ચીરી તપાસો છાતીને,
નાડીએ નાડી, ખૂન એ ખૂન, ઇશ્કની સાન દે ન દે!
માલને જાનથી ધોઇ હાથ દીદયસનમમાં મસ્ત જે;
તેને ન ગમ, તું યા નસીબ! વસ્લયહસાન દે ન દે!
રાજી સનમ હું જ્યાં ઠરી તારી નિગાહ અભેદ–ચૂર,
રકીબથી રમી, રફીકને ઝબાન દે ન દે!

આહ જુદાઈની સનમ! કે'વી તું સંગદિલથી શું?
છું તંગ–દુશ્મની બધે,–દિલ બેઇમાન દે ન દે.
જુદાઇ કોઈ કાલની બતાવે ખ્વાબ ખૂબ–ખૂબ,
આવી સનમ! જગાડી તું, ઇશ્ક પયમાન દે ન દે!
થાકયો ફરી ફરી બધે તમારી હું તલાશમાં,
ચાક દિલ કર્યું તો સનમ ભેટ–ભાન દે ન દે!
ચાક દિલ બેહાલ આ મણિ તું આયના વિષે,
અહા! સનમ! હવે ભલા દિલમાં મકાન દે ન દે!

## ગોવર્ધનરામ

### ૧૯ : સરસ્વતીચંદ્રનો ત્યાગ

દીધાં છોડી પિતામાતા, તજી વહાલી ગુણી દારા,
ગણ્યા ના મર્મ ભેદાતા, લીધો સંન્યાસ એ, ભ્રાતા!
પિતા કાજે તજી વહાલી, ન માની વાત મેં તારી,
ગણ્યા ના ગાઢ નિઃશ્વાસો, લીધો સંન્યાસ એ, ભ્રાતા!
થયો દારુણ મન માન્યો, વિફળ થઇ સ્નેહની સાનો,
હવે સુકુમાર ઉર ફાટી જતું જોવું રહ્યું બાકી.
રુએ તે દેવી રોવા રે! અધિકારી ન લહોવાને
પ્રિયાનાં આંસુ–હું ભાઇ! ન એ રહેવાય જોવાઈ.
અહો ઉદાર વહાલી રે! ટકાવી દેહ રાખી રે!
ન ભુલાતું તું ભૂલી દે, વિધિનું ધાર્યું વેઠી લે.
અહો ઉદાર વહાલી રે! સતી તું શુદ્ધ શાણી રે!
છૂટે ના તે નિભાવી લે. પડયું પાનું સુધારી લે!

ન જોડાતું તું જોડી દે, છૂટેલાને તું છોડી દે.
અહો ઉદાર વહાલી રે! સતી તું શુદ્ધ શાણી રે!
અહા ઉદાર વહાલી રે! દીઠું તે સ્વપ્ન માની રે.
ન ભુલાતું તું ભૂલી દે! દીસે તેને નિભાવી લે!
અહો ઉદાર વહાલી રે! ન નિવારાયું ભાવિ રે!
ન ભુલાતું તું ભૂલી જા! વિધિનું પાયું તે પી જા!
અયિ ઉદાર ઓ વહાલી! સખા! વહાલા ખરા ભાઇ!
અમીની આંખ મીચોને, જનારાને જવા દ્યો ને.
ગણી સંબંધને ત્રૂટ્યો, ગણી સંબંધને જૂઠો,
કૃતઘ્નીને વિસારો ને, જનારાને જવા દ્યો ને.
હતી લક્ષ્મી, હતા તાત, હતી વહાલી; હતો ભ્રાત;
નહીં ત્યારે-નહીં કાંઇ! ન લેવું સાથ કંઇ સાહી.
અહો! તું ભાઇ વહાલા રે! ભૂલી સંસ્કાર મારા રે!
બિચારો દેશ આ આર્ય! કરે તે કાજ કંઇ કાર્ય!
અહો તું ભાઇ-ભાઇ રે તું-રૂપી છે કમાઇ રે
બિચારા દેશને, તેને ગુમાવે શોધી શેં મુને?
મૂકી દે શોધવો મુને, મૂકી દે શોચવો મુને,
પ્રિયાની આ દશા દેખું, નથી સંસારમાં રહેવું.
હવે પાછો નહિ આવું, મૂક્યું પાછું નહિ સાહું;
રહ્યું તે યે તજી દેવું-શું છે સંસારમાં લેવું?
અહો તું જીવ મારા રે! દીધો શો દંશ દારાને?
ગણી ના પ્રાણપ્યારી તેં, ઠગી તેં મુગ્ધ વહાલીને!

અહો તું જીવ મહારા રે! દીધો શો દંશ દારાને?
થશે શું પ્રાણપ્યારીને! હણી મુગ્ધા કુમારી તેં.
હવે, ઓ ક્રૂર ઉર ફાટ! અહોરાત્રિ વહો ધાર,
અભાગી નેત્ર મારાંની ઘટે નિરાંત તે શાની?
અહો ઓ જીવ મારા રે! દઇ આ દંશ દારાને,
ઘટે ના વાસ સંસારે-ઘટે સંન્યાસ તો તારે.
અહો ઓ જીવ મારા રે! દઈ આ દંશ દારાને,
ઘટે ના ભોગ સંસાર, ઘટે ના શાંત સંન્યાસ.
શરીરે ભસ્મથી છાયો, ઉરે અત્યંત સંતાપ્યો,
ઊંડો જ્વાળામુખી જેવો, હવે સંન્યાસ આ તેવો.
તજી તેં ત્યાં પડી છૂટી, સરિતા અબ્ધિમાં સૂતી,
ગિરિ! એ સાંકડી તુંને નહી તોડી કદી તૂટેઃ
જડાઈ ભૂમિમાં સ્થિર, ઊંચે આકાશ ઉદ્‌ગ્રીવ,
થઈ તારે રહ્યું જોવું, નદીનું અબ્ધિમાં રોવું.
હવે સ્વચ્છંદચારી હું; યદૃચ્છાવેશધારી હું;
પતંગો ઊડતી જેવી, હવે મારી ગતિ તેવી.
ઊડે પક્ષીગણો જેમ, હવે મારે જવું તેમ,
સમુદ્રે મોજું રહે તેવું, હવે મારે ય છે રહેવું.
નહીં ઊંચે-નહીં નીચે, મળે આધાર ઘનહીંચે.
નિરાધાર-નિરાકારઃ હવે મારી ય એ ચાલ.
સ્ફુરે પોતે, ન દેખાય, કુમુદની ગન્ધ ગ્રહી વાય,
અરણ્યે એકલો વાયુ, જીવન એ ભાવિ છે મારું.

જહાંગીરી–ફકીરી એ, લલાટે છે લખાવી મેં.
પ્રજા એ હું–નૃપાલ એ હું; ઉરે ઓ એકલી, તું–તું !

## ૨૦ : સરસ્વતીચંદ્રનો સ્નેહ

દીધાં છોડી પિતા માતા, ત્યજી વહાલી ગુણી દારા;
ગયો, વહાલી, ગયો આવ્યો, હૃદયનો ભેદ ના ભાગ્યો.
ન જોવાયું, ન બોલાયું, હૃદય આ ના ઉઘાડાયું !
પીધું તેં, પાયું મેં, વિષ ! હવે ફૂટું વૃથા શિર.
અહો ઉદાર ઓ વહાલી ! અહો ! સુકુમારી ! ઉર ફાટી–
ગયું તારું, રહ્યું મારું બની દારુણ ગોઝારું ।
શરીર તારું, હૃદય મારું, કર્યું આ મેં જ ગોઝારું !
મળી ત્યારે મળી આમ ! કર્યો તેં ભસ્મવત્ કામ.
અહો ઉદાર ! ઓ વહાલી ! સતી તું શુદ્ધ ! ઓ શાણી !
હૃદય જ્યાં જોડયું ત્યાં જોડયું ! શરીર જ્યાં હોમ્યું ત્યાં હોમ્યું !
અહો ! રસધર્મ વરનારી ! અતિથિ–પતિ–યજ્ઞ યજનારી !
ન ભુલાતું તું ના ભૂલી ! વિવાહની વંચના ડૂલી !
હવે આ ભેખ મેં ધાર્યો, નવો રસધર્મ છે જાયો;
જૂઠા જગધર્મ દઉં તોડી કુમુદને કાજ, કર જોડી.
પ્રમાદી વાયુએ તોડયું કુમુદને સ્થાનથી મોડયું !
અતિથિશું ધર્મના બંધ અધર્મીએ કીધા બંધ !
અતિથિ જો કરે ત્યાગ, કીયો કોનો જ યજમાન ?
કુમુદિની મૂળથી ત્રૂટી, કૃતક જગ–ધર્મથી છૂટી;
હવે ગિરિરાજ પર આવ્યાં, સુધર્મી સાધુને ભાવ્યાં:
પ્રિયા ! ત્યજ સર્વ ભયને તું, પરાપ્રીતિ–યજ્ઞ રચને તું,

પડયું શબ તુલ્ય ચેતન આ, ત્યજી મૂર્છા સચેત તું થા !
સુધાકર આ સુધા વર્ષે, તને નહિ કેમ તે સ્પર્શે ?
સૂતી વહાલી, તું મુજ ખોળે, મુખે તું કેમ ના બોલે ?
શિલાને આથી શું સારી, ગણે શય્યા તું, ગુણી નારી ?
ગણે જો એમ તો વહાલી ! કહી દે નેત્ર ઉઘાડી;
સુકોમળ ગાત્ર આ તારું, શિલા પર કેમ સુવાડું ?
સર્યું તુજ વસ્ત્ર જાતે આ, ઉડે તુજ કેશ વાયે આ;
સમારું કે સમારું ના ? કહી દે, પ્રાણ ! બેઠી થા.
કપાળે સ્વેદ આ ઝાઝો, પવનથી ના જ લોહવાતો;
ક્ષમા કરજે હું લોહું તે, તું જો જાગી, લોહું તે.
જડે ના જીવ કાયામાં, સરે આશ્વાસ નાસામાં;
રહે ના ધૈર્ય, તે જોઉં; ક્ષમા કરજે, ઉરે રોઉં;
મીચાયાં નેત્ર, તોયે આ, સરે આંસુ તણી ધારા !
કરી ભીની પાંપણો તેણે, પડે સરી પાસ બે તે તે.
પ્રિયા ! આ આંસુ લોહતો હું, વદન શશિબિમ્બ જોતો હું.
અધિકૃત આંસુએ લોહવા હું ના મુખકાન્તિ તુજ જોવા,
ઊંડી મૂર્છા થકી, ઊંડે હૃદય દુઃખે ઊંડું બૂડે–
પ્રવાતથી પદ્મ ત્યમ, આ કયાં દુઃખી મુખ ? મુગ્ધ મુખ તે કયાં ?
તપ્યાં ઉર શીત કરવાને, વિકારોને શમવવાને,
ઊંડા વ્રણને રુઝવવાને, અમૃતરસરાશિ દ્રવવાને,
અધરપુટ મન્મથે ભરિયું, મૃદુપણું ગાલમાં વસિયું;
પ્રીતિજીવના વિના શબ એ, અધર્મઋતુ વિશે વિષ એ.

અતિ રમણીય એ વેલી ! ઉરે મુજ વાસના રેલી,
ધડકતું ઉર તુજ ભાળું, સમાવા ત્યાં જ લોભાઉં.
નથી અધિકાર જોવા જો, હૃદય ફળમાં જ લોભાવો;
કંઈ કંઈ લોભ સંસ્કાર સૂતા જાગો ! હવે જાઓ !
અહો લોભાવતી વેલી ! હતી તું મહાલવી સહેલી,
કલાપી હવે હું ઊડું પાસે, નમાવું ન બેસીને ડાળે.
પવન ! મર્યાદ ના તોડ, વીખેર ન વાળી આ સોડ.
ઝીણી મૃદુ ચુંદડી આ તું, ઉરાડ ન ! અંગ શરમાતું.
સુ–ગડ ઘટ પાટલીવાળી, નદી મૂળ છાતી જ્યમ ઝાડીઃ
પવન ! આ અહીંજ રહેવા દે, મદન ! તુજ બાણ સહેવા દે.
લતા કરમાઈ આ શોકે, મધુરતા ન મૂકતી તોયે.
કિરણ શશીનાં પ્રકટ એ કરે, ન જોવાનું હું જોતો અરે !
હું લોભી છું, હું લોભાતોઃ હું દુઃખી છું, હું દુઃખાતોઃ
હું ઝેરી છું, હું વિષ વાતો, પ્રિયા–ઉરમાં હું વિષ લ્હાતો !
પ્રિયા ! મૂર્છા તું છોડી દે, શરમની ગાંઠ તોડી દે,
તું કાજે હું કરું શું ? કહે ! હૃદય પર શલ્ય શાને વહે ?
હવે આવ્યાં નવે દેશે, હવે ફરીએ નવે વેશે;
નથી સંસારની ભીતિ, ત્યજી સંસારની રીતિ.
સગાં સંસારનાં છોડ્યાં, છૂટ્યાં તેઓથી તરછોડ્યાંઃ
વિશુદ્ધ જ સાધુનો પન્થા, ધરિયે આપણે કન્થા.
ગિરિવર રમ્ય પાવન આઃ જગતમાં ના જડે એ સમાઃ
અહીં એકાન્ત ને શાન્ત વસીએ, વહાલી, રહી દાન્ત.

[stamp]

પ્રિયા ! મૂર્છાથી છૂટી થા, પ્રિયા ! ખોળેથી બેઠી થા;
સરિતા ! પૂર ભરી આવી, અટકી રહી કેમ આ આઘી ?
કહે સત્કાર સાગર આ, ઉછાળે નીર-ઝાલર આ;
હવે વિશ્વંભરે જે રચ્યો, પ્રિયા, સંકેત તે આ મચ્યો.
પ્રિયા ! મૂર્છાથી છૂટી થા, પ્રિયા ખોળેથી બેઠી થા !
ઉઘાડી આંખ જો ને જો ! અલખ-સંકેત શો આ મચ્યો ?
નવે દેશે નવા વેશ, જગતનું કામ નહીં લેશ;
નવા વિશુદ્ધ ઘર લોભ, મને તે લોભમાં યોજ.
પ્રિયા ! મૂર્છાથી છૂટી થા, પ્રિયા ! ખોળેથી બેઠી થા,
દિવસ દુઃખના ગયા નાસી ! ભર્યા તુજ કાજ રસરાશિ.
પ્રિયા! મૂર્છાથી છૂટી થા, પ્રિયા ! ખોળેથી બેઠી થા;
ઉઘાડી આગળા દેને, મનઃ પૂત તારું ગણી લેને.

## કલાપી

### ૨૧ : અમારા રાહ

કટાયેલું અને બૂઠું ઘસીને તીક્ષ્ણ તેં કીધું;
કર્યું પાછું હતું તેવું, અરે ! દિલબર હૃદય મારું.
ગમીના જામ પી હરદમ ધરી માશૂક ! તને ગરદન;
ન ખંજરથી કર્યા ટુકડા ! ન જામે ઇશ્ક પાયો વા.
પછી બસ ! મસ્ત દિલ કીધું, ઉઘાડી ચશ્મ મેં જોયું;
સિતમગર તોય તું મારો, ખરો ઉસ્તાદ છે પ્યારો.
ગુલો મેં બાગનાં તોડી દીધાં સૌ ધૂળમાં ચોળી;
બિછાનું ખારનું કીધું, ઉપર લોટી રહ્યો તે હું.

મુબારક હો તમોને આ તમારા ઇશ્કના રસ્તા;
અમારો રાહ ન્યારો છે, તમોને જે ન ફાવ્યો તે.
તમારા માર્ગમાં મજનૂં અને લૈલી શીરીં ફરહાદ
ચિરાયેલાં કપાયેલાં પડ્યાં છે લોહીથી ભીનાં.
ગુલામો કાયદાના છો ! ભલા ! એ કાયદો કોનો ?
ગુલામોને કહું હું શું ? અમારા રાહ ન્યારા છે.
મને ઘેલો કહી લોકો, હઝારો નામ આપો છો !
અમો મનસૂરના ચેલા ખુદાથી ખેલ કરનારા.
નહીં જાહોજહાલીના, નહીં કીર્તિ, ન ઉલ્ફતના—
અમે લોભી છીએ, ના ! ના ! અમારા રાહ ન્યારા છે.
તમારી બેવફાઇના, હરામી ને હલાલીના—
ચીરી પડદા અમે ન્યારા, અમારા રાહ ન્યારા છે.
અમે મગરૂર મસ્તાના, બિયાંબામાં રઝળનારા,
ખરા મહબૂબ સિંહો ત્યાં ! હમારા રાહ છે ન્યારા !
કુરંગો જ્યાં કૂદે ભોળાં, પરિન્દાનાં ઊડે ટોળાં,
કબૂતર ઘૂઘવે છે જ્યાં, હમારા મહેલ ઊભા ત્યાં.
લવે છે બેત નદીઓ જ્યાં, ગઝલ દરખત રહ્યાં ગાતાં,
અમે ત્યાં નાચતા નાગા, અમારા રાહ છે ન્યારા.
તમારા કૃષ્ણ ને મોહમદ, તમારા માઘ કાલિદાસ,
બિરાદર એ બધા મારા, હમારા રાહ છે ન્યારા.
હતાં મહેતો અને મીરાં ખરાં ઇલ્મી, ખરાં શૂરાં;
અમારા કાફલામાં એ મુસાફિર બે હતાં પૂરાં.

પૂજારી એ અમારાં, ને અમો તો પૂજતા તેને,
અમારાં એ હતાં માશૂક, અમો તેના હતા દિલબર.
તમારા રાજ્યદ્વારોના ખૂની ભપકા નથી ગમતા;
મતલબની મુરવ્વત ત્યાં, ખુશામદના ખઝાના જ્યાં.
અમો તમને નથી અડતા, અમોને છેડશો કો ના,
લગાવી હૂલ હૈયે મેં નિચોવી પ્રેમ દીધો છે.
હવાઇ મહેલના વાસી અમે એકાન્ત દુઃખવાદી.
અમોને શોખ મરવાનો, અમારો રાહ છે ન્યારો.
ખુવારીમાં જ મસ્તી છે, તમે ના સ્વાદ ચાખ્યો એ;
અમોને તો જગત ખારું થઇ ચૂક્યું ! થઇ ચૂક્યું !

### ૨૨ : ફરિયાદ શાની છે ?

અરેરે ! ઊડતું ખંજર દિલે ઝૂંટી હુલાવ્યું મેં,
ઊપડતો હાથ શો ત્યારે ? હવે ફરિયાદ શાની છે ?
વહે તો ખૂન છો વહેતું, નહિ તો છો ઠરી રહેતું !
સહેવો દાગ કાંઇ એ, અરે ! ફરિયાદ શાની છે ?
સનમના પેરની લાલી જિગરનું ખૂન મારું છે,
અરે ! એ રંગ મારો તો હજુ ફરિયાદ શાની છે ?
હતી આશા કંઇ ઊંડી, ભરી તેની રૂડી પ્યાલી;
સનમને આપતાં એવી, હવે ફરિયાદ શાની છે ?
કદી લાલી જશે ચાલી, કદી ફૂટી જશે પ્યાલી,
ભલે કો તે ભરી દેને, મને ફરિયાદ શાની છે ?
ભરાશે કોઈ ઢોળાયું, ભરાયું કોઈ ઢોળાતું,
અહીં તો રેત ઊડે છે, પછી ફરિયાદ શાની છે ?

જગાવી મેં ચિતા મારી, ઝુકાવ્યું ત્યાં બધું જાણી,
ચડે છે ખાક વંટોળે, હવે ફરિયાદ શાની છે?
કરે છે શોર એ ભૂકી, "મને માશૂક માની લે!"
સુણે ના કોઈએ તેને, પછી ફરિયાદ શાની છે?
અહાહા! ઇશ્ક આલમનો હજારો રંગનો પ્યાલો,
જિગર આ એકરંગીને, અરે! ફરિયાદ શાની છે?
જહાંની આ અને પેલી અહીં ત્યાંની નથી પરવા,
ન કો પૂછે, ન કો જાણે, પછી ફરિયાદ શાની છે?
મને જે થાય કૈં આજે હશે ના યાદ તે કાલે,
પછી કો અન્ય શું જાણે? દિલે ફરિયાદ શાની છે?
અહીં જે તાર તૂટ્યો તે કદી સંધાઈ ત્યાં જાશે,
"કદી"ની હોય શી આશા? અરે! ફરિયાદ શાની છે?
હજુ ફરિયાદ જારી છે, જિગરમાં મેં વધારી તે,
ખુશીથી આગ હું સેવું, પછી ફરિયાદ શાની છે?
ખુદાના તખ્તની પાસે જિગરની આહ પહોંચાડું,
મગર છે ગેબ ઝાલિમ એ, જિગર! ફરિયાદ શાની છે?

## ૨૩ : અમારી ગુનેહગારી

અરે! તે બાગમાં તું પર નઝર મેં ફક્ત કીધી'તી,
જિગરમાં આહ દીધી મેં ગુનેહગારી અમારી એ.
કરે સૌ તે અમે કીધું, ન જોયેલું જરા જોયું.
મગર એ આહને માટે ગુનેહગારી અમારી છે.
હતી ત્યાં ગુલછડી, દિલબર! હતી તેની કળી ખીલી;
ઝૂકી ચૂંટી કહ્યું, "લે જે," ગુનેહગારી અમારી એ.

કણી દેતાં જિગર દીધું, ગમીનું જામ પી લીધું,
તૂટી દિલની લગામો એ, ગુનેહગારી અમારી એ.
“ખુદાની બન્દગીમાં કર મને શામિલ તું દિલબર!”
કહ્યું મેં તે ન સુણ્યું તેં, ગુનેહગારી અમારી એ.
લખ્યો બે ઇશ્કના બોલો, અધૂરું કાંઇ તું બોલી,
ગણ્યો મેં ઇશ્ક એ બોલે, ગુનેહગારી અમારી એ.
“અયે દિલદાર! તું દિલમાં ગુલોને રાખનારી છે.”
હમે એ સૌ કહ્યું જૂઠું, ગુનેહગારી અમારી એ.
ખુદા જાણે ગઈ તું ક્યાં? ખુદા જાણે ભમ્યો હું ક્યાં?
જૂઠી આશા ધરી હૈયે, ગુનેહગારી અમારી એ.
કરી પેદા તમે આશા, અમે તેની બન્યા કયામત;
અરે! એ ખૂનને માટે ગુનેહગારી અમારી છે.
ગુના લાખો મહીં છું હું, મગર તુંને કર્યું છે શું?
હવે એ પૂછવું તે એ ગુનેહગારી અમારી છે.
સજા હું ભોગવું છું હા! સબબ વિણ રોઉં છું કો દી,
સજા એ વેઠવામાં એ ગુનેહગારી અમારી છે.
ગુનામાં જે ગુનેગારી સજામાં જે ગુનેગારી,
સજાથી છૂટશે ક્યારે ગુનેહગારી અમારી એ.
હવે આ ગીત ગાઉં છું, હવાને હું સુણાવું છું,
દીવાનાની દીવાનાઈ ગુનેહગારી અમારી છે.
દીવાનો તો કર્યો છે તેં, કર્યો આ ગીત ગાતો તેં,
ગુનેહગારી તમારી એ ગુનેહગારી અમારી છે.

ખુદા પાસે કહું છું, કે "ગુના તારા અમારા હો."
ગુનેહગારી સનમની એ ગુનેહગારી અમારી છે.
હમારું સૌ તમારું છે! તમારું સૌ તમારું હો.
મગર તારી ગુનેહગારી ગુનેહગારી અમારી હો!

## ૨૪ : ત્યાગ

હું જાઉં છું! હું જાઉં છું! ત્યાં આવશો કોઈ નહીં!
સો સો દીવાલો બાંધતાં ત્યાં ફાવશો નહીં!
ના આંસુથી, ના ઝુલ્મથી, ના વસ્લથી, ના બન્ધથી,
દિલ જે ઊઠ્યું રોકાય ના, એ વાત છોડી કેદની,
સૌ ખુશ રહો જેમાં ખુશી, હું જ્યાં ખુશી તે હું કરું;
'શું એ હતું? શું આ થયું?' એ પૂછશો કોઈ નહીં.
કૈં છે ખુશી, કૈં છે નહીં, દિલ જાણતું જે છે તે છે!
જ્યાં જ્યાં ઠરી દિલની ખુશી, ત્યાં ત્યાં ખુશી દિલ છે નકી.
પેદા કર્યો તો ઇશ્ક ત્યાં ના કોઈને પૂછ્યું હતું,
એ ભૂંસવા જો છે ખુશી તો પૂછવું એ કૈં નથી.
છે ઇશ્ક જોયો ખૂબ તો જોવું હવે જે ના દીઠું,
કિસ્મત બતાવે ખેલ તે આનંદથી જોવા સહી.
આ ચશ્મ બુરજે છે ચડ્યું આલમ બધી નિહાળવા,
તે ચશ્મ પર પાટો તમે વીંટી હવે શકશો નહીં.
મારી કબર બાંધી અહીં ત્યાં કોઈને સુવાડજો!
હું જ્યાં દટાઉં ત્યાં ફૂલોને વેરશો કોઈ નહીં.
છે શું ફૂલો, શું ઇશ્કને શું સૌ તમે જાનારને?
આ માછલું દરિયાતણું તે ઊર્મિઓ ગણતું નહીં!

મુજ ઊર્મિ એ તમ વારિધિ, તમ વારિધિ મુજ ઊર્મિ છે;
જે હિકમતે આ જે બન્યું તે જાણશે કોઈ નહીં.
શું પૂછવું ? શું બોલવું ? ખુશ છો અને રહેજો ખુશી;
વ્યર્થ આંસુ ખેરશો તો લૂછશે કોઈ નહીં.

## ૨૫ : સનમને સવાલ

તું યાર ક્યાં ? દુશ્મન કયો ? જાણું નહીં !
આ દિલ ધડકતું જાય ક્યાં ? જાણું નહીં !
આવે ધરી આ દુશ્મનો તારી શિકલ;
યા આંખ આ અંધી બની ? જાણું નહીં.
છે હાથ તો લાંબો કર્યો, દોરાઉં છું;
છે દોરનારું કોણ આ ? જાણું નહીં.
× × ×
છે તો ચમન તારો રચેલો તેં ખુદે;
ચૂંટું ગુલો યા ખાર આ ? જાણું નહીં.
જાદૂભરી બુલબુલ બજાવે વાંસળી;
તેની ઝબાંમાં કોણ છે ? જાણું નહીં.

## ૨૬ : સાકીને ઠપકો

સાકી, જે શરાબ મને દીધો દિલદારને દીધો નહીં;
સાકી, જે નશો મુજને ચડ્યો દિલદારને ય ચડ્યો નહીં.
મુજ ચશ્મમાં ચરખો ફરે, કદમે બદન લથડી પડે;
દિલદાર તો મલકયા કરે, નકી યારને પાયો નહીં.

આશક અને માશૂકને, પાવો એક જામે ને સીસે;
પાવો એક હાથે સાકીએ, ઇન્સાફ તેં કીધો નહીં.
મારી ગઈ શરમે બધી, દિલદાર હુજા મહીં હજી;
તારી બની ખાલી સીસી, પાવાય તેં રાખ્યો નહીં.
સરખાં બને બન્ને જરા, ત્યાં તો શરાબીની મઝા;
ઉલટી કરી તેં તો સજા, નયને સનમ ખેલી નહીં.
મુજ ખૂન આ કૂદી રહે, દિલદારનું થંડું બને;
મુજને ચડે ત્યાં ઉતરે, કાંઈ મઝા આવી નહીં.
આ રાત પહેલી વસ્લની, માશૂકના ઇન્કારની;
ત્યાં બેવકૂફી તેં કરી, તુજ જામ કાં ફૂટ્યું નહીં?
ના રોશની ગાલે ચડી, જરી ના લબે સુરખી પડી;
ઘેરી બની ના આંખડી, દિલ યારનું જામ્યું નહીં.
આ પહોર ચાર જ રાતના, કંઈ વાયદા વીત્યે મળ્યા;
કંઈ હોંશથી જિગરે જળ્યા, તેની કદર તુંને નહીં.
ના ખેંચ આશક તો કરે, માશૂકને પાવો પડે;
ના સાકીએ પીવો ઘટે, તેં કાયદો પાળ્યો નહીં.
જોઈ સનમને રૂબરૂ, ઘેલો હતો પૂરો જ હું;
પાયો ફરી, પીતો ય તું, પણ યારને પાયો નહીં.
આ વાય ફજા તણી હવા, મુજ રાત વીતી મુફતમાં;
દિલદાર આ ઉઠે જવા, એ બે સુખન બોલી નહીં.
જો આવશે કો દી સનમ, તો લાવશે આંહીં કદમ;
તું રાખજે ભાઈ, રહમ; ગફલત ઘટે આવી નહીં.

## ૨૭ : સનમની શોધ

પેદા થયો છું ઢૂંઢવા તુંને, સનમ!
ઉમ્મર ગુઝારી ઢૂંઢતાં તુંને સનમ!
છે દુશ્મનો લાખો ભુલાવા રાહને,
દુશ્મન બનાવી યાર અંજાયો, સનમ!
ગફલત મહીં હું, ઝાલિમો કાબિલ એ,
જુદાઈ યારોની મઝા એને, સનમ!
જે રાહદારીમાં અમોને લૂટતું,
ઉમેદ બર આવો નહીં એની, સનમ!
તારી મદદ કોને હશે? માલૂમ નહીં,
શું યારના દુશ્મન સહે યારી? સનમ!
પાંચે નમાઝે ઝૂકતાં તારે કદમ,
આડા ફરે છે બેખુદાઓ એ સનમ!
છો દમ બ દમ ખંજર રમે તારૂં દિલે,
કાફર તણું કાતિલ ખેંચી લે, સનમ!
તું માફ કર, દિલદાર! દેવાદાર છું:
છે માફ દેવાદારને મારા, સનમ!
કાંઈ નઝરબક્ષી થવી લાઝિમ તને,
ગુઝરાનનો ટુકડો ઘટે દેવો, સનમ!
પેદા થઈને ના ચૂમી તારી હિના,
પેદા થયો છું મોતમાં જાણે, સનમ!
શાને કસે છે મુફ્ત આ લાચારને?
દાવો સુનાનો છે હમારો ના, સનમ!

પથ્થર બની પેદા થયો છું પહાડમાં,
છું ચાહનારો એ ય તુંથી છું, સનમ !

## ૨૮ : હું બાવરો

આ આતશે તાપે તપેલો હું બળેલો બાવરો,
ઝાંખી થયેલી નરની તે નૂરનો હું બાવરો.
એ નૂર ના આફ્તાબ કૈં, એ નૂર ના હા ! વીજળી;
એ કોણ ? શું ? કૈંએ નહીં ! હું તોય તેનો બાવરો.
એ ગુલ હતું અંગારનું, હું ફૂદડી તેની બન્યો;
ચોટ્યો, ગળ્યો, દાઝી ગયો, હું તોય તેનો બાવરો.
હા ! હાય ! હાહા ! સ્વપ્નમાં એ જાગતાં એ નીંદમાં,
તેને ન હું તો ક્યાંય, તોયે હું જ તેનો બાવરો.
અક્કલ કહે છે છોડવા, હૈયું કહે, 'તે ના બને:'
અક્કલ ગુમાવી, દિલ બાળ્યું; ઇશ્કનો હું બાવરો.
'એ ઝેર દેખે છે છતાં કાં માન તેને મીઠડું ?'
એ પૂછશો કોઈ નહીં, ઉત્તર ન આપે બાવરો.
આશક તણી નઝરે ભરી, ખૂબસૂરતી જે છે સદા,
તે કેઈ માશૂકને મુખે છે ? એ જ પૂછે બાવરો.
દુનિયા કહે કૈં એ ભલે, અક્કલ કહે અંગાર છો;
મારી નિગાહે પુષ્પ તો હું પુષ્પ માનું બાવરો.
મેં પૂતળી કૈં છે ઘડી, દિલમાં હજારો હોંશથી,
એ પૂતળી જેને ગણી, તેનો થયો હું બાવરો.

એ પૂતળીના જાદુને કો જાણનારું જાણશે;
ખામી નઝર આવે નહીં, એ દેખનારો બાવરો.
'હા, હાય, હાહા ! હાય, હાહા !' એ પુકારૂં હું ભલે;
એમાં મને માની મજા તો એ મજા લે બાવરો.
કૈં પૂછનારો બાવરો, કૈં બોલનારો બાવરો;
આ 'હાય' પુકારી રહ્યો તે બાવરો, હું બાવરો.

## ૨૯ : આપની યાદી

જ્યાં જ્યાં નઝર મારી ઠરે, યાદી ભરે ત્યાં આપની;
આંસુ મહીં એ આંખથી યાદી ઝરે છે આપની.
માશૂકોના ગાલની લાલી મહીં લાલી, અને
જ્યાં જ્યાં ચમન જ્યાં જ્યાં ગુલો ત્યાં ત્યાં નિશાની આપની!
જોઉં અહીં ત્યાં આવતી દરિયાવની મીઠી લહર,
તેની ઉપર ચાલી રહી નાજુક સવારી આપની.
તારા ઉપર તારા તણાં, ઝૂમી રહ્યાં જે ઝૂમખાં,
તે યાદ આપે આંખને ગેબી કચેરી આપની.
આ ખૂનને ચરખે અને રાતે અમારી ગોદમાં,
આ દમ-બ-દમ બોલી રહી ઝીણી સિતારી આપની.
આકાશથી વર્ષાવતા છો ખંજરો દુશ્મન બધા;
યાદી બનીને ઢાલ ખેંચાઈ રહી છે આપની.
દેખી બૂરાઈ ના ડરૂં હું, શી ફિકર છે પાપની ?
ધોવા બૂરાઈને બધે ગંગા વહે છે આપની.

થાકું સિતમથી હોય જ્યાં ના કોઈ ક્યાં યે આશના;
તાજી બની ત્યાં ત્યાં ચડે પેલી શરાબી આપની!
જ્યાં જ્યાં મિલાવે હાથ યારો ત્યાં મિલાવી હાથને,
અહેસાનમાં દિલ ઝૂકતું, રહેમત ખડી ત્યાં આપની.
પ્યારૂં તજીને પ્યાર કોઈ આદરે છેલ્લી સફરઃ
ધોવાઇ યાદી ત્યાં રડાવે છે જુદાઇ આપની.
રોઉં ન કાં એ રાહમાં બાકી રહીને એકલો?
આશકોના રાહની જે રાહદારી આપની.
જૂનું નવું જાણું અને રોઉં હસું તે તે બધું;
જૂની નવી ના કાંઈ તાજી એક યાદી આપની.
ભૂલી જવાતી છો બધી લાખો કિતાબો સામટી;
જોયું ન જોયું છો બને જો એક યાદી આપની.
કિસ્મત કરાવે ભૂલ તે ભૂલો કરી નાખું બધી;
છે આખરે તો એકલી ને એ જ યાદી આપની.

## ૩૦ : અમારી પિછાન

અમે જોગી બધા વરવા શ્મશાનો ઢૂંઢનારાઓ;
તહીંનાં ભૂતને ગાઈ જગાવી ખેલનારાઓ.
જહાં જેને કરી મુર્દું કબરમાં મોકલી દેતી,
અમે એ કાનમાં જાદૂ અમારૂં ફૂંકનારાઓ.
જહાંથી જે થયું બાતલ અહીં તે છે થયું શામિલ;
અમે તો ખાકની મૂઠી ભરી રાજી થનારાઓ.

જહીં ઝખમો તહીં બોસા તણો મરહમ હમે દેતા,
બધાંનાં ઈશ્કનાં દર્દો બધાં એ વહોરનારાઓ.
અમે જાહેરખબરો સૌ જિગરની છે લખી નાંખી,
ન વાંચે કોઈ યા વાંચે, ન પરવા રાખનારાઓ.
ગરઝ જો ઇશ્કબાજીની, અમોને પૂછતા આવો,
બધાં ખાલી ફિતૂરથી તો સદા એ નાસનારાઓ.
જહીં સ્પર્ધા તણી જગની દખલ ના પહોંચતી ત્યાં ત્યાં,
ઝમીં ને આસમાનોના દડા ઉડાવનારાઓ.
ગમે તે બેહયાઇને દઈ માથું ધરી ખોળે,
અમે આરામમાં ક્યાંયે સુખેથી ઊંઘનારાઓ.
સનમની બેવફાઇથી નથી સુખ કાંઈ એ ડરતાં,
અમે જાણ્યું, અમે માણ્યું, ફિકરને ફેંકનારાઓ.
ઝખમથી જે ડરી રહેતાં, વગર ઝખમે ઝખમ સહેતાં;
અમે તો ખાઇને ઝખમો ખૂબી ત્યાં માનનારાઓ.
બની ઉસ્તાદ આવો તો થશો આંહી તમે ચેલા,
મગર મુરશિદ કરો તો તો હમે ચેલા થનારાઓ.
અમારાં આંસુથી આંસુ મિલાવો, આપશું ચાવી;
પછી ખંજર ભલે દેતાં, નહીં ગણકારનારાઓ.

## ૩૧ : ઇશ્કનો બન્દો

જો ઇશ્ક ના તો શું ખુદા? આલમ કરી તોયે ભલે.
જો ઇશ્ક ના તો શું જહાં? એને ખુદા યે શું કરે?

આ કારખાનું ઇશ્કનું જો જો તપાસી ખૂબ ખૂબ;
આ ખેલ ને આ ખેલનારો એક નૂરે ઇશ્ક છે.
એથી ડરૂં તો ક્યાં ઠરૂં ? કોને ખુદા મારો કરૂં ?
જ્યાં લાઇલાજી સર્વની ત્યાં કોણ કોને હાથ દે ?
રે ! ઇશ્કનું છોડી કદમ માગું ખુદા, માગું સનમ;
શું છે ખુદા ? શું છે સનમ ? એને બિમારી એ જ છે.
ક્યાં યે હશે જો કો ખુદા તો ઇશ્કનો બન્દો હશે;
જો ઇશ્કથી જુદો થશે તો ઇશ્કથી હારી જશે.
જો હો ખુદા તો હો ભલે; તેની અમોને શી તમા ?
છે ઇશ્કથી તો ના વડો જે ઇશ્ક મારૂં તાજ છે.
છે ખાક ચોળી છાપ મારી ઇશ્કની જેને દિલે,
દાખલ થતાં તેને બેહિસ્તે રોકનારૂં કોણ છે ?
જો કો અમોને વારશે, કોઈ અમોને પૂછશે,
તો ઇશ્કની ફૂંકે અમારી લાખ કિલ્લા તૂટશે.
છું સખ્ત ઝખમી મસ્ત દારૂ પી બન્યો બિમાર છું;
પણ ઇશ્કથી બીજો અમોને જીતનારો કોણ છે ?
હા ! નાસ્તિકો સૌ આવજો, ખંજર તમારું લાવજો;
આ ખૂન કાઢી તો જુઓ, કાતિલ એ પાણી થશે.
જે ઇશ્કનો બન્દો ઠર્યો તે છે ખુદાઈનો ખુદા;
ઓહો ! ખુદા શું ? લોક શું ? કે કોઈ શું તેને કરે ?
સૌ ઇશ્કના બેદાદ દિલના દર્દને ધિક્કારતાં;
આંજી જુઓ પણ આંખમાં એ એક દી સુરમો તમે.
જે પાયમાલીમાં અમારાં છે ભરેલાં આંસુડાં,
તે એક ટીપું લાખ દુનિયા વેચતાં ના ના મળે.

કિમ્મત અમારી પૂછશો, તો એક દિલનું બિન્દુડું;
વેચાઇએ આનંદથી લેજો સુખે જેને ખપે.
છે તો હર્રાજી તોય મોંઘો ઇશ્કનો આ માલ છે;
જે ઝિન્દગી રોનાર હો તે આવજો લેવા ભલે.
ખૂન નીચોવી અહીં છે જાપ જપવો ઇશ્કનો;
ગરદન કપાવી શીર્ષની માળા બનાવો તો ભલે.
એ મંત્ર જપતાં જાગશે ભૂતાવળો લાખો અહીં;
એ દેખતાં ડરશો નહીં તો ખેલશું આવો ભલે.
ગુલામ થઈ રહેશું સદા પણ બાદશાહી મહાલશું;
માલિકના દિલનું કરીને તખ્ત સૂનારા અમે.
હા ! લાખરંગી ઇશ્કનું કો એકરંગી જામ છે;
મસ્તાનના મસ્તાન એવું જામ પીનારા અમે.
આવો, ભરી પીજો અને એ જીરવી લેજો નશો;
નહિ તો સદા માટે શરાબો સોંપજો પીનારને.
એ તો અમારી માદરે પાયું અમોને જન્મતાં,
ને મોતની મીઠી પથારીમાં ભર્યું યે એ જ છે;
એ ઇશ્કની લાલી મહીં લાખો ખુદા ઘેલા બન્યા;
એ લાખમાંના એક પણ જુદા જ કૈં ઘેલા અમે.

## ૩૨ : પ્રેમથી તું શું ડરે?

ચોગાનમાં આલમ તણા રે, પ્રેમથી તું શું ડરે?
તારા ચમનનાં પુષ્પના કાંટા થકી તું શું ડરે?

લઈ લે મૃદુ આમોદ તો, તુંને ઉઝરડો છો થતો.
ભોંકાય તો ભોંકાય છો, એ મામલાથી શું ડરે?

તારા હૃદયઆત્માતણાં વારિ અહીં ઊંડાં ભર્યાં;
પ્રભુ પ્રેરતાં ઊછળ્યાં કર્યાં, એ જોશથી તું શું ડરે?

બસ! છોડ તુજ પહાડી ઝરો, છો એ પ્રલયમાં ઊછળો;
છો કો સુરૂપે આફળો, છો તૂટતો, તું શું ડરે?

બદલો મળે કે ના મળે, શુક એક પાંખે શે પળે?
એ તર્ક શા જૂઠા કરે, ઊડી જો ઊડી, તું શું ડરે?

પાષાણના પદ ચુમ્બતો જો કેમ સિન્ધુ કૂદતો,
જ્યાં સખ્ત ઊભી ભેખડો, તો તું અરેરે! શું ડરે?

તે ઊર્મિઓ પાછા પડે, મગરૂર ગિરિ તે ના ગણે;
તોયે સલિલ ભેટ્યા કરે, જે પ્રેમનું તે શું ડરે?

જો ઘાસ ઝરણાં પાસનું જે પ્રેમ પી નીલું બન્યું,
તુજ પદ કને જે છે ઢળ્યું તે ના ડરે, તું શું ડરે?

એ ના પુકારે કોઇએ, 'અમ અંગ કચરાઈ મરે,'
અમ યત્ન સૌ ધૂળે મળે!' તો ઊઠ, ઊઠ, તું શું ડરે?

આ શુષ્ક લૂખી આલમે અપકારીઓના રાહને
થઇ ઘાસ કર રસભર અને એવું થતાં તું શું ડરે?

તુજ અંગતરણાં સૂકશે, ચારો ય ના તેનો થશે;
તો શું પડ્યો છે દહેશતે? ઊભી ચારુતા ત્યાં શું ડરે?

જો ક્ષીરસાગરના સમું પ્રભુએ હૃદય નિજ પાથર્યું,
એ બિન્દુ ના કોને મળ્યું? તે પામતાં તું શું ડરે?

એની કૃપાનાં પુષ્પ એ રગદોળનારા પાદને,
નિજ ગન્ધનો જે લેપ દે તે લેપ થાતાં શું ડરે?
જો આંખ મીંચી ચાલશે તો ઇષ્ટ સાથે મહાલશે,
મીઠી પ્રીતડી મીઠી થશે, દિલ જાય ત્યાં તું શું ડરે?

## ૩૩ : આપની રહમ

મિટ્ટી હતો, તે આપનો બંદો બનાવ્યો–શી રહમ!
માગી ગુલામી આપની, બખ્શી મહોબત–શી રહમ!
આવ્યો અહીં છો દોસ્તદારીનો લઈ દાવો સદા,
બોસા દઈ ગાલે જગાડો નીંદમાંથી એ રહમ.
એવી કદમબોસી કરીને કાં લજાવો રોજરોજ?
છે દિલ્લગી પ્યારી મગર ક્યાં હું અને ક્યાં આ રહમ?
મેંદી બનાવી આપ માટે, તે લગાવો છો મને,
શાને જબરદસ્તી કરે, આ પેર ધોવાને રહમ?
આ આપને જોઈ લજાતાં બાગના મારાં ગુલો;
જે ખૂંચતાં કદમે ચડાવે તે શિરે માને રહમ.
હું ચૂમવા જાતો કદમ, ત્યાં આપ આવો ભેટવા,
ગુસ્સો કરૂં છું, આખરે તો આપની હસતી રહમ.
ના પેર ચૂમ્યા આપના, ના પેરમાં લોટ્યો જરા;
પૂરી મુરાદો તો થવા દો, માનશું તે યે રહમ.
ના માનતા તો ના કહું, જે જે બનાવો તે બનું;
તોયે કદમના ચાર બોસા આપશો શું ના રહમ?

હું જેમ આ ઘટતો ગયો, આપે બઢાવ્યો તેમ તેમ;
જ્યાં જ્યાં પડું ત્યાં ઝીલવા હાજર ખડી છે આ રહમ.
મારો સિતારો જોઈ આ તીખા બન્યા છે દુશ્મનો;
ગાફેલ છું હું એ બન્યો, આ આપની જાણી રહમ.
યારી ન છૂપે આપની, છાની મહોબત ના રહે:
જાણી ગઈ આલમ બધી, તે ના જવા દેજો રહમ.
આવો ચડાવી છે મૂક્યો આ આપનો આપે ગુલામ,
તો મહેરબાની જિરવાયે એટલી માગું રહમ.
જ્યાં જ્યાં ચડાવો ત્યાં ચડું છું હાથ હાથે લેઇને,
એ હાથ છૂટી ના જવાને દમબદમ હોજો રહમ.
નીરની સાથે ચડે છે નીરનાં ખીલી ફૂલો;
ના ઊતરતું નીર સાથે, નીરને છાજે રહમ.
લાખો ગુનાઓમાં છતાં છું આપનો ને આપથી;
લાજે જબાં, માગું છતાં-આબાદ હોજો આ રહમ.

## ૩૪ : તમારી રાહ

થાકયો તમારી રાહમાં ઊભો રહી હાવાં, સનમ!
રાહત ઉમેદીમાં હતી: જાતી ગળી હાવાં, સનમ!
પી કાફરોના હાથનું પાણી ઊગેલું ઘાસ, તે
મિટ્ટી ગણી અંગે વીંટાયું મૂળ નાખીને, સનમ!
પહાડો હતા, રેતી બન્યા: રેતી બની પહાડો; અને
આવી કબર સામે ઊભી: જાગી-ઊઠો કાં? સનમ!

પાણી બની ઢોળાઉં છું, દમબદમ ગમને કૂવે;
અંધાર છે, લાચાર છું, સિંચો–હવે સિંચો, સનમ !
સાબૂત છે ના દ્વાર આ, આવે, લગાવો મીણ તો,
ખેંચી ઊભા છે ખંજરો, આ દુશ્મનો નીચે, સનમ !
આંહી શરાબે નીર ભેળ્યું છે હમારા જાલિમે;
પીતાં ન ફાવે પ્યાસમાં, આ દમ લબે આવ્યો, સનમ !
પીતાં ન ફાવે છે હવે, પીતો મઝાથી જે સદા;
કાને તમારી સાંભળી મીઠી શરાબી છે, સનમ !
છીપી રહ્યાં છે પ્યાસને આ ઝાંઝવે લાખો અહીં,
હું તો તમારૂં નીર સાચું શોધતાં પ્યાસો સનમ !
છે પ્યાસ, છે ભૂખે, ઉપર બોજો બૂરાઈનો વળી;
છે રાહ જોવી એકલાં, ક્યાં–ક્યાં સુધી હાવાં? સનમ !
માફી તમારી છે બધે, જાણું અહીંયે ખૂબ છે;
માફી પુકારો ને દઈ ઝીલી હવે લેજો, સનમ !
લાઝિમ બૂરાઈ આ બધીને ચૂપકી, ખાવિંદ ! છે;
તોયે ઊઠે છે ઊકળી ખૂને જિગર બૂમે, સનમ !
હુંથી થયું ના, ના થતું, યા ના થશે કાંઈ અહીં,
તકલીફ તો આખર તમારે ને તમારે છે સનમ !
થાકી રહ્યો પૂરો અહીં, માફી હવે તો મોકલો;
છે માફ જો કરવું બધું, તો આજ ના શાને? સનમ !

## ૩૫ : શરાબનો ઇનકાર

આવું કહો, ક્યાં એકલો ? આશક જહાં થાતી નથી;
પ્યાલું ભર્યું આ : ના કદર, પીવા જહાં પ્યાલી નથી.

છે પ્યાસ, છે શોખે અને છે આ જિગરને મહોબતે;
મીઠું ભર્યું જામે, મગર હા! સોબતી પીવા નથી.
નૂરે જુદાઈમાં તમે, સાકી, શરાબી ને સનમ;
સોબત અમારી આલમે, આલમ ચડી ઇશ્કે નથી.
બેઇશ્ક શું જાણે શરાબી યા શરાબીની મઝા ?
બેઇશ્કથી જૂની મહોબત તૂટતી આજે નથી.
આલમ, પિદર, માદર, બિરાદર, દોસ્તને શું શું નહીં ?
ગફલતે તેને સુવારી જામ પીવાતું નથી.
આ જામ પર લાખો જહાં કુરબાન તો કરવી ઘટે;
તોયે સગાઈના હકે એ પેશકદમી ના થતી.
પિવાડવું જો ના બને, પીવું પછી ચોરી કરી;
આલમ રડે, હું ક્યાં હસું ? એ ખૂન જોવાતું નથી.
સોબત વિના કેવી શરાબી ? શી ખુમારી એકલા ?
આ જામ પ્યારૂં ઝિન્દગીથી તો ય ચૂમાતું નથી.
પ્યાલું જરી પીતાં જિગરથી આ જહાં છૂટો પડે;
પીનાર પીપી જાય તો આલમ તણું કોઈ નથી.
પ્યાલું ધરું જ્યાં હું લબે, આલમ પુકારી ઊઠતી,
ઝાડો, ઝરા, ફૂલો રડે, આંસુ સરાતાં યે નથી.
છો પ્યારથી આવ્યા અહીં, આફત ન આ યારી હશે;
નાઉમેદીની હવે માફી મગાતી યે નથી.
સાકી! સનમ ! પાછાં ફરો, ઠેલું તમારા હાથને;
ઇશ્કે જહાંમાં ઇશ્કનું આ જામ લેવાતું નથી.

તો યે, સનમ ! સાકી ! અમારી રાહ તો જોજો જરૂરઃ
પીધા વિના આ જામને, રાહત નથી, ચેને નથી.
તાઝિમોથી, ઇશ્કથી, લાખો ખુશામદથી: અગર–
જાઉં જહાંને લાવવા, તો ત્યાં મઝા એને નથી.
આશક થઈ પ્યાસી હશે આલમ તમારી એક દીઃ
સાથે લઈ પીશું શરાબી, હુઝૂ ત્યાં પીવા નથી.

## ૩૬ : અમારી મસ્ત ફકીરી

ગઝલ

ફકીરીમાં સખિરી મેં, ભરી આજે મજા કેવી?
અમીરીને ફકીરીમાં, મળી આજે રજા કેવી? ૧
ફિકર ઘૂંટી કરી ફાકી, તમન્ના શી હવે બાકી?
શરીરે ત્યાગની કફની, ચડાવી ત્યાં કજા કેવી? ૨
ખલકને જાણતા ફાની, પછી પરવાહ તે શાની?
નથી દરકાર દુનિયાની, મળે તે ક્યાં મજા એવી? ૩
પીવો પ્યાલા ભરી પાવો, કરીને જ્ઞાનનો કાવો,
અમીરીનો ધરી દાવો, ફકીરીમાં મજા લેવી. ૪
કદી મખમલ તણી શૈય્યા, કદી ખુલ્લી ભૂમિ મૈયા,
કદી વહેતી મૂકી નૈયા, તરંગોની મજા લેવી. ૫
કદી ખાવા મળે લાડુ, કદી ખાવા પડે ઝાડુ,
રગશિયું દેહનું ગાડું, ઉપર ભગવી ધજા કેવી? ૬
કદી છે શાલ દુશાલા, કદી લંગોટ ને માલા,
કદી હો ઝેરના પ્યાલા, મળે તેવી મજા લેવી. ૭

મહેસાણા તાલુકા પુસ્તકાલય

ધર્યા છે કેશરી જામા, કર્યાં કાષાયનાં કપડાં,
તજી સંસારના ભામા, કજામાંથી મજા લેવી. ૮
ભર્યાં છે જ્ઞાનધન ભાથાં, ઝુકાવે શાહ પણ માથાં,
જગતનો ગમ સદા ખાતાં, ગમીને જ્યાં રજા દેવી. ૯
ખુશી આફત મૂકી સાથે, ધખાવી હોળીઓ હાથે,
બીજાના દુઃખની માથે, ખુશીથી જ્યાં સજા લેવી. ૧૦
જગત જીત્યું અલખ નામે, અચલ એ રાજને પામે,
નમાવી સર કદર સામે, ઊભાં ત્યાં દેવ ને દેવી. ૧૧
અમીરીની મજા મીઠી, ફકીરીમાં અમે દીઠી,
ન કરવી ચાકરી ચીઠી સ્પૃહાને જ્યાં રજા દેવી. ૧૨
થયાં જ્યાં એક ઈશ્વરથી, પછી શી ગાંઠ ઘરઘરથી,
જગાવ્યો પ્રેમ પરવરથી, શલાકા સ્નેહની સેવી. ૧૩

## દેરાસરી

### ૩૭ : પ્રેમનિવેદન

સદા મન મસ્ત તુંમાં રહે; તું તું તું તું જ મારે છે!
છે તું મારે મન વશી, મધુર રસીલી યાર;
જીવનદોરી રાંકની–મુજ ધનના ભંડાર;
મધુરું મુખડું તારું, કરોડો ચંદ્ર હું વારું;
પીને અમી થાઉં અમર ધારું, કહે ક્યારે પિવાડે છે? સદા૦

અર્ધ નિશાકરથી રૂડું–પ્યારી! તુજ કપાળ;
મંગળ સમ મહીં શોભતો ગોળ ચાંદલો લાલ;

વીખરી વાંકી અને કાળી–લલિત લટ શોભતી બાળી;
અટકી ભાલે જ રૂપાળી, અરે! જા! શું ખસેડે છે? સદા૦

લટકયો બાંધ્યો બાપડો, જીવ શુભ લટથી, યાર!
જીવવા દે, કહે શીદ હણે–કરી ક્રૂર આચાર?
ઘવાયો તેહ તારાથી–હરાયો હેત સારાથી;
મનાયો નેન પ્યારાંથી–હવે, પ્રિય! શું સતાવે છે? સદા૦

મધુર સુવાસિત માહરી, તું ચંબેલી સારઃ
ગોરી પાતળી ખીલતી સહુ સુગંધ ભંડાર;
લગીર લાલાશવાળી વા–ચિતે ખૂબ સ્નેહવાળી વા;
મધુરી પોયણી કહું હા–ભરી મદ ખૂબ લાગે જે? સદા૦

છઉં ચકોર હું માટ શું–કહું, વહાલી! થા ચંદ્ર?
ના! ક્ષયરોગે તું મરે–બહુ સાલે નેહબંધ;
અરે! હું હું જ બદલાઉં–ચહે તું તે કહું થાઉં;
પ્રીતિનાં ગીતડાં ગાઉં–ખરે! મન એ જ ભાવે રે! સદા૦

કે હું ઝાઝું ટેકીલું–ચાતક થઈ, દિલદાર!
વાંછું તારા નેહનું બિંદુ સુખ આધાર?
અને ના! મેઘ જો થાયે–બહુ દૂર તું થકી જાયે;
વિયોગે નાજ રહેવાયે, નશીબે દુઃખ પાછું રહે! સદા૦

તું તે તું! મુજ યાર રહે–હું રહું હું તે હુંય!
પ્રેમ પીધેલો જીવડો, કહે બીજું કે' શુંય?
લગીર ચપળા રૂડી તારી–ભરી મદ આંખ જે કારી;
કરી મુજ તર્ફ એ મારી, બચાવી મિત્રને તું લે! સદા૦

## ૩૮ : પ્રેમધર્માંગીકાર

બન્યો હું પ્રેમનો બંદો–બીજો રુચે નહીં ધંધો,
કામકાજ સૂઝે નહીં, મન પ્રેમે મશગૂલ;
તું મુજ સુંદર ગીતડું, હું તારૂં બુલબુલ.
મધુરા નાદથી આજે, અમળ મુજ પ્રેમને કાજે,
લવું તાનો મીઠાં રાજે, રસિક જન ખૂબ આનંદો. બન્યો૦
મુજ મુખવાદ્ય સમારીને, ઠાઠ મેળવી, યાર !
સૂર અલાપી તાહરૂં, ગાનભજન કરૂં સાર !
અહા ! બીજું અહીં શું છે? સરવમાં શ્રેષ્ઠ તું તું છે !
સદા પ્રેમી દિલે ખૂંચે–વિયોગે, તું શું છે ચંદો ? બન્યો૦
રસબસ પ્રેમે માહરૂં હૃદય થયું, દિલદાર !
ભલે જિવાડે કે હણે પ્રેમ એક આધાર.
બીજા જન ચાહ્ય તે બોલે–ગણે જીવ તૃણને તોલે;
કપટ વિના હૃદય ખોલે–મને ખળ દુષ્ટ છો નિંદો. બન્યો૦
મુજ મન ઘાયલ પ્રેમથી, નિંદા શું કરશે જ ?
મરી રહેલું બાપડું, કહો ! શું ફરી મરશે જ ?
અમળ શુભ પ્રીત શું જાણે ? ઊંચી રસરીત શું માણે ?
ભલે મત દુષ્ટજન તાણે–વિવિધ જન દુષ્ટના ફંદો. બન્યો૦
આશંકા જગની તજી, મનડું બનિયું મસ્ત;
પ્રેમ વગર દેખે નહીં, જગ ખાલી જ સમસ્ત,
તુંને દિલદાર ! ધ્યાઉં હું, સુરૂપે લીન થાઉં છું;
બની અલમસ્ત ચાહું છું, નયન બે ચાર સુખકંદો. બન્યો૦

ઘાયલ દિલ પ્રીતિરણે, તરસે જે તરશે જ;
ચિત્તમાં મરવું આદરે, મોતે શું ડરશે જ?

લીધી દિલ ઢાલ મેં રૂડી, જગત છો વાત કહે ભૂંડી,
મને સરખી રૂડી કૂડી, ગણું જગના નહીં ફંદો. બન્યો૦

જો કે આ દિલ માહરૂં, હોય થયેલું ખાખ;
પ્રેમભજન ભૂલે નહીં, પ્રેમ! પ્રેમ કહે રાખ.

ખરે! મુજ ખાખ કહેવાની, રૂડું તુજ નામ દેવાની;
હૃદયમાં આશ રહેવાની, થઈ રહું પ્રેમનો બંદો. બન્યો૦

તુજ કારણ મુજ પ્રેમની, મૂર્તિ જો કે આજ;
હણવા તત્પર થાય કો, સેવક ના કહે ના જ;

મીઠી! તુજ કારણે મરવું, હૃદયમાં દુઃખ ના ધરવું;
હઠી પાછું નહીં ફરવું, મને પ્રિય પ્રેમના છંદો. બન્યો૦

શૂળી સન્મુખ રાખીને, પૂછે મુજને કોય;
તું તું એક જ માહરે, મને વસેલી હોય;

લવું તુજ નામ હું ઘેલો, પ્રીતિ એ બોલ સૌ પહેલો;
ભણું હું તે જ સૌ છેલ્લો, બીજો ગણું શબ્દ છે ગંદો. બન્યો૦

હા! હા! સમ ખાઇ કહું, 'પ્રેમધર્મ મેં લીધ;'
તે વિણ માનું નહીં કશું, પણ મેં એવું કીધ;

પ્રભુ એ પ્રેમ માનું છું-ગમે તે જાતિ જાણું હું;
હૃદય રળિયાત થાઉં છું, ચરણ જગ પ્રેમને વંદો. બન્યો૦

## ૩૯ : પ્રેમીને ઠપકો

અરે! જા શું અવાયે નહિ–ઝૂરૂં જો! હું અહીયાં રહી.
જા જા શું આવે નહીં, તલસાવે શું યાર?
ટકટક કરતું બાપડું ચાતક તરસ્યું ધાર.
તરશથી વ્યાકુળું થઈને–ગુણો વારિદના ગઈને.
ચહે આવે જલદ ધાઈને–હરે! વારિદ લેખે નહીં. અરે!
ગડગડાટ ને ગર્જના સુણું હું કરણે, હાય!
પણ દેખું દિદાર નહીં, કહે રહ્યું ક્યમ જાય?
જીવે ક્યમ બાપડું કે'ની? રસિકતા ધન્ય છે જેની.
તરશ છીપે નહીં એની–હરે! દુઃખ શું વિચારે નહીં? અરે!
ઊડંતાં તુજ દિશથી આવંતાં ખગ રોજ;
જોઉં મોહું શું દિલથી, શી શી માણું મોજ?
અરે! પણ મેઘ ક્યાં આજે, ગરજતો ક્યાં ભૂંડા રાજે?
ગણે નહીં શું જ ના દાઝે? કઠણ શું છાતડી કહે થઈ? અરે!
દૃષ્ટિમર્યાદા વિશે, આવતાં ખગ જોઈ,
પ્રેરૂં પ્યારાં માહરાં, ચક્રવાક બે મોહી;
ઝડપથી પાઠવું મારાં–નયન બે પંખીડા સારાં;
સમાચાર પૂછવા તારા–વિકાસી મુખ ઊભો રહી. અરે!
કહે ન મુખથી કાંઈ તે જુએ ન સામું રંચ;
ખુએ ધૈર્ય મન માંહીથી, સેવક રસિલો રંક.
અરે! પ્રિય કાંઈ ગોઠે નહીં સુણે તુજ વાતડી જો નહીં;
દીધી પાંખો વિધિએ નહીં–કહે દુઃખમાંહી ડૂબી જઈ. અરે!

ગરજ જુએ નહિ કોઇની, દે ન મુજને પાંખ;
જા તુજને હું શું કહું, હતી નહીં કહે આંખ?
દીધી જો હોત પાંખો બે–ઊડીને જાત જ્યાં તે છે;
પડત ગોદે જઇને રે–છૂટત નહીં એકઠાં બે થઇ. અરે!

## ૪૦: પ્રેમીની તલ્લીનતા

વગર તું હાર હૈયાના, બધો સંસાર ખારો છે;
મગર દિલદાર! તારી તો મઝાનો બહાર ન્યારો છે.
અમારા દર્દની લે'જત, શું જાણે કોઈ બેદર્દી?
ઘવાયો જે પૂરો તેને દરદનો પ્યાર ન્યારો છે!
ગમે નહિ ખાનપાનો કાંઈ, ગમે કાંઈ ગાનતાનો નહિ;
મીઠી શી વેદના ભારે, અજબ વહેવાર તારો છે!
પડેલા પ્રેમના વહોમાં, વહ્યા જઈએ ઊલટપૂરે;
કિનારે નહિ નજર જરીએ, રસીલી ધ્રુવ અમારો છે!
ભલે એ ડાહી દુનિયા તો ગમે તેવું મુખે બોલે;
અમારો ન્યાય તો આખર હજૂર તારી થનારો છે.
મધુરૂં મુખ જોવાની, નિરંતર લેહ લાગી રહી;
ખરે! દેરાસરી આખર તુંથી બિસ્મિલ થનારો છે.

## ૪૧: ગઈ ક્યાં પ્રેમની પ્યાલી?

વગર હું કાંઈ ભાવે નહિ, મને તું એમ કહેતી'તી,
વિયોગે તેં જિવાયે નહિ, મને તું એમ કહેતી'તી.

સ્વરગના સુખથી મીઠાં, જગતજંજાળ કાપંતાં-
મધુર મુજ ચુંબનો વિના, જીવું નહિ એમ કહેતી' તી.
રહીને રાતદિન પાસે, જિગર આપી લઈ બાધું,
અલૌકિક મૂર્તિની પેઠે, પૂજાઉં એમ કહેતી' તી.
ભીંજેલા નેહથી હુંને, સહજ એક નેનની સેને,
અજબ જાદુગરી મારી, નચાવું એમ કહેતી' તી.
તજું નહિ જીવ જાતાં હું, રૂડી વેલી શી રહું વળગી;
ગઈ ક્યાં પ્રેમની પ્યાલી? મને જે એમ કહેતી' તી!

## ૪૨ : પ્રેમીની બેપરવાઈ

મીઠા હસવા મહીં સચ્ચાઈ, અરેરે કાંઈ ભાળી નહીં,
જગત જોઈ વળ્યો બધું, વફાઈ મેં નિહાળી નહીં.
હૃદય દ્રવતાં પૂજી ઝાઝી, મનોહર મૂર્તિઓ પ્રેમે;
ગઈ સહુ વ્યર્થ મુજ સેવા, અનન્યે કોઈ રીઝી નહીં.
ફર્યો બની બાગમાં ઘેલો, મુખે ગુણગાન ગાતો હું;
સુણીને ગાન કોઈ ફૂલડે, હૃદયકળીને વિકાસી નહીં.
ગણ્યું નહિ માન કે જ્ઞાને, ગણી નહિ લોકની લજ્જા;
બની બેકેદ મેં કીધું, સરવનું સ્નાન, લેખ્યું નહીં.
બધા ભવબંધ કાપીને, ચટકીમાં મસ્ત કરી દેતો;
ઘણો જાચ્યો ગરીબીથી, લગીર પણ પ્રેમ પામ્યો નહીં.
અહીંનાં સુખડાં ભૂંડાં, દુઃખી અંતે નીવડવાનાં;
જગતજંજાળમાં જરી યે, અમારો ઠાઠ જામ્યો નહીં.

અરે ! જા બેકદર દુનિયા ! ભરોસો રંચ નહિ તારો;
તહારાં નાજનખરાંની, અમારે કાંઈ કિંમત નહીં.
અમે દેરાસરી નિત્યે, અલખની લેહ લગાવીશું;
રમીશું ખાખ એકલડા, અમારે કાંઈ પરવા નહીં.

## ૪૩ : પ્રેમીની પ્રણયઘોષણા

જગ છો ગમે તે કહો તને હું તો ચમેલી કહીશ જા;
તત્પર ગુણાનુવાદ ગાવા હું હમેશે રહીશ જા.
રહેવા હજૂરમાં તાહરી દિનરાત દિલમાં ચહીશ જા;
તજીને બધું હું તો અનન્યે દાસ તારો થઈશ જા.
તારા વગરનાં સહુ સુખો ગતિ તુચ્છ હુંય તજીશ જા;
એકાગ્રચિત્તે લહેરથી હું તુજનેજ ભજીશ જા.
તારી મનોહર મૂર્તિ હું નેનોથી પીશ ઠરીશ જા;
હે પ્રાણ! તારા નામનું બહાનું હમેશ ધરીશ જા.
તુજ નામની કિસ્તી થકી ભવસાગરે ઝીલીશ જા;
તારા બિરદની એકલી ચિત્ત આશ મીઠી ધરીશ જા.
હર રીતથી વહાલી તને ખૂબ ખુશ ખુશ કરીશ જા;
તારી ભલાઈઓથી બધી દશ દિશ હું ગજવીશ જા.
ખુદ ખૂબસૂરતીને તાહરૂં કરી ધ્યાન હું લજવીશ જા;
તું આગળે એ પણ હઠે કહી માન હું તજવીશ જા.
સહુ સૃષ્ટિમાં તું તું ભરી તું એક ભરી એ લહીશ જા;
તારા વગર બીજું ન દેખું હું છચોકે કહીશ જા.

આઠે પ્રહર તુજ પ્રેમની મદિરા પીને હું છકીશ જા;
બની યાદમાં ગુલતાન ભૂલી ભાન નિત્ય બકીશ જા.
મારી ચમેલી રસભરી, મારી ચમેલી જપીશ જા;
આ પ્રેમઘેલો છે બનેલો ભલે હું એમ ખપીશ જા.

## ૪૪ : સનમની નિગાહ

નિગાહ તુજની, અરે ! બદમસ્તીમાં હુશિયાર કેવી છે ?
અમારું દિલ ચુરાવાને, કહો ! તૈયાર કેવી છે ?
અદાથી ફેરવી ખંજર ગળા પર, તું પછી કહેતી;
શહીદે નાઝ ! બતલાવો કે આમાં ધાર કેવી છે ?
જિગર તૂટયું રવાના ફાટયું જઈને દિલમહીં લાગી;
ગજબનો ઘા કરે ચંચલ, નિગાહે યાર કેવી છે ?
ઝબહ કરતી અમોને તું, હસીને પૂછતી પણ તું;
જરા દિલબર ! બતાવોને અહા ! તલવાર કેવી છે !

## ૪૫ : કાફી છે

કતલ આશકને કરવાને નિગાહ તલવાર કાફી છે:
વિરહના ઝખ્મને કાજે મહંમ દિદાર કાફી છે !
પરેશાં દિલ દીવાનાને નથી દરકાર જંજીરની;
અમોને ક્યદ કરવાને હૃદયનો તાર કાફી છે !
નથી તસ્બીહ, નહીં સિઝદા, નહીં મતલબ કિતાબોથી;
તસવ્વર દિલ થયું છે આ, બસ ! એ તકરાર કાફી છે.

પરેશાં જોઇને મુજને, ન કર તું ઝુલ્મ, અય ઝાલિમ!
ઇલાજે દર્દ દિલને કાજ ફક્ત તુજ પ્યાર કાફી છે!
નથી મુમકીન, અયે દિલબર! નિયત બદલે જરા મારીઃ
ડૂબેલાને બચાવાને, સનમ! તુજ પ્યાર કાફી છે!
ન જા તું જાન છોડીને, અરે! આ ફાની દુનિયામાંઃ
ઝબેહ કરવા મને તુજ ખંજરે ગુફતાર કાફી છે.

'કાન્ત'

(stamp:) ...તાલુકા પુસ્તકાલય

## ૪૬ : આત્મજ્ઞાન

અહા! શા આજ વર્ષાવે સ્વરો આત્મા પરે આશા!
બળેલો આર્ત એ શો એ સ્વરસ્નાને કરે આશા!
અરે! શું આવશે ત્યારે ફરીશું સાથ એવો દિન,
કદાપિ સ્નેહને સ્વર્ગે? કહે શૂં ખરે? આશા!
અને શું રૂઝશે આખર ઝખમ એ શુદ્ધ હૈયાનો,
અને એ ચાલશે સાથે? દયા કેવી કરે, આશા!
નહીં પરવા જરા અમને, કશી એ વસ્તુ ઐહિકની;
કરે સંતોષ જો તેને મને તો ઉદ્ધરે આશા!
નિહાળું હા! ભવિષ્યે જો ઘડી પણ નેત્રરસ જૂનો,
સખાનો સૌમ્ય, હૈયું તો સુખે ભવમાં તરે, આશા!
મને મીઠી રહી આસ્થા સદા તવ ગાનમાં, દેવી!
સ્વરો એ દિવ્ય જીવનને ભરે ને સાંભરે, આશા!

## ૪૭ : ચન્દાને સંબોધન

તને હું જોઉં છું, ચન્દા! કહે! તે એ જુએ છે કે?
અને આ આંખની માફક-કહે, તેની રુએ છે કે?
અને તવ નેત્રમાં તે નેત્રનું પ્રતિબિમ્બ જોવાને
વખત હું ખોઉં તેવો શું-કહે, તે એ ખૂએ છે કે?
સખી! હું તો તને જોતાં-અમે જોયેલ સાથે તે-
સ્મરન્તાં ના શકું સૂઈ! કહે, સાથી સૂએ છે કે?
સલૂણી સુન્દરી ચન્દા! ધરી તવ સ્વચ્છ કિરણોમાં-
હૃદયનાં ધોઉં છું પડ હું! કહે, તે એ ધૂએ છે કે?

## ૪૮ : મારી કિસ્તી

નવ સૂઝે ઉપાય કૈં ડોલાય મારી કિસ્તી!
આવા તોફાનમાં જરૂર ડૂબશે મારી કિસ્તી!
ભવસમુદ્ર છે સમાન:
બચે જો હોય લખ્યું લખત!
સહસા તોયે આ વખત ઝુકાવી છે મેં કિસ્તી.
અન્ય દશા જોઇ ડરત:
ધીમે ધીમે ગતિ કરત:
પણ અરે! આ તો તરત ઝુકાવી છે મેં કિસ્તી,
દેખી નહીં શકું ચન્દર;
કેમ દેખું ત્યારે બન્દર?
મોજાં તોફાનીની અંદર ઝુકાવી છે મેં કિસ્તી!

સફરનો હતો ચરસ:
ગણતો હતો ઘણી સરસ;
દીસે ઘણાં થયાં વરસ ઝુકાવી છે મેં કિસ્તી!

## ૪૯ : મનોહર મૂર્તિ

(કવ્વાલી)

દેવે દીધી દયા કરી મને,
અહા! મૂર્તિ મનોહર માશૂકની!
નવરંગ, પ્રફુલ્લ, ગુલાબ સમી
મૃદુ, મૂર્તિ મનોહર માશૂકની!
નયને કંઈ નૂર નવું ચળકે,
વદને નવી વત્સલતા ઝળકે;
સખી! એક જ તું ગમતી ખલકે
મને, મૂર્તિ મનોહર માશૂકની!
શિરકેશ સુકોમળ સોહી રહ્યા,
સ્મિત જોઈને તારક મોહી રહ્યા;
કામધેનુ શી બાલક દોહી રહ્યા,
તને, મૂર્તિ મનોહર માશૂકની!
હૃદયે શુભ, ઉજ્જવલ ભાવ ભરો,
પ્રણયામૃતની પ્રિય ધાર ધરો:
સહચારમહીં ભવપાર તરો,
સખી! મૂર્તિ મનોહર માશૂકની!

નવરંગ, પ્રફુલ્લ, ગુલાબ સમી
મૃદુ, મૂર્તિ મનોહર માશૂકની!
દેવે દીધી દયા કરી કેવી મને,
અહા! મૂર્તિ મનોહર માશૂકની!

## ૫૦: આપણી રાત

(કવ્વાલી)

શરદ પૂનમની રઢિયાળી સદા,
મને સાંભરે આપણી રાત, સખી!
હસે આકાશે ચંદ્રમા તારા લસે;
મને સાંભરે આપણી રાત, સખી!
વદને નવજીવન નૂર હતું!
નયને પ્રણયામૃત પૂર હતું!
હૃદયે રસમાં ચકચૂર હતું!
મને સાંભરે આપણી રાત, સખી!
નાહતાં નાહતાં પ્રકાશમાં, પ્રેમતણી,
કીધી વિશ્રબ્ધ વાતો રસીલી ઘણી;
કલ્પનાની ઇમારત કૈક ચણી,
મને સાંભરે આપણી રાત, સખી!
તારું સ્વાર્પણ અંતરમાં જ લહું;
કથા અદ્ભુત એ જઈ કોને કહું?
સ્મરનાં જળમાંહી નિમગ્ન રહું:
મને સાંભરે આપણી રાત, સખી!

રાત રૂપાળી, રૂડી, રસાળી હતીઃ
આશકોની અપૂર્વ દિવાળી હતીઃ
આખી ઉત્સવ માફક ગાળી હતી :
મને સાંભરે આપણી રાત, સખી !
પ્રાણો આપણાનો ત્યારે યોગ થયો,
અંગે અંગનો ઉત્તમ ભોગ થયો,
અને આખર આમ વિયોગ થયો :
મને સાંભરે આપણી રાત, સખી !
હસે આકાશે ચંદ્રમા, તારા લસે,
મને સાંભરે આપણી રાત, સખી !
શરદ પૂનમની રઢિયાળી સદા;
મને સાંભરે આપણી રાત, સખી !

## લલિત

### ૫૧ : મજા ક્યાં છે ?

ક્યાં છે મજા? ક્યાં છે મજા? કહે તું મુસાફર ખલ્કના!
દુનિયામહીં ક્યાં છે મજા? માની લઉં શામાં મજા?
છે ક્યાંઈ ખાણ ખુશાલીની આ ખલ્કને કોઈ ખૂણે?
દેખાડી દે! જો હોય તો, ખોદી લઉં ત્યાંથી મજા!
આલમ સુણે બહેરી ન ગાણું જ્ઞાનનું દરિયા તણું,
ને દુઃખ પોતાનું રડે તો માની લઉં શેમાં મજા?
રોવે હસે અસ્થિર ભૂત શોધે ન 'શું–ક્યાં સત્ય છે?'
દુઃખભાર લઈ મૂંગી ફરે ધરતી, લઉં શેમાં મજા?

ત્યાં આસમાને આભલાં જુદાં જુદાં કંઇ ચકચકે;
સમજે ન કો તેથી નિસાસા સૌ ભરે, શામાં મજા?
દરિયામહીં–ધરતીમહીં–ત્યાં આસમાન મહીં ઊંડે,
કહે તખ્ત ખુશાલી તણું–શું કામની પણ તે મજા?
છે ત્યાં ગયાં ભૂત તો હજારો માણવા જ અખૂટ મજા?
સાથે લઇ પાછા ફર્યાં દીઠાં નહીં, તો ક્યાં મજા?
વર્ષા બિચારી ગર્ભિણી સહેતી પ્રસૂતિ વેદના
પછડાય ચીસો પાડતી ને ગર્ભ જળરૂપે પડે;
થિજાય શિયાળામહીં, સિઝાય ઉનાળા મહીં;
દુનિયા બધી એમ જ પીડાતી દેખું છું; તો ક્યાં મજા?
ખૂબસૂરતી આલમ તણી હસતી ખીલે જે કારમી,
દેખું હું, પણ કરમાય ક્ષણમાં, માનું તો શેમાં મજા?
સુણવા કહે, અવલોકવા કો, વાંચવા કોઈ કહે;
હું મ્હાવરો રાખું ઘણો, તેમાં ન આવે પણ મજા.
આલમ તણી મેં ચોપડીનાં ફેરવ્યાં પાનાં ઘણાં;
માલિકના ડહાપણ થકી સમજુ થયો, પણ ના મજા.
હું ગાન દુનિયાનું સુણું અવલોકું સારી ખલ્કને,
જાણી લઉં છું ભેદ સઘળો તોય તેમાં ના મજા.
જિગર વિના તનહા ફરૂં તેથી ન આવે રે મજા;
આ ઇશ્ક વિણ રોતું ન માને દીલડું ક્યાંઈ મજા.
ઊડી ગયેલા નૂરથી આંખો ફરૂં જનમંડળે,
ધારી ફકીરી હું પુકારૂં 'નૂર! ઓ! મુજ નૂર ક્યાં?'

સુણે ન કો, રડવું જુએ ના મુજ હાલત આલમે;
દેખું જ તેને રડતી હું તો દુનિયામાં ક્યાં મજા?
દુનિયા મહીં, ભાઇ! નથી–ક્યાંઇ નથી–કાંઈ મજા.
ગમગીનીનો ભંડાર આ છે–માનું તો શેમાં મજા?
ઝિન્દગી છે જ્યાં સુધી સહેવું બધું રે! ત્યાં સુધી;
આ ઝિન્દગી પૂરી થશે તો આવશે ઊંચી મજા.
સ્મરવાં ગએલાં સ્નેહીને, રડવાં ગએલાં સ્નેહીને;
ભગ્નાશ જીવિત મુજ એ છે, હાલ તો કહો તે મજા!
કહો તે મજા કે દંભ કે મૂર્ખાઇ ડહાપણ જે ગમે,
અવસાન સુધી હૃદય મુજ તેમાં જ માની લે મજા.
અવસાન બાદ ઊડી જતાં, અકળિત અગમ્ય જ સ્થાનમાં,
આ ખલ્કમાં નથી ક્યાંઇ એવી લહીશ ત્યાં સાચી મજા

ખબરદાર

૪૬૯૯

## ૫૨ : રસહેલ

અખંડ એક ધાર અજબ કો વહી રહી,
ખુલી ખુદાઈ ત્યાં જુદાઈ કો નહીં રહી!
ભીંજાય સકળ ખલક ત્યાં ન ઝલક કો જુદી,
કરોડ આંખ નૂર તો એક જ ગ્રહી રહી!
અનંતમાં ઝગી રહ્યા અગણિત તારલા,
ન આંખ તેની કો કથા જુદી કહી રહી!

ન સૂર્ય જ્યોતિ જેવું કે ન ચંદ્રિકા સમું,
અનામી નૂર એવું ખલક સૌ ચહી રહી!
રસે રસાય જ્યાં બધું જ સમરસે શમી,
ન આભ અવનિ કેરી ભિન્નતા તહીં રહી!
ન દિવસ, રાત, કાળ, સ્થાન, રંગ, રૂપ કો;
અખંડ એકતાર લહર એ મહીં રહી!
ધગે ન ધોમ કે ન ભોમ શીતથી ધ્રૂજે,
તૂટેલ તારને જ એ થીજી દહી રહી!
અનંત વિશ્વમાં સમાય દેવજ્યોતિ એ,
દશે દિશાથી સ્નેહધોધ શી સહી રહી!
ડૂબ્યાં પ્રપૂર્ણ એ રસે, તર્યાં જ તે બધાં,
અચૂક અમર બુટ્ટી એવી છે જહીં રહી!
ઉતારી દેહપટ જુઓ બધું જ બ્રહ્મ આ!
અદલ જુદાઈ ત્યાં પછી કોની કહીં રહી?

## ૫૩ : જીવનઘાટના ઘા

તારા ઘા પર ઘા મને મારી રહ્યા,
પ્રભુ! તોય તે ઝીલું હું પુષ્પ સમા;
મારો જીવનઘાટ ઉતારી રહ્યા,
પ્રભુ! કેમ ગણું પછી તે વસમા?
મારી મટ્ટી છૂંદાઈ પિસાઈ રહી,
મારી જિંદગી ઝૂકી ઝુમાઈ રહી,

સરકારી તાલુકા પુસ્તકાલય

મારી બુદ્ધિ બધી અકળાઈ રહી,
 તોય કેમ ચૂકું મુજ વર્ચસમાં?
મારૂં આભ બધું ઘનઘોર થયું,
 નહીં જ્યોતિનું એક કણું ય રહ્યું;
તીણું વીજનું કર્ત્તન જાય દહ્યું;
 પ્રભુ! નિત્ય બળું તુજ આતસમાં!
તું જ જાણે એ ઘાટ શો નીકળશે,
 નવજ્યોતિ એ ભઠ્ઠીમાં શી ભળશે,
નવપુષ્પ કશું ઊગીને ફળશે;
 પ્રભુ! હું તો વીંટાયો છું ધુમ્મસમાં!
રહી કાનસ તારી ચોમેર ફરી,
 ઉરલોહનો કાટ જશે ઊતરી,
દેશે એ પછી કંચન શુદ્ધ કરી;
 પ્રભુ! શ્રદ્ધા ધરૂં તુજ પારસમાં!
તનથી તણખા ઊપડે ઊડતા,
 મારા અંતરપુષ્પની કહે ગૂઢતા;
કૈંક જન્મોની એમ જશે જડતા,
 પ્રભુ! વીર અદલ રહું સાહસમાં!
તારા ઘા પર ઘા ધમકારી રહ્યા,
 પ્રભુ! તોય તે ઝીલું હું પુષ્પ સમા;
મારો જીવનઘાટ મઠારી રહ્યા,
 પ્રભુ! લે લે, ઝગાવી દે ઓજસમાં!

## ૫૪ : ઇલ્મમક્કાનો હાજી

ખૂબ કરી જો ઇલ્મની સોદાગરી હાજી ગયો;
બેકદર ગુજરાતની કરી ચાકરી હાજી ગયો !
જ્યાં ભર્યાં'તાં આસમાને ઘોર કાળાં વાદળાં,
રંગ ત્યાં બેમૂલ કૈં કૈં ચીતરી હાજી ગયો !
જ્યાં જમીને ગૂંચવાતાં ધૂળઢગ ને ઝાંખરાં,
બાદશાહી બાગ ફૂલનો ત્યાં કરી હાજી ગયો !
ગુર્જરીનું ઇલ્મમક્કા પાક કીધું હજ કરી,
એક હજરતની ફકીરી દિલ ધરી હાજી ગયો !
ઓ મહોબ્બત! નાઉમેદી! ઓ જુવાની ગુલભરી!
તમ ફકીરીની અમીરી આ હરી હાજી ગયો !
એ અમીરીના સખુન પર ત્યાં ફિરસ્તા છે ફિદા;
અહીં ન જાણ્યું મોતી શાં શાં વીખરી હાજી ગયો!
રો હવે ગુજરાત! રો, રો! ના પિછાન્યો જીવતાં,
આંસુના દરિયાવ એવા કૈં તરી હાજી ગયો !
ના અદલ ઇનામ જગનું એક કુરબાની દિલે;
કૈં અમીરી, કૈં ફકીરી, સંઘરી હાજી ગયો !

## ૫૫ : પ્રાર્થના

મારાં પાપે આ અંતર મેલું થયું,
તેને સ્વચ્છ કરી લે ઉગારી, પ્રભો !

અધજ્ઞાને આ જીવન ઘેલું થયું,
તેને સત્યપ્રભાથી દે તારી, પ્રભો !
મને ત્યાગી ગયા સહુ લોક લડી,
મારી આંખ રહી શતધાર રડી,
મને શાંતિ મળી નહીં એક ઘડી,
તો ય તું જ સમીપ છે મારી, પ્રભો !
મારા અંતરમાં તું જ બોલી રહ્યો,
તારા સ્પર્શથી ચેતન ખોલી રહ્યો;
તારી આશ હુંમાં તું વિલોલી રહ્યો,
જેવો તેવો લે તારો સ્વીકારી, પ્રભો !
મને બાંધતાં તું જ બંધાઈ ગયો,
મારે અંતર તું સપડાઇ ગયો;
હવે આખર તો ઓળખાઈ ગયો,
મારી મુક્તિ વિના નહીં તારી, પ્રભો !
મારી આંખથી મેઘ રહ્યા વરસી,
મારાં વ્યોમ રહ્યાં હવે સ્વચ્છ લસી;
રહ્યું ના કશું લેવું રડી કે હસી,
હવે તું કે ન હું કો ભિખારી, પ્રભો !
શુભ જ્ઞાને આ અંતર પુખ્ત થયું,
તેને તારી દયાથી દે તારી, પ્રભો !
તારા જાપથી જીવન મુક્ત થયું,
તેને ધારી તુંમાં લે ઉગારી, પ્રભો !

## અમૃત કે. નાયક

### ૫૬ : હાલ અબતર છે

કદી તલવારની ધમકી ! કદી કર માંહી ખંજર છે.
ગઝબમાં જીવ આશકનો ડગે ડગ દિલમહીં ડર છે!
ઘડીમાં જીવ જોખમમાં ઘડીમાં ઝિન્દગી ભયમાં
પડયું પરહાથ દિલ આ આજ આંખો સૂળી ઉપર છે!
ન છૂટે ધ્યાન પ્રતિમાનું, ખુદાની યાદ ના આવે;
પડ્યા પથ્થર સમજમાં શું, કહે લોકો કે કાફર છે!
જિગરનો દાગ જૂનો છે, નિરાશાનો નમૂનો છે;
સહુ સંસાર સૂનો છે, ઊજડ આશક તણું ઘર છે!
તમો ધનવાન છો તો મુજ સમા લાખો ભિખારી છે;
કમાઈ રૂપનીમાં આશકોનો લાગ ને કર છે !
હૃદય ચાહે સદા જેને દયા આવે નહીં તેને;
બળ્યું એ જીવવું એના થકી મરવું જ બહેતર છે !
નહીં ભૂલું અમૂલું મુખ કદી ડૂલું થયું તો શું ?
કપાઈ સર સરાસર બોલશે, બસ ! તું જ સરવર છે!
ઊઠ્યો ચમકી હું રાતે વસ્લની જાહિદ તણી બાંગો;
અહીં તકબીરના શબ્દો સદા અલ્લાહ અકબર છે.
ન કર **અમૃત**! શિકાયત કે, એ બૂત છે પથ્થરો છે બસ;
હૃદય તુજ મીણનું રાખ્યાથી તારો હાલ અબતર છે!

## ૫૭: કરૂં કે ન કરૂં?

દૂર દિલથી સહુ સંસાર કરૂં કે ન કરૂં?
હૃદયમાં આપનું આગાર કરૂં કે ન કરૂં?
તમે કરશો કે જફા મારી વફાને બદલે?
કહોને, અય સનમ! હું પ્યાર કરૂં કે ન કરૂં?
સામો આવું છું તો પરદામાં મુખ છુપાવો છો.
દ્વાર પર થાય, તો દિદાર કરૂં કે ન કરૂં?
નાક તકફૂલ કમલ મુખ ને આંખ નરગિસની:
બધું લઈને ગળે હાર કરૂં કે ન કરૂં?
હાથ તલવાર ધરી, શીશ આશકે નામ્યું,
પછી વિચાર વળી, વાર કરૂં કે ન કરૂં?
કબોલ પહેલાં મને માગ્યા વિના આપી બેઠાં,
હવે ખિયાલ એ, દરકાર કરૂં કે ન કરૂં?
બૂતો બેકદ્ર છે: લાખોને કર્યાં છે પામાલ;
દિલ હું આપીને ઇતબાર કરૂં કે ન કરૂં?
મારૂં દિલ છીનવી, ના કહે છે આપવા પાછું:
તોછડું લાગશે, તકરાર કરૂં કે ન કરૂં?
બહુ તરસાવી બગલગીર થયો છે ઐયાર:
બોસા લાખો લઈ બેઝાર કરૂં કે ન કરૂં?
કોટિ સર દ્વાર પર જેણે ચઢાવ્યાં છે અમૃત!
બેરહમ તેને હું સરદાર કરૂં કે ન કરૂં?

## ૫૮ : બળે છે !

આંખોથી વહે છે ધારા, તોયે જિગર બળે છે;
ચોમાસે ભરપૂરે, આકાશનું ઘર બળે છે!
તેજસ્વી ઘર જોશે શું કોઈ તે સનમનું ?
જેની ગલીમાં ઊડતાં પંખીનાં પર બળે છે!
કુદરતની આગ દાબું, તો ભસ્મ થાય હૈયું;
ફિર્યાદ કરું છું તો જિહ્વા અધર બળે છે!
મૃત છું હું તોય જીવું, માશૂક અમૃત પાયે,
વર્ના તમાશો જોશે કે કેમ નર બળે છે!

મસ્તાન

## ૫૯ : એકરારનામું

હુકૂમદારની જોહુકૂમીથી હું હવે લાચાર છું;
મુફલેસ દિલ દરવેશ દર્દી હું હવે બેજાર છું.
ઇશ્કે શરાબીની મજા જોવા હવે તૈયાર છું;
ખ્વોફે જહાં ખમવા ખરે હરદમ હવે હુશિયાર છું.
માશૂકની મુરવ્વત ખરે! કરતાં હવે શીખનાર છું;
આલમ તણી બૂરી ખિલાફી હું હવે જીતનાર છું.
બની બહાવરો બન્દો સનમ! હું બન્દગી કરનાર છું;
શોખીન શરાબીનો ખુમારીને હવે રડનાર છું.
માશૂક તણા જુલ્ફે રહી આશક સદા:છૂપનાર છું;
એ જુલ્ફની ખુશબો અને લજ્જત સદા ચૂમનાર છું.

ઇશ્કે અનલહક યા પયગામે નૂરને જોનાર છું;
તજી બેઈમાની ઇમાનથી માશૂકને ઝૂકનાર છું.
ગુલઝારની સડકે પડેલા ખારને ખમનાર છું;
એ ગુલ ઉપર આફ્રિન થઈ ભેટી સદા ચૂમનાર છું.
નાદાન ને હેવાનની મિજમાનીમાં મળનાર છું;
મિજલસ દિવાનાની શરાબીમાં હવે ભળનાર છું.
ઝાંખી થયેલા નૂરની હું પેરમાં પડનાર છું;
મસ્તાન આબેહૂબ હુશ્ને! ત્યાં હું અંજાનાર છું.
સાકી તણા હાથે ભરેલી પ્યાલી હું પીનાર છું;
બદહઝમીના પરહેઝગારોને ઈજીન કરનાર છું.
મિઠ્ઠી શરાબી પી બીમારીને સદા ગાનાર છું;
ગમગીનીની યારી કરી ઉદાસીને ચાહનાર છું.
આલમ થકી બાતલ થઈ હું દરખતે ચડનાર છું;
પાકી તલાશે એ પરિન્દાને હું પારખનાર છું.
યારી કરી ચૂમી લઈ એ સાથ હું ઊડનાર છું;
દે શુક્ર ઓ વાલી સનમ! તકલીફ હું સહેનાર છું.
માની મઝા એ સાથ તાબેદારીમાં જીવનાર છું;
કાબિલ! કરો સિતમ! મગર ગરદન ન ઊંચકનાર છું.
આબેહયાતીના ઝરામાં હું હવે ડૂબનાર છું;
ઓ સનમ! તૂં કર રહમ! એ રહેમતે જીતનાર છું.
હાજત નથી બીજી હવે આશક હું ઇન્તિઝાર છું;
આબાદીબાદી જોઈ છે: બરબાદીને ચાહનાર છું.

હેરતભરી હોનારતે યાહોમ થઈ રમનાર છું;
કિસ્મત બતાવે ખેલ તે સહેલાઈથી સહેનાર છું.
ઇન્સાફની પર્વા વગર અહેસાન ઊંચકનાર છું;
ઇન્સાનના ઇન્સાફની પર્વાથી બેદરકાર છું.
યા સનમ! હઝરત સલામત! ખુદ હું કરજદાર છું;
દાખિલ કરો દાવો હમારો યાર હું અરજદાર છું.
તુજ નેકીમાં ધરતો કદમ મસ્તાન ગિરફ્તાર છું;
પડતો બચાવો ઓ સનમ! હું બેરહમ બેશુમાર છું.
મગરૂર છું તારી તુફેલે દાર પર ચડનાર છું;
માશૂક કરો હાસિલ હું હકનો ફક્ત દાવાદાર છું.
ઉમ્મિદ બર લાવો સનમ! હું વસ્લનો ચાહનાર છું;
ગમગીનીમાં ડૂબું, અયે! માશૂક! તાબેદાર છું.
એકરારનામું કબૂલીને દરિયાફ કર દિલદાર છું;
શામિલ કરો મસ્તાન મિસ્કીનને, સનમ! હકદાર છું.

## ૬૦ : સખે! ભૂલો પડયો હું તો!

તજ્યો મેં રાહ દુનિયાનો પ્રણયપંથે ચડ્યો હું તો;
નવી દૃષ્ટિ ન કાં દેતો? સખે! ભૂલો પડ્યો હું તો.
જગાવી હોળી મેં આ તો દિલે આતશ હવે સહેતો;
નવું જૂનું ભૂલી જાતો, સખે! ભૂલો પડ્યો હું તો.
મરૂં ગૂંગળાઇને હું જો! ઉઘાડી દ્વાર દે તું તો;
શરમ યા રહમથી સૂતો? સખે ભૂલો પડ્યો હું તો.

અજબ દારૂ નશો કરતો, અજબ ખુશબો ન કાં ભરતો?
ધીરજ દિલમાં ન હું ધરતો, સખે! ભૂલો પડ્યો હું તો.

મીંચું હું ચશ્મ શી રીતે? સખી! સામે ખડી તું જો;
હજી દાવો ન કાં લેતો? સખે! ભૂલો પડ્યો હું તો.

બલા વળગી પડી આ તો, અજબ આ ઇશ્કનો રસ્તો;
મગર કાંટાભરી વાડો, સખે! ભૂલો પડ્યો હું તો.

જતો હારી, હવે થાકયો, જિગર વહેતું થતાં સૂતો;
નથી કૈં મોતથી બીતો, સખે! ભૂલો પડ્યો હું તો.

સખે! હું વસ્લને ચાહતો, જુદાઇ ના હવે સહેતો;
બતાવો રાહ કૈં સાચો, સખે! ભૂલો પડ્યો હું તો.

જગાવ્યાં ભૂતને મેં તો, હવે ના દાદ તું દેતો!
ગુઝર અન્દર ન હું કરતો, સખે! ભૂલો પડ્યો હું તો.

અધૂરા રાહમાં ઊભો, ટકાતું–ના ઉડાતું જો;
હવે સામું ન કાં જોતો? સખે! ભૂલો પડ્યો હું તો.

દશા મારી ન કાં જોતો? દિલે કાં રહેમ ના ધરતો;
હકીકતમાં ન હું ભળતો? સખે! ભૂલો પડ્યો હું તો.

પ્રલોભનમાં ફસાયો છું? અગર બલિમાં ખપું છું? જો;
મગર પોતાપણું ભૂલતાં–સખે! ભૂલો પડ્યો હૂં તો!

નથી આંસુ હવે વહેતો, ઉપાધિમાં પડ્યો રહેતો;
ઉપાધિથી કરો છૂટો, સખે! ભૂલો પડ્યો હું તો.

મઝા માની પડ્યો હું તો, પ્રણયના પંથમાં ઘૂમ્યો;
મગર ભાલો મને ભોંકયો, સખે! ભૂલો પડ્યો હું તો.

વહે છે ખૂનની નીકો, નશાના કેફમાં સૂતો;
જિગર મસ્તાન દર્દી જો! સખે! ભૂલો પડ્યો હૂં તો.

## ૬૧ : સુંદિર મુખડું આપનું*

શું મઝા! ફકીરોથી ઢાંકો 'ગર ન મુખડું આપનું,
દિલભર જુએ અમ આખરે, સુંદિર મુખડું આપનું. ૧
પ્યારની ખ્વાહિશમાં હારુન સમ અમ આપદા,
ઠીક થાત દીઠું હોત ના સુંદિર મુખડું આપનું. ૨
કેદી બનત હારુન ના તવ ચિબુક કેરા કૂપમાં,
'ગર ન વર્ણ્યું મારુતે સુંદિર મુખડું આપનું. ૩
પ્રસરી સુગન્ધિ બાગમાં એ દાખવે તમ હાજરી,
છે મસ્ત બુલબુલ જોઈને સુંદિર મુખડું આપનું. ૪
સહે સખ્ત જુલ્મ જુદાઈનો મસ્તાન નિત્યે રે સનમ!
કર દૂર ઘૂંઘટ કે જુએ 'હાફેઝ' મુખડું આપનું. ૫

## ૬૨ : નસીબ આજ રાત*

ખુદાએ પાક ખોલિયું નસીબ આજ રાત,
પ્યારીએ દર્શન દીધું, નસીબ આજ રાત. ૧
દિલદારનું મુખ જોઈને સલામ હું કરું,
અલ્લાહની તારીફ કરૂં, નસીબ આજ રાત. ૨

---

* હાફિઝ પરથી ભાષાન્તર

વસ્લથી આરામનું દરખ્ત ફાલિયું,
ફળ્યો ફૂલ્યો હું પણ ફરૂં, નસીબ આજ રાત. ૩
ચિતરાશે 'અનલ હક'ખૂને જમીન પર, અગર,
મનસૂર સમ શૂળી ચઢું, નસીબ આજ રાત. ૪
લયલે–તુલ–કદ્રનો છે હિસ્સો મારે હાથ,
જાગતું કિસ્મત થયું, નસીબ આજ રાત. ૫
ચાહું હું શિર કપાય જ્યમ મનસૂરનું થયું,
ઉઠાવું તબક ઢાંકણું, નસીબ આજ રાત. ૬
બક્ષિસનો હું છું પૂરો, હકદાર ખુદાવંદ,
હુસ્નની જગાત લઉં ખુશી હું આજ રાત. ૭

દિવાનો

## ૬૩ : અદાવતમાં મહોબ્બત

નથી ઉલ્ફત તમારી પાસ પણ નફ્રત તો છે કે નહીં ?
મહોબ્બત હો ન હો, દિલબર ! દિલે નબ્વત તો છે કે નહીં ?
નહીં જો પ્યારથી તો ક્રોધથી પણ હમ તરફ જોશો ?
ભ્રકુટી ક્રોધનીમાં બાણની હરકત તો છે કે નહીં ?
પ્રીતિનાં વાક્ય નહીં સુણીએ, સુણીશું ક્રોધના શબ્દો;
ઝબાં તે પણ તમારી બોલની લજ્જત તો છે કે નહીં ?
ન તારા અંતરે વાસો કદી વસવા મને દેશે–
છબી મુજ અંતરે તારી રહી તુજવત્ તો છે કે નહીં ?
ભલે ઇન્કાર તારો હો, ન હો ઇકરાર તેથી શું ?
છું તારો, એમ આ કહેનાર સહુ ખલ્કત તો છે કે નહીં ?

ભલે તું આજ ભરમાઈ હરીફોના ભમાવ્યાથી;
ભવિષ્યમાં પણ એ તારા વસ્લની હસરત તો છે કે નહીં ?

### ૬૪ : એકના વિના

'અમારા લાખ ચાહનારા ! ગયું શું એકના વિના ?
'બલાથી જો ગયો તું, તો થયું શું એકના વિના ?'
તમારી એ ખુમારી છે, નથી કિમ્મત કંઈ દિલમાં;
રહ્યું શું એકના વિના ? ગયું શું એકના વિના ?
ભલે મીંડાં હજારો હોય, પણ ના આંકડો એ એક;
તો મીંડાં રહ્યાં મીંડાં, રહ્યું શું એકના વિના ?
લગાવ્યા તાર બહુ સારંગીમાં પણ એક તૂટતાં એ;
બતાવે સાજ બેસૂરો, ગયું શું એકના વિના ?
ભલે પગ હાથ હો કે કાન ને મુખ નાસિકા પણ હો;
ભલે હો અંગ સર્વે, પણ થયું શું એકના વિના ?
રહ્યું છે એક કંઈ દૈવત શરીરમાં, તે ઉપર જીવન;
ગયું જો એક, ખોખામાં રહ્યું શું એકના વિના ?

### ૬૫ : પ્રેમની ઘેલાઈ

લપાઈ પ્રેમની ઘેલાઈમાં છૂપી ખુદાઈ છે,
ચમકતાં લોહ ખંજરમાં મીઠી લહેજત સમાઈ છે.
થઈ ઘેલો જગે ફરવું સનમનું ગાન મુખ કરવું,
હૃદયમાં ધ્યાન તો ધરવું સનમનું એ કમાઈ છે

ભર્યું છે દુઃખ દુનિયામાં નહિ કંઈ સુખ દુનિયામાં,
છતાં સુખ મેળવે તેથી, જગતમાં એ નવાઇ છે.
અમે ચોળી સહુ અંગે, સનમની યાદ કેરી ખાક,
ધૂની આ પ્રેમીનીમાં તે, કળી સુખની લપાઈ છે.
નિસાસા માશૂકના વ્રેહના, તે તો ધમણ છે,
બન્યાં આ હાડ લાકડ પ્રેમ, અગ્નિકુંડમાંહી છે.
થઈ ચિતા ! ભડકતી હોમ, કીધો આંસુડાં ઘીનો,
લઇ મુખ મંત્ર માશૂક નામ, આહુતિ અપાઇ છે.
પૂર્યું ઘીને થયા ભડકા, પડી મૂર્તિ નજર તેમાં,
મીઠી મૂર્તિ તણી યાદી, હજી દિલમાં છપાઈ છે.
લઇ વીણા કરે ને ગાય, દૈવી ગીતડું મીઠું,
મધુરાં ગીતની ધૂન આ, હૃદયમહીં રહી છવાઇ છે.
કીધો મેં યજ્ઞ તો પૂરો, હવે તો ભોગ છે દેવો,
દઇ દે ભોગ લઇ ખંજર, પછી તો બાદશાહી છે.
કહે દુનિયા 'દિવાનો' તો કહે છે કામ તેથી શું ?
દિવાના માર તું હૃદયે, શનમ યાદી રફાઇ છે.

દા. ખુ. બોટાદકર

૬૬ : પ્રેમ અને સત્કાર

લખ્યું તેં પત્રમાં પ્યારા ! 'નથી સત્કાર મેં કીધો,
'ખબર વિવેકની મુજને નથી તો તું ક્ષમા કરજે.'
અહો ! સત્સ્નેહને અંગે, સુહૃદ એ બોલવું છાજે ?
અરે જો પ્રેમ આદરને નહીં એ પ્રેમ પ્રેમીનો.

અખંડિત પ્રેમને બન્ધુ ! જરૂર શું હોય આદરની ?
'પધારો, આવજો, બેસો,' વૃથા એ વાદ શા સારૂ ?
હૃદયસત્કાર જ્યાં થાતો ઉભય ઉરમાં વિના માગ્યો,
નયનસત્કાર નવ ઇચ્છે, વદનસત્કાર શાને તો ?
વિનય રસના તણો એવો, બતાવે પ્રેમમાં ખામી;
પ્રપંચી કાજ રહેવા દો, ન ઇચ્છે પ્રેમનાં પાત્રો.
હસે દિલ પ્રેમનાં ભરિયાં, રહે જુદાં છતાં સંગે.
વિનય સત્કારને એમાં, નથી અવકાશ મળવાનો.
પધારો એમ કહેવાથી, પધારે તે પધાર્યા ના !
નિમંત્રણ પ્રેમીને શેનાં ? અનાદર પ્રેમીને શાનો ?
મળ્યાં છે ચિત્ત વિણયત્ને, શરીર જોડાવવાં શાને ?
કરે કર આપવો શાનો ? મને મન જ્યાં મળેલાં છે ?
હજુ 'હું-તું' તણો દિલમાં રહ્યો શું દ્વૈત-મત તુજને ?
ક્ષમાની યાચના તે ક્યાં ? ક્ષમા કરનાર કો બીજો ?
'પધારો' આદિ પોતાને કહે તે તો વિકલ ભાસે;
વિકલતા પત્ર તારામાં મને સન્મિત્ર ! ભાસે છે.
સુહૃદનું આગમન થાતાં ઊઠે સત્કાર કરવાને,
અરે ! એ તો જનો જૂઠા, ખરેખર ! બાહ્ય પ્રેમી તે.
ભલે ! એ થીગડાં દેવાં હજો અતિ ઇષ્ટ શિષ્ટોને,
સ્પૃહા સત્પ્રેમના ભોગી, જનો તે તેની ક્યમ રાખે ?
વિનયની પૂરણી માગે અધૂરી એટલી પ્રીતિ;
પ્રતીતિ પ્રેમની કરવા નથી અધિકાર આદરને.

## નારાયણ વિસનજી ઠક્કુર

### ૬૭ : તરુણા તરલાનું પ્રેમગાન

આ પ્રેમ એવી વસ્તુ છે જે સ્વાર્થને નથી માનતી;
લજ્જા તથા જનમાનને પણ તે કદી ન પિછાનતી.
જો જો પતંગ બળી મરે દીપક મરે નિઃસ્વાર્થ તે;
ને પ્રાણ અર્પે છે ચકોરો ચન્દ્ર પર નહિ સ્વાર્થ તે.
હે પ્રાણવલ્લભ ! પ્રેમદા આ પ્રેમની છે ભોગિની;
તે ઇચ્છતી ના વૈભવોને પ્રેમની છે યોગિની.
મમ નેત્ર આ આતુર રહે છે તવ વદનના દર્શને;
ને ઇચ્છતું આ હૃદય નિશદિન તવ તનુના સ્પર્શને.
સૌભાગ્યહેતો ! જીવના આધાર ! સત્વર આવને;
તું સ્નેહજલ સિંચન કરી આ વિરહવહ્નિ શમાવને.

## સાગર

### ૬૮ : સનમને સવાલ

શબ્દ ? સનમ ! આપશે ? પૂછું ? સનમ ! જિવાડશે ?
દિલથી દિલ દબાવશે ? તું ગોદમાં સુવાડશે ?
અગર–છું હું તુજ શિકારઃ
કત્લનો ય તલબગારઃ
યારની અમર કટારઃ
ઘા પૂરો લગાવશે ?

વીતી જતાં વરસ વરસઃ
જિગરમાં મગર તરસઃ
તો–સનમ ! પૂછું છું બસઃ
પૂરૂં કરી પિવાડશે ?

લાગી, સનમ ! દિલલગન ?
શી રોમ રોમ આ અગન ?
કિસ્મતે ફક્ત રુદન ?
સૂકું સુમન ! ખિલાવશે ?

જિગર જપે એક યારઃ
ઇશ્ક યારનો પુકારઃ
તો કટાર યા દિદાર ?
યાર ! કૈં ચખાડશે ?

રગરગે તૂંહિ તમામઃ
જો ચીરી અય ! નેકનામ !
આવશે કશું ય કામ ?
આમ યા જલાવશે ?

અસ્થિ, માંસ, ચર્મમાંઃ
વિચાર, વાણી, કર્મમાંઃ
સનમ ! શરાબી ધર્મમાં–
કદમ કહે ! ઠરાવશે ?

યાર કે છું અરજદાર ?
યા હજી ઉમેદવાર ?

કે સનમ ! હું ભટકનાર ?
કંઈ જવાબ આપશે ?

હું તને શું ? બોલ ! બોલ !
તું મને શું ? ભેદ ખોલ !
દર્દ બોલ ! ઇશ્ક બોલ !
ક્યાં સુધી તપાવશે ?

જિગર જો ! કર્યું હર્રાજ:
પહેર્યું તુજ ફકીરી તાજ:
તો–કદમનું અમર રાજ–
જિગરમાં જમાવશે ?

શબ્દ ? આપશે, સનમ ?
જીવ્યું જિતાડશે, સનમ ?
સૂવે તું ત્યાં, કહે ! સનમ ?
શું ગોદમાં સુવાડશે ?

૬૯ : દરગાહ બસ મુજ કત્લગાહ

યારો ! કોઈ છે દર પર અહીં ? હાઝર બિરાદર યા નહીં ?
યારો ! કત્લગાહ પર કૂચ ઠરી: ના ! ના ! અહીં સોહી કહીં ?
અલબત્ત આશક યારના:
બેશક, કશા હકદાર ના:
તાલિબ ફક્ત તલવારના:
અમરાપુરી અસલી તહીં.

અસબાબ અમીરી આપના:
ગુલશન અનાર ગુલાબના:
સીસા સુરેખ શરાબના:
સૌ આપ ભોગવજો અહીં.
અર્જી લખો મુજ યારને:
ગમખ્વાર દિલ હુશિયાર છે:
લે—લે ઘસી હથિયારને:
લાવો : કરૂં છેલ્લી સહી.
થાતાં ઝબેહ ન કરું રુદન:
પહોંચાડજો હસતાં નમન:
દિલબર હુઝૂર બે–બે સુખન:
'ગરદન ગઝબ તલપી રહી.'
કોણે કહ્યું દિલદારને—
'દે દિલ દિવાના યારને'?
જા ! ના કહે: ન રહમ કરે:
મારૂં જિગર ખંજર મહીં.
ના ! ના ! હવે બોસા ન દે:
પહેરૂં સુખે કફની ભલે:
બીજી ફિલસૂફી ન ખપે મને:
'હાં ! જા ! કહે, કાસદ ! જઈ.
ના ! ના–અરે–ખપનું કફન:
ના ! ના–ભલે–કરજો દહન:
ચાહવું અને મળવું વતન:
આશા કતલખાને રહી.

શાયદ અજાયબ આદમીઃ
ગમી યા ગમી કૈં ના ગમીઃ
પણ–ભાવતી કાતિલ ઝમીંઃ
કુરબાની ગમી ત્યાં ખુશ થઈ.

દશ લાખ ઘા દિલમાં પડ્યાઃ
રૂઝયા, ફરી ફરી ઊબળ્યાઃ
લહાવા નવા કૈં કૈં મળ્યાઃ
લઉં છેલ્લી લહાણ પતી જઈ.

માશૂક ! હુસેની બાદશાહ !
સાગર ! ફકીરી ઇશ્કરાર !
દરગાર બસ મુજ કત્લગાહઃ
લઈ બંસી ચલ ! ગા તું હિ ! તું હિ !

## ૭૦ : જોગીની ગઝલ

જનમના જોગીડા છઇએ : અમે તો જોગીડા છઇએ :
ખુદાના ખુદ બન્યા છઇએ : જનમના જોગીડા છઇએ.

સનમના જોગીડા છઈએ :
સનમના જોગીડા છઇએઃ
અનલહકમાં મચ્યા રહીએ :
જનમના જોગીડા છઇએ.

અમે જૂના જમાનાના
શરાબી આદમી છઇએ :

ડૂબેલા ઇશ્કને દરિયે
જનમના જોગીડા છઇએ,
ફકીરી હાલમાં ફરીએ:
ન પર્વા કાલની કરીએ:
ખુદા દિલબર સનમ કરીએ:
જનમના જોગીડા છઇએ.
ભલે રડીએ, ભલે હસીએ:
ભલે પડીએ, ભલે ચડીએ:
મગર ના ! ના ! નહીં ડરીએ:
જનમના જોગીડા છઇએ.
નહીં ! નહીં નોકરી કરીએ:
અસલ મસ્તાન દિલ છઇએ.
જુલમ જૂઠા નહીં સહીએ:
જનમના જોગીડા છઇએ.
સનમના પ્રેમસાગરની,
અમે ગેબી લહર છઇએ:
સનમના મસ્ત કાયમના,
જનમના જોગીડા છઇએ.

૨

ફકીરી બાદશાહ છઇએ:
ફકીરી બાદશાહ છઇએ.
અમે તો બાદશાહ છઇએ:
ફકીરી બાદશાહ છઇએ.

નહીં જામો, નહીં કફની,
નહીં! નહીં! ખાક નહીં ધરીએ:
અનલહક બસ રહે હઈયે:
ફકીરી બાદશાહ છઈએ.
અસલ સત્તા સનમશાહી,
ઝમીં અસ્માનને દરિયે:
સલામી બસ તહીં દઈએ:
ફકીરી બાદશાહ છઈએ.
ફકત માલેકની રૂબરૂ,
અજાયબ ગુફતગો કરીએ:
સનમ! તારી હકીકતમાં,
ફકીરી બાદશાહ છઈએ:
ફના કરીએ, ફના થઈએ:
ફના કરવા હુકૂમ કરીએ:
ફનાની શહનશાહતના,
ફકીરી બાદશાહ છઈએ.
બકાના તખ્ત પર આખર,
ખરા વારસ અમે છઈએ:
અમરગઢ જીતવા જઈએ:
ફકીરી બાદશાહ છઈએ.
સનમનાં જોર પર સાગર,
ભરી ભરી નૂર પી લઈએ:
દિલે દિલ શહનશાહબાનુ!
ફકીરી બાદશાહ છઈએ.

તાલુકા ...

## ૭૧: મારી સનમ

ગા ! ગા તું, બર્જત ! દમ બ દમ:
ગા ઇશ્ક, ગા ગા રહમે સનમ:
ગા ! ગા અગમ રાહે સનમ:
તૂં હિ તૂં હિ ! મારી સનમ !

મારી સનમ ! મારી સનમ !
કાયમ દિલે મારૂં હરમ:
પડઘમ બજે જ્યાં દમ બ દમ:
સુરસારીગમ: મારી સનમ !

તુજ ઇશ્ક એ જ અજબ રહમ:
એ એ જ નેતિ અગમ નિગમ:
ભાંગી તૂટી બૂડી કલમ,
કમજોર છે મારી: સનમ !

આંખી થતાં જ ઢળી પડયો:
હજરત મુસા હાંફી ગયો:
ના ! ના દિદાર સહી શકયો !
તાકાત શી મારી ? સનમ !

દર દર ફરૂં નગરે નગર,
હરચીજ સુન્દર હો અગર,
જળતું જિગર સૂનું મગર,
તારા વગર: મારી સનમ !

તારા પીધા ગેબી સુખનઃ
ના! ના દીઠું તારૂં બદનઃ
ઈક્તિન થશુંઃ મળશું વતનઃ
લે! લે વચનઃ મારી સનમ!
પણ–ચશ્મથી માણિક્ય શો,
શો ઇશ્ક તુજ વરસે અહો!
દાવો અનામી છે કશોઃ
તારે તખતઃ મારી સનમ!
મારા ગુનાહ સો લાખ છેઃ
બિસ્મિલ બન્યું દિલ ચાક છેઃ
જો! જો! જિગર પૂર ખાક છેઃ
તું ઝિન્દગીઃ મારી સનમ!
ગોયા જહાં સહુ ખ્વાબ છેઃ
હક લબશરાબ ગુલાબ છેઃ
એ સાફ ઇશ્કહિસાબ છેઃ
છે ઇશ્ક તુંઃ મારી સનમ!
દિલદાર! પરદેપોશ છેઃ
દર્દી જિગર બેહોશ છેઃ
પણ–ઇશ્ક પર ખામોશ છે.
તું જહાંપનાહઃ મારી સનમ!
સૂળી ઉપર હસતો સૂતો!
મનસૂર 'અનલહક' બોલતો!
દાવો ખુદાઈ કરી શક્યો!
તારી હૂંફેઃ મારી સનમ!

કૌવત કશું ઇન્સાનનું ?
'છું હું ખુદા !' શી રીતે કહ્યું ?
તેં તેં જ ત્યાં કામણ કર્યું !
બની તું ઝબાં: મારી સનમ !

મુરદાં, અહો ! જીવતાં થતાં !
'દમ્કુમ્બ-ઈઝ્‌ની !' બોલતાં !
નહીં શખ્સ એ કરતો ખડાં:
દમ તું ફૂંકે: મારી સનમ !

દરખત ભીતર દરખત થતો !
દિલ 'લેલ ! લેલ !' પુકારતો:
મજનું તને જપતો ખડો:
પગ તુજ દુઃખે: મારી સનમ !

ફરહાદ પહાડ શું ફોડતો ?
નહીં ! કોહકન આશક હતો:
એ હાથ તો પણ ખોદતો—
તારો હતો: મારી સનમ !

કોઈ ઝૂલેખા બાપડી:
કો ઘેલી લેલી ગરીબડી:
જીવતી શિરીં કબરે સૂતી !
સૌ તુજ કદમ: મારી સનમ !

જડ પથ્થરે જોગી થતી !
કોઈક 'મીરાં રાંકડી' !
નામે સનમ ! જીતી જતી !
ભળતી તુંમાં: મારી સનમ !

જડમાં તુંને જોતી સતી,
ખુદી જલાવી જલી જતીઃ
કાફર કહે કાફર કદી !
પણ ઈશ્ક ! એ મારી સનમ !
આબાદ લગની લાગતી,
તેને, સનમ ! તું તારતીઃ
જડ ચેતના ભેદો નથીઃ
જોતી ફનાઃ મારી સનમ !
છો હોય જડ યા ચેતનાઃ
દિલ એકમાં હો પૂર ફનાઃ
તો ખુદ ખુદાની કશી તમા?
શું છે ખુદા ? મારી સનમ !
જ્યાં આશકોના આહ છે,
ભર અશ્ક પર દરગાહ છે,
ત્યાં ખુદ ખુદા જ પ્રવાહ છેઃ
છે ગેબ એઃ મારી સનમ !
ઝુલમ, ઝખમ તોબાહ છેઃ
છે દૈવી પણ દિલદાહ એઃ
ના જોગીઓ ગૂમરાહ છેઃ
છે રાહબર મારી સનમ !
કરૂં શું હું વેદપુરાણને ?
શું તીર્થ, સંધ્યાસ્નાન છે?
દિલબર જહીં દિલજાન છેઃ
તૂંહિ ! તૂંહિ ! મારી સનમ !

ના! ના! સનમ પંડિત નથી!
વેદાન્તી વા ફિલસૂફ નથી!
છે–છે બધું: પણ પ્રીતડી!
બસ પ્રીતડી મારી સનમ!

દુનિયાની ઇજ્જત આબરૂ:
એને શું પહેરૂં? પાથરૂં?
સારી જહાંને શું કરૂં?
તું રૂબરૂ હો! મારી સનમ!

વહાલાં ન કો અળખામણાં:
પણ–આપણાં શમણાં ફળ્યાં:
દિલ દિલ, સનમ! આપણ જડ્યાં!
રહેજો નિકટ: મારી સનમ!

લાખો કરોડ વરસ વીત્યાં:
આપણ હતાં બે એકડાં:
વિખૂટાં પડ્યાં: પાછાં જડ્યાં:
ફરીથી જુદાં: મારી સનમ!

દરિયાવદિલ મોતી ઝર્યાં:
રે ઈશ્ક!–યા શું કરૂં બચાં?
જુગજુગ ભમ્યાં દિલનાવડાં:
તરવા પડ્યાં: મારી સનમ!

કૈંક લાખ જહાજ તૂટી ગયાં:
બચવા નવા મછવા મળ્યાં:
ભરપૂર સાગરિયે મળ્યાં:
આમીન! અહો! મારી સનમ!

તુંમાં ડૂબું છું હું: સનમ!
હુંમાં ડૂબે છે તું: સનમ!
આ વસ્લ! સાગરિયે સનમ!
કાયમ રહો! મારી સનમ!

કૈં કૈં સિફ્ત બોલત અગર જો હોત હું શાયર:
હું તો સનમ! તારા, મગર, લબનું બનું **સાગર**.

## રંગ અવધૂત

### ૭૨ : નિજાનંદ

પ્રભુ પરખ્યા હૃદે જેણે, ફરે ભમતો જગે શાને?
પીધું આકંઠ અમૃત તે કરે કાંજી વૃથા શાને? ટેક.
મળી વટવૃક્ષની છાયા, નિદાઘે તાડ કાં ઢૂંઢે?
ભર્યાં કોઠાર રત્નોના ગૃહે, કાં પથ્થરો ફોડે? પ્રભુ૦ ૧
ગૃહે સુરધેનુ કાં દોડે ગૃહોગૃહ તક્રને માટે?
વહે ગંગા નિજાંગણમાં, ભમે રુએ એ શા માટે? પ્રભુ૦ ૨
શરદપૂનમ તણી રાતે, અકર્મી આગિયો ખોળે?
થવા ઉજાસ અંગણમાં, બપોરે દીપ પ્રજ્વાળે! પ્રભુ૦ ૩
ન શોધે મોર ચિતારો, કદી પિક 'રંગ' તંબૂરો;
કૃતાકૃતથી પરે બેસી, નિહાળે ખલ્કને રો રો! પ્રભુ૦ ૪
ખુશામત માળીની કદી ના કરે વસંત વનમાળી!
નિજાનંદે ફરે અવધૂત, દઈને મોતને તાળી!! પ્રભુ૦ ૫

ફકીર

## ૭૩ : જુદો છે!

કહું હું શું અહીં-મુજ દિલતણો હર તાર જુદો છે;
અને ફરિયાદનો હર તારમાં પોકાર જુદો છે.
ન પીતે હું મદિરા-પણ, અહીં પાનાર જુદો છે;
ન સુણતે લેશ-કિંતુ, ગીતનો ગાનાર જુદો છે.
જમાવું છું હવે હું સૂર-દિલના તાર તોડીને;
કલેજું હાથમાં છે, આજ સાંભળનાર જુદો છે.
હતી નીચી નજર એની-મગર, મીઠી નજર એની;
સકળ સંસારથી એ યાર બેદરકાર જુદો છે.
પ્રપંચોથી ભરી દુનિયા, વિલાસોની નથી સીમા;
અસંગત પાર સાગર વીંઝતો તરનાર જુદો છે.
ન જીવું સારહીન જગમાં, મગર બંધન વફાનાં છે;
અમારી જિંદગીને જીવવામાં સાર જુદો છે.
જુદાઈના ભરૂં છું દમ, ગુમાનો છે તને હર-દમ;
ન કહેજે તું મને હમદમ, કે મારો યાર જુદો છે.
સદા સૂતો રહ્યો હું સ્વપ્ન જોતો જાગૃતિઓનાં;
જીવન વીતી ગયું કિંતુ-અહીં ભણકાર જુદો છે.
હયાએ શિર ઝુકાવીને અદાથી શું કહ્યું એવું
કે સૌ ઇકરારથી પર આજનો ઇકરાર જુદો છે.
મિલન-આશા ભલે જૂઠી, મગર એની જુદાઈમાં;
કહું કોને જઇને હું, કે મારો પ્યાર જુદો છે.

## ૭૪ : ગઝલરૂપં !

વ્યથાઓ જીવનની અદા થઈ ગઈ;
અદાઓ તમારી બલા થઈ ગઈ.
વફાની ન ખાહિશ રહી છે હવે-
વફાઓ અમારી ખતા થઈ ગઈ.
તસલ્લી હતી દિલને તદબીરથી-
ઘડીભરની કિસ્મત ફના થઈ ગઈ.
વિરહની નવાજિશ થઈ પ્રેમમાં-
ખુશી જિંદગીથી ખફા થઈ ગઈ.
હૃદયની તમન્નાને દફનાવવા—
હજાર આફતો છે જમા થઈ ગઈ.
ભમે છે નિગાહો હવે ચોતરફ;
દિવાની અરેરે ! હયા થઈ ગઈ.
તિમિર કંઈ દીસે છે નજરમાં હવે;
વિરહ-રાત્રિઓ, શું ઉષા થઈ ગઈ.
નિહાળીને એને ગઝલ-રૂપમાં-
'ફકીર' જાન મારી ફિદા થઈ ગઈ.

## ૭૫ : પ્રકાશ દેજે !

રંગો વસંતના છે, મુજ દાગદાર દિલમાં,
પુષ્પો ખીલી રહ્યાં છે-સુરભિપ્રસાર દિલમાં.

પ્રીતિમહીં જગતની–દીઠી વિભુની મૂર્તિ;
પામી ગયો હું નિજને–હર હર પ્રકાર દિલમાં.
આશાના પ્રાણ જૂઠા–માયાની કાય જૂઠી;
ઊર્મિ પ્રમાદની છે–જગનો ચિતાર દિલમાં.
સૌન્દર્યની વિભૂતિ ઊર્મિ બનીને આવી;
છેડી રહ્યો છે કોઈ–ચેતન–સિતાર દિલમાં.
કૌમુદીએ શશીની–પ્રેમી કુમુદ ખીલે;
એવો પ્રકાશ દેજે પરવરદિગાર! દિલમાં.
આશા 'ફકીર' કેવી–ના આશના જગતની;
મૃગજળના વારિધિના ભરજે ન ક્ષાર દિલમાં.

## 'બદરી' કાચવાળા

### ૭૬ : તું સુખી મારા વાસમાં ?

સંતાઈ રહેશે ક્યાં સુધી તું હવે તારા વાસમાં ?
તુજને હું જોવા ચાહું છું, તારા અસલ લિબાસમાં.
દિલ મારૂં ભગ્ન તેં કર્યું, હાય તેં શો ગજબ કર્યો ?
પંથનો હું દીપક હતો, તારા જીવનવિકાસમાં.
ધર્મ ને કર્મજાળમાં, મુજને હવે ફસાવ ના;
મુજમાં તું ઓતપ્રોત છે, હું તારા શ્વાસોશ્વાસમાં !
દર્શની લાલસા મને, ભક્તિની લાલસા તને;
બોલ હવે છે ક્યાં ફરક તુજમાં ને તારા દાસમાં ?
તું તો પ્રકાશપુંજ છે, મુજને તો કંઈ પ્રકાશ દે;
ભટકું છું હું તિમિરમહીં, લઇ જા મને ઉજાસમાં.

મુજને નથી કાં સ્પર્શતાં, તારાં અભયવચન બધાં?
પૂરાં કરીશ શું બધાં, તું તારા સ્વર્ગવાસમાં?
તારૂંય દિલ વિચિત્ર છે, તારો સ્વભાવ છે અજબ,
કેમ રહે છે દૂર દૂર રહીને તું આસપાસમાં?
મારો જગત નિવાસ છે, તારો નિવાસ મુજ હૃદય,
હું તારા વાસમાં દુઃખી, તું સુખી મારા વાસમાં?

## ખ્વાજા ભક્ત સત્તારશાહ નિઝામી

### ૭૭ : રુબાઈ

વિશ્વવ્યાપી છે, છતાં સંતાય છે,
એ સનમ શરમાળ છે શરમાય છે. ૧

પ્રેમીઓના દિલમાં લાગી લહાય છે,
નેવનાં જલ મોભે જઇ ઊભરાય છે. ૨

દેખીને બળતાં હૃદય બોલ્યા સનમ,
છો બળે એ મોજ મારી થાય છે. ૩

કોઈ રડતા, કોઈ હસતા જાય છે,
જેના જેવાં કર્મ તેવો ન્યાય છે. ૪

સદ્‌ગુરુ કર સત અનુભવ પામવા,
મનમુખી ઊંચે ચડી પછડાય છે. ૫

પ્રેમીઓ પહેલાં રડે, પાછળ હસે,
સાંભળો છો, શું કહ્યું? સમજાય છે. ૬

જિંદગી કુરબાન કરવા પ્રેમમાં,
પ્રેમી જીવો પ્રેમપંથે ધાય છે. ૭
પ્રેમ વિણ જીવ મોહના ફંદે ફસી
દામમાં કે કામમાં લલચાય છે. ૮
પ્રેમીઓ વિણ બાકીના 'સત્તારશાહ'
'કોણ દુનિયાથી હસીને જાય છે?' ૯

'મુહિબ'

## ૭૮ : દિલરુબાના હાથમાં

દેહરૂપે ચેતનાના હાથમાં,
દિલરુબા છે દિલરુબાના હાથમાં;
કલ્પના છે આસ્થાના હાથમાં,
દિલરુબા છે દિલરુબાના હાથમાં.
રાગ સાથે રંગનો અનુરાગ છે,
દિલરુબા છે દિલરુબાના હાથમાં.
પ્રેમને સૌંદર્યનો મેળાપ છે,
દિલરુબા છે દિલરુબાના હાથમાં.
માટી થઈ મુજ દિલ ઊગી રૂપાંતરે,
દિલરુબા છે દિલરુબાના હાથમાં.
બે લૂંટારા છે અને દિલ એકલું,
દિલરુબા છે દિલરુબાના હાથમાં.

સરકારી

કોઇ દિલ બચશે ન લૂંટાયા વગર,
દિલરુબા છે દિલરુબાના હાથમાં.
શીશ મારું ચર્ણમાં તેના નથી.
દિલરુબા છે દિલરુબાના હાથમાં.
દિલરુબાના હાથમાં છે દિલરુબા,
દિલરુબા છે દિલરુબાના હાથમાં.
છે મુખે ગઝલો 'મુહિબ' તારી અને
દિલરુબા છે દિલરુબાના હાથમાં.

'પતીલ'

૪૫૯૮

૭૯ : ખપના દિલાસા શા ?

જતાં મદ્દફન તરફ ઘરથી બજવવા ઢોલતાસા શા ?
બજવવા ઢોલતાસા શા ? ઊજવવા આ તમાશા શા ?
થતાં પહેલાં ઝબે મુજને હતું ના કોઇ ઓળખતું,
કબર આગળ હવે મારી ફૂલો, સાકર, પતાસાં શાં ?
ગયો રમનાર વેચાઇ સદાની બેનસીબીને;
પછીથી નાખવા તેની ઉપર શતરંજપાસા શા ?
બીજાને કાજ તો એકે હતો હરગિઝ મુકાયો ના–
કહો, પોતાની હાલત પર પછી મૂકવા નિસાસા શા ?
દમે આખર પતલિયાને કહો છો શું તમે આવી ?
ન આપ્યો પ્રેમ તો મુજને–હવે ખપના દિલાસા શા ?

## ૮૦ : છેલ્લો આશરો

હતા જે કાફીશાળાઓ મહીં સાથે થનારા,
થઇ ભેગા બજારોમાં કરે કર આપનારા,
ખુશાલીના વખતમાંહે ખબર મુજ રાખનારા
રફીકો ક્યાં ગયા આજે ખુશામતિયા અમારા ?
મુસીબતમાં નથી કોઇ સલામત પૂછનારા,
કબરમાં છે નહીં શમ્સો કમર અથવા સિતારા;
હતા બિસ્તર ઉપર જેઓ દિલે દિલ દાબનારા,
જનાજામાં સૂઈ સાથે નથી તે આવનારા.
મને જીવતો દફન કરવા થયા તૈયાર, મારા,
ભૂલું હું કેમ તમને, ઓ મને ભૂલી જનારા ?
રહ્યો છું એકલો હું ચાલી આ રસ્તે મહારા,
મહારી માલિકીઓમાં મઝાથી મહાલનારા !
નથી લેવા મને ઇચ્છા સમરકંદો બુખારા,
ખરાં બે લાગણીનાં માંગું છું હું આંસુ ખારાં.
અગર ખંજર જિગરમાં છો તમે આ ભોકનારા,
દુઆ માગી રહ્યો છું હું સદા હકમાં તમારા.
ન પાસે આશરો લીધો પતીલે કોઈ પ્યારા–
રહ્યો છે આશરો તારો ફક્ત પરવરદિગારા !

## ૮૧ : ખુદાનો બંદો

નહીં આશના આશનાથી જુદો છે,
ખુદાનો ન બંદો ખુદાથી જુદો છે.

લડે જંગ આ ને કરે હુકમ પેલો,
સિપાહી નહીં પેશવાથી જુદો છે.
ભરાયા કટોરા શરાબે શિરાઝી,
કરે જેમ ગુર્બા કરે તેમ ગાઝી;
ગુનો શાહનો ના ગદાથી જુદો છે,
ખુદાનો ન બંદો ખુદાથી જુદો છે.
ઊભી આયના પાસ દિલબર મહારી,
તને જોઉં કે છબી જોઉં તારી?
ન ચેહરો જરા ચેહરાથી જુદો છે,
ખુદાનો ન બંદો ખુદાથી જુદો છે.
ગજાવી રહ્યા મુત્રિબો મસ્ત મેહફિલ
રહ્યા પાડી આવાઝથી સાર હરદિલ;
નહીં તાર તે તંબૂરાથી જુદો છે,
ખુદાનો ન બંદો ખુદાથી જુદો છે.
હતું રૂ બની તેની મલમલ મુલાયમ,
થઇ છે રહી તન ઉપર કેવી કાયમ?
નહીં તાંતણો તાંતણાથી જુદો છે,
ખુદાનો ન બંદો ખુદાથી જુદો છે.
જુદા લેઈ રસ્તા જવું એક દેશે,
બની સંત કો, કોઈ દર્વેશ વેષે;
મુસલ્માં નહીં હિંદવાથી જુદો છે,
ખુદાનો ન બંદો ખુદાથી જુદો છે.

લઈ હાથમાં નાડ મારી હકીમે
ઉચાર્યું 'પતલ્યા' અવાજેથી ધીમે;
'નહીં રોગ તુજ માહરાથી જુદો છે,'
ખુદાનો ન બંદો ખુદાથી જુદો છે.

**'શયદા'**

## ૮૨ : દિલબરની પાની હો

દયાની દૃષ્ટિ મારા પર નિરંતર શારદાની હો!
ઊછળતા પૂર જેવી મુજ કવિતામાં રવાની હો!
પ્રથમ તરછોડીને એણે પછીથી વાત માની હો!
અને એ યાદ કરવાને જ મારી ઝિન્દગાની હો!
જિગરનું ખૂન હો મારૂં અનોખી કોઈ પાની હો!
નવી લાલી ઊઠે ચમકી નવી રંગત હિનાની હો!
અરે તે પાની પર કુરબાન મારી ઝિન્દગાની હો!
ભરેલી બુદ્ધિથી ભરપૂર જે દિલબરની પાની હો!
જુઓ! હું આપું છું આજે અમૂલાં મોતી અશ્રુનાં,!
તપાસી લ્યો, પરખ કાંઈ અગર મોટા ખરાની હો!
જરા રડવું, જરા હસવું, જરા ગુસ્સો, જરા નરમી,
મઝા કયારેક 'હા'ની હો, મઝા કયારેક 'ના' ની હો!
ફક્ત એમાં જ હું મારી હંમેશાં ઇદ સમજું છું,
ખુદાનું નામ હો મુખ પર અને મુઠ્ઠી ચણાની હો.
અમારી ગુર્જરી ભાષા અધૂરી પણ મધુરી છે!
અમો મન લાખની છે જે તમો મન એક આની હો!

જિગરના દાગ ઉપર એમ સમજી અશ્રુ સિંચું છું !
અનોખો બાગ છે એની અનોખી બાગબાની હો !
હૃદયથી દુશ્મનોની પણ ભલાઈ ચાહું છું ' શયદા,'
જુદાઈ શું ગણું હું જ્યાં બધી ખલકત ખુદાની હો !

## ૮૩ : ઝખ્મો હસ્યા કરે છે

છે રંગ એ જગતનો જ્યારે હવા ફરે છે,
સાગર તરી જનારો કાંઠે ડૂબી મરે છે.
એની મદીલી આંખો મુજ આંસુમાં તરે છે,
જળમાં છુપાઈ જાણે મછલી મઝા કરે છે.
મારી નઝરની સામે દુનિયા નવી ફરે છે,
જાઉં છું સર્વ ભૂલી જ્યારે તું સાંભરે છે.
દિલની અને દીપકની હાલત છે એકસરખી,
એ પણ બળ્યા કરે છે તે પણ બળ્યા કરે છે.
દીપક બિચારો થાકી છેવટ ગયો બુઝાઈ,
મારું જિગર છે કેવું નિશદિન બળ્યા કરે છે !
તારા ગણી રહી છે આતુરતાથી આંખો,
એના વિરહથી મારા ઝખ્મો હસ્યા કરે છે.
એને નકામું માણી ઓ બેકદર સમજ ના,
આશા તણો ખજાનો મુજ આંખથી ખરે છે.
જોઉં છું આંસુમાં તો જોઉં છું એટલું હું,
નેકી ડૂબી ગઈ છે પાપો ફક્ત તરે છે.

તેં આવી આ જગતમાં મિથ્યા જીવન ગુમાવ્યું,
તારાથી જંતુ સારા પથ્થરમાં ઘર કરે છે.
વિશ્વાસ રાખ 'શયદા' લાતકનતૂની ઉપર,
બીજાની પાસે જઈ તું શું કામ કરગરે છે ?

'નસીમ'

## ૮૪ : આંખડી ભરી જોયું !

ઝાકળ અશ્રુ બની ઝરી જોયું !
ફૂલના રૂપમાં ખરી જોયું !
એક મૃગજળ અખિલ સૃષ્ટિ છે;
રજકણે રજકણે ફરી જોયું !
ખાક થઈ જ્યોતે જઈ પતંગ સમે;
પ્રેમના પાવકે ઠરી જોયું !
હું જ તસ્વીર થઇ ગયો તેની;
ચિત્ર સ્નેહીનું ચીતરી જોયું !
ગુલપ્રભા અલ્પ બિંદુઓથી હતી;
બુલબુલે આંખડી ભરી જોયું !
રંગ-બૂથી ભરી બધી આલમ;
બાહ્ય દર્શનને વીસરી જોયું !
જઇ શક્યો ક્યાં દિગંતને આગે;
લાખ સિંધુ મહીં તરી જોયું !

ચિત્તને ખોલ નવ–જગતને 'નસીમ';
આ જગતને તે વીસરી જોયું !

## 'આસિમ' રાંદેરી

### ૮૫ : બનાવી જા

વચ્ચેથી પ્રેમ–રૂપના પરદા ઉઠાવી જા,
દિલ એક છે નઝરને પણ એક જ બનાવી જા.
દિલને તું દર્દ, દર્દને તું દિલ બનાવી જા;
બિંદુમાં સિંધુ, સિંધુમાં બિંદુ સમાવી જા.
તું રૂપ છે, હું પ્રેમ છું, તું જીવ, હું શરીર;
હું શું બતાવું ? તુંજ જગતને બતાવી જા.
હા, હા, જીવનનું દર્દ, રુદનમય તો છે છતાં;
મેહફિલ છે ચાર દિનની હસીને હસાવી જા.
મળશે એક અન્ય ધામ પણ ભક્તિ–નમાઝનું;
મસ્જિદ ને મંદિરોની તું હદને વટાવી જા.
જેને તું સુખ કહે છે, તે દુઃખનો જ અંત છે;
સુખ જોઇએ તો દુઃખમહીં જીવન વિતાવી જા.
સુખ–દુઃખનો જન્મ, ખેલ છે એક કલ્પના તણો;
સુખ શોધમાં જીવનને ન દુઃખમય બનાવી જા.
દુન્યા તજી દે તું, તને દુન્યા મળી જશે;
દુન્યા જો લૂંટવી છે તો દુન્યા લૂંટાવી જા !
મળતો નથી જો એ તો પછી ખુદને ખોઇ દે;
તું એની શોધનો નવો રસ્તો બતાવી જા.

એ જો મળી જશે તો જીવનની મઝા જશે;
'આસિમ' તું એની શોધમાં જીવન વિતાવી જા.

## ૮૬: સનાતન 'થી'

અનુભવથી બધું મળશે, ન મળશે તુજને વાચનથી,
તડપવાનું છે સમજણથી, સમજવાનું છે જીવનથી!
ખરી ભક્તિ એ જીવન છે, થશે પાવન તું જીવનથી;
ન મળશે કંઇ તને વંદનથી, પૂજનથી કે અર્ચનથી!
મરણ પહેલાં જુદો ક્યારે થયો છે આત્મા તનથી?
મટી શકતો નથી હું કોઈ દિવસ આપના મનથી!
પ્રથમ તું તારા દિલને ફૂલ સમ કોમળ બનાવી દે;
મળી જાશે તને પણ રંગ-ખુશબૂ કોઇ ઉપવનથી!
જીવનનો ભેદ, મૃત્યુ-હસ્તે ખુલ્લો થાય તે પહેલાં,
જીવન શું છે, એ જીવનને સમજવાનું છે જીવનથી!
નિરાશા નાશ કર, ગમ દૂર કર, મૂકી દે કાયરતા;
હઝારો મોત પેદા કાં કરે છે એક જીવનથી?
ખુદાની યાદ, વાતો ધર્મની ને ફિક્ર દુનિયાની;
છૂટયો એ સૌથી હું બંધાઈને એક પ્રેમ-બંધનથી!
મને મિત્રોથી જે કડવા અનુભવ પ્રાપ્ત થાયે છે,
છુપાવીને હું રાખું છું એ એક જ ચીજ દુશ્મનથી!
બની જા રૂપ પોતે, રૂપનું સ્વરૂપ જોવું છે;
નીકળ હે દિલ! તું પહેલાં પ્રેમ કેરા પ્રેમ-બંધનથી!

નકામો પ્રેમને બદનામ શાને તું કરે 'આસિમ'?
ખબર છે? રૂપ પોતે પ્રેમ-ચાહક છે સનાતનથી!

## ૮૭ : વાત શું જાણે?

પ્રણયલગનીની અગ્નિથી જે હો અજ્ઞાત શું જાણે?
તને લાગી નથી દિલમાં, તું દિલની વાત શું જાણે?
પ્રભુને શોધનારા, મારો ઉલ્કાપાત શું જાણે?
ખબર જેને નથી ખુદની પરાઈ વાત શું જાણે?
મરણ-જીવનના ભેદો, તુચ્છ માનવજાત શું જાણે?
પ્રભુ! મુજ એક દિલ, બે બે જગતની વાત શું જાણે?
ઉભય શાને હસે છે ને રડે છે રોજ ઉપવનમાં;
રવિ-કિર્ણો કળી-ઝાકળના દિલની વાત શું જાણે?
કરૂં છું કલ્પનામાં કોઈથી દિન રાત હું વાતો;
મને દિવાના કહેનારા, ભલા એ વાત શું જાણે?
પ્રણયમાં દર્દને જે દિલ ગણી જીવન-મતા સમઝે;
પછી એ દર્દનો રોગી દવાની વાત શું જાણે?
મુહબ્બતમાં ગણું છું મોત ને પણ ઝિન્દગી હું તો;
નફાને ખોટ ગણનારો નફાની વાત શું જાણે?
જગતને બૂરું કહું છું, તમે સારામાં સારા છો;
બૂરો જે હોય, તે સારાની સારી વાત શું જાણે?
ખુદાઈ શું? ખુદાને બેખુદીમાં જોઉં છું 'આસિમ';
ખુદીવાળા, અમારી બેખુદીની વાત શું જાણે?

'સાબિર'

## ૮૮ : મલકાય છે

ગઝલ

અન્ય માટે ખૂન આપી જે અહીંથી જાય છે,
ઝર્દ હો ચહેરો છતાં એ સુર્ખરૂ કે'વાય છે.
માલદારોના ગુલાબી ગાલ શાને થાય છે?
ખૂનથી મઝદૂરના રૂખસાર એ રંગાય છે,
દિલતણી કડીઓ મળી જો એક સાંકળ થાય છે,
તો પરાધીન દેશની જંજીર તૂટી જાય છે.
આ ઝમીં તો માનવીના રક્તથી રાતી હતી,
રક્તના રંગે હવે આકાશ પણ રંગાય છે.
ઝિન્દગીના ભેદ તારી બંધ મુઠ્ઠીમાં હતાં,
શાનથી આવ્યો હતો, તું હાથ ખાલી જાય છે.
ખોલ યારબ એ લકબધારી ગુલામોનાં નયન,
જોઇને મોહરે ગુલામી બેસમજ મલકાય છે.
વર્ષગાંઠો ઝિન્દગીની દોરને ટૂંકી કરે,
વર્ષગાંઠે બેસમજ શું જોઇને મલકાય છે?

'સગીર'

## ૮૯ : સર્વદા લેજે

નવું જીવન બનાવા ચાહે તો પંથી નવા લેજે,
ખરા રસ્તા બતાવે જે કોઈ એવી શરૂઅત લેજે.

યુવાનોની યુવા જોતી રહી મારી યુવા સામે,
બને આદર્શ એ રંગો નવા તું હે યુવા ! લેજે.
યદિ નિજ જાતને તું ઉચ્ચતર કરવા ચહે છે તો,
કોઇને પ્રેરણા દેજે કોઈથી પ્રેરણા લેજે.
વિચારો એ જ તારી ઝિંદગાનીના સુકાની છે,
વિચારીને વિચારોમાં અમર રહેતી પ્રભા લેજે.
અનોખા રંગથી આવે અનોખી હો ઝલક એની,
હકીકત પણ કહે 'શાબાશ,' એવી કલ્પના લેજે.
ઘણું છે સૂર્યમાં માન્યું અણુમાં પણ ઘણું જોઇશ,
સમજવાનું બધામાં છે નિચોવી તું સદા લેજે.
વ્યથા કે આપદા કે શોક કે દુઃખ દર્દ કે રુદન,
બધાં દેશે મઝા તુજને બધામાં તું મઝા લેજે.
ભલે સંજોગ તારા હાર આપે તો ભલે આપે !
પરંતુ હારમાંથી જીતની શીખી કળા લેજે.
યદિ તુજ એક કેરા નાશથી લાખો ઊગરતાં હો,
તો એવી ખુશનસીબીને વધાવી સર્વદા લેજે.
જીવનકર્તા જીવન તારૂં નિહાળી ધન્યવાદ આપે,
બનાવે દિવ્ય દુનિયાને તું એવી દિવ્યતા લેજે.
વિશાળ આ વિશ્વને પણ એની લાલસા થઈ જાયે,
ભરી નાના શા દિલડામાં તું એ સદ્‌ભાવના લેજે.
પ્રતિબિંબો પડે તુજ જાતનાં આ વિશ્વજન ઉપર,
કોઈ એવી ચમક તું સ્વયંને શણગારવા લેજે.

બની જા એ; કે ઈર્ષા પુષ્પને હસ્તીથી હો ભરી,
નમૂનારૂપ થાઓ શ્વાસમાં એવી હવા ભરજે.

જગતનાં દિલ ને દૃષ્ટિમાં યદા કોઈ કરામત લે,
શશીથી ચાંદની લેજે ઉષાથી લાલિમા લેજે.

અમરતા ગર્વ લે તુજથી અમરતા હો અમર તુજથી,
બધું તુજ કારણે હોયે સુધાથી એ સુધા લેજે.

'સગીર' આ વિશ્વની વસ્તુ સઘું આપી કહે છે તું,
ન સંઘરી રાખવા લેજે સહુને આપવા લેજે.

**સમાપ્ત**

# પરિશિષ્ટ

## ગુજરાતીમાં 'ગઝલ'નું સાહિત્ય

(સૂફીવાદ યાને ગઝલનું આધ્યાત્મિક સૂચન એ વિષય ઉપર વિખ્યાત 'ગઝલિસ્તાન'માં ગઝલના ઊંડા અને આધ્યાત્મિક અર્થ સમજાવનારો આ નિબંધ રા. રા. જ૦ દા૦ ત્રિપાઠી ઉર્ફે 'સાગર'નો લખેલો છે; તે ગુજરાતની ગઝલોના વાચકોના ફાયદાને માટે અત્રે આપવામાં આવ્યો છે–**પ્રકાશક**)

**ॐ प्रेमधर्माय नमः । प्रेमस्वरूपाय नमः ॥**

સચ્ચિદાનંદસ્વરૂપ સનમ! તારું અદ્ભુત પ્રેમખેલન નાનાવિધ પ્રકારે સર્વત્ર અને સર્વ કાળે ચાલ્યા કરે છે. તારી બ્રહ્મલીલા અગમ્ય છે, છતાં તારી કૃપાને પાત્ર થયેલા બ્રહ્મવેત્તા, સિદ્ધ અને ત્વલ્લીન પ્રેમભક્ત દુનિયાને સ્વાનુભવપ્રસાદ આપે છે કે પૃથ્વીના પટ પર કંઇ કંઈ ફેરફાર દશ્ય થવા છતાં, તારા સર્વમય સ્વરૂપનો તેજ:પુંજ–હકના નૂરનો પ્રવાહ તેનો તે જ છે. મનુષ્યનું હૃદય ઐહિક નશ્વરતાને બદલે તારા મિનાઈ શરાબ તરફ જેમ જેમ ઢળતું જાય છે, તેમ તેમ તારી વિરાટ મૂર્તિના ઝળહળતા જ્યોતિની સ્વાનુભવપૂર્ણ ઝાંખી તેને અવશ્ય થવા લાગે છે અને ક્રમે ક્રમે તું પોતે તેને તારારૂપ બનાવી દે છે; તારી નદૂઈ નશાદાર પ્યાલી પીધેલાં—તારા જ તાનમાં મસ્ત કોઈ સુભાગી હૃદય, અન્તર્મુખી વૃત્તિથી તારા અનાદિ રાસખેલનમાં લીન રહે છે અને એ અનિર્વાચ્ય રસસંગીતની વિલક્ષણ સારી-ગમના દિવ્ય શ્રવણાલાપમાં આશ્ચર્યવત્ બની ગળી જાય છે.

અયિ અદ્વિતીય રાસેશ્વરી ! અયિ સર્વોપરિ સુંદરી સનમ ! તારા મુબારક કદમની પાક સુરખીથી પોતાના અંતરના આંગણાને કાયમનું શણગારવામાં જ તારા ખરા ભક્તનું જીવન સાર્થક છે; તારાં સ્તુતિકીર્તનો વડે પોતાનું પવિત્રીકરણ કરીને તારી અનાદ્યનન્ત લીલા ગાયા કરવામાં જ તારા દીવાનાની જિન્દગીનો કુલ ઉપયોગ છે. અયિ અખંડ સૌભાગ્યવંતી ! આબેહયાતની ખુદ મલિકા ! તારા અજાયબ જામમાં 'ફના' થઈ જવામાં જ મનુષ્યના તમામ પ્રયત્નોની સફળતા છે. તારું મધુરું પ્રેમનામ અમને સર્વને તારી ઇચ્છાનુસાર શાસક અને નિયામક હો !

અને ચાલુ સદીમાં તો લગભગ આખી આલમનાં કદમ ૐકારના એ પરમાત્મખેલનના અણછતા પણ સ્પષ્ટ આવાઝ તરફ વળેલાં છે. આપણા સંબંધની પાશ્ચાત્ય પ્રજામાં તેમ તેના સંબંધની બીજી પ્રજાઓમાં, આ ભારતવર્ષમાં તેમ ગુજરાતમાં પણ પ્રેમની બલિહારી બહુ બહુ પ્રકારે બોલાવા લાગી છે. ખરે, પ્રેમનાં પૂજારી હૃદયોને આ હકીકત આશ્વાસન સાથે સંતોષ આપે તેવી તો છે.

પ્રેમધર્મનું શાસન જ માનવજાતિના જીવનનું મૂલતત્ત્વ છે; અને આત્માની એ પૂર્વસ્મૃતિ દરેક રાષ્ટ્રમાં પ્રેરિતોદ્વારા યુગે યુગે તાજી કરાવવામાં આવે છે. **अयमात्मा परप्रेमास्पदम्।** એવું આત્માનું સ્વરૂપ સમજાવનાર અદ્વૈતવેદાન્તના એતદ્દેશીય વિવરણકાર, **'પ્રેમ એ જ પ્રભુ છે'** એ સૂત્રને મૂલ શબ્દ તરીકે સ્વીકારનાર પાશ્ચાત્ય દ્રષ્ટા અને 'અનલહક્ક'નો બ્રહ્મમંત્ર પુકારનાર ઇસ્લામી મહાત્મા—એ બધાઓ જગતને પ્રેમધર્મનું જ અનુશાસન આપવાને ચાહે છે. 'દયાધર્મ' શીખવનાર ગૌતમ બુદ્ધ અને નવા જીવનનો ગુહ્ય રહસ્યવાદ પ્રબોધનાર સ્વેડનબર્ગ પણ જગતને પ્રેમધર્મ જ આપે છે. ગૌતમની પ્રતિ-

કૃતિ જેવો અને ખ્રિસ્તનો સાચો સેવક લિયો ટોલ્સ્ટોય પ્રેમનો જ, સંદેશો જગત સમક્ષ ધરીને, શાશ્વત પ્રેમવિશ્વમાં ભળવાને આપણી વચ્ચેથી હમણાં જ વિદાય થાય છે. સ્વામી વિવેકાનંદ અને સ્વામી રામતીર્થ જેવા પ્રેમાત્મા દેશવિદેશમાં પ્રેમધર્મની જ અદ્‌ભુત મંત્રણાના અહાલ્લેક ગજાવે છે, એ આજની જ વાત છે. બાબા પ્રેમાનંદ ભારતીએ છેક પાતાળમાં સ્થાપેલા શ્રીકૃષ્ણના પ્રેમમંદિરની ભક્તિગર્જના અને પ્રેમની પર્યેષણાના જયઘોષ સ્વદેશી–વિદેશી તમામ ભાંડુઓનાં આકાશમાં ગાજતા આપણે હરરોજ સાંભળીએ છીએ.

પરમાત્મા પ્રેમસ્વરૂપ છે અને તેની પ્રાપ્તિ ભક્તિદ્વારા જેટલી સરળતાથી થઈ શકે તેટલી સરળતાથી કેવળ જ જ્ઞાન કે યોગદ્વારા થઈ શકે નહિ, એ વાત ચોક્કસ ભાર મૂકીને દુનિયાને વારંવાર પ્રેરિત મહાત્માઓ જણાવે છે. નરસિંહ અને મીરાં—પરમપ્રેમભક્ત—ગુજરાતમાં મશહૂર છે. એમના અનુભવોદ્‌ગારમાં પ્રેમ, પ્રેમ ને પ્રેમ ઓતપ્રોત છે. તેઓ કેટલીક સદી પહેલાં થયાં, પણ જાણીતા પ્રેમભક્ત દયારામભાઈ તો છેક હમણાં જ, એટલે ઈ. સ. ૧૮૫૨ માં જ સ્વર્ગવાસી થયા. 'જૂની ગુજરાતી' માં **પ્રેમધર્મ**નાં લલિત સંગીત ગાનાર તેઓ છેલ્લા છે.

ગુજરાતી સાહિત્યમાં 'નવી કવિતા'નો આરંભ થયો, તે પહેલાં પ્રેમ, પ્રેમભક્તિ અને પ્રેમના દર્દની આર્ત્તચીસ ગુજરાતે દયારામના દર્દી જિગરમાંથી સાંભળેલી. પ્રેમઘેલા દયારામે તે વખતના ગુજરાતને પણ ઘેલું બનાવેલું, એમ એમની કવિતા પરથી લાગ્યા વિના રહેતું નથી. સુપ્રસિદ્ધ કવિ નર્મદ કે જેના હૃદયનો મંત્ર 'પ્રેમશૌર્ય' અને 'પ્રેમભક્તિ' છે, તેણે પ્રેમભક્ત દયારામની વાજબી કદર કરેલી અને ઘણી તકલીફ લઈને એ વિરલ હૃદયના જીવનની હકીકત મેળવેલી—તેની કવિતા પણ સંગ્રહિત અને સંશોધિત કરીને ગુર્જરીને ખોળે ધરેલી. પ્રેમધર્મ-

ના હિમાયતીઓની કવિ નર્મદાશંકરે, ખરેખર, એ અતિ કીમતી સેવા બજાવી છે.

'સારી કવિતા લખે તે બધા કવિ' એવી વ્યાખ્યાનો સ્વીકાર કરીએ તો દયારામ બેશક, ઊંચા વર્ગનો કવિ ગણી શકાય; પણ તેના આન્તરજીવનની સર્વોપરિ પ્રવૃત્તિ અથવા તેના હૃદયાન્તરના મૂળ પ્રવાહની સતતતા પરથી નિર્ણય કરીએ, તો તે કવિ નહિ, પણ **આશક** છે—**ભક્ત** છે. આપણા સમકાલીન અને સુપ્રસિદ્ધ સ્વર્ગવાસી કલાપીના સંબંધમાં તે **કવિ** કે **સ્નેહી** એ ચર્ચા જુદા જુદા લેખકોએ જુદાં જુદાં દૃષ્ટિબિંદુથી ઘણીકવાર કરેલી છે; અને છતાં એનો નિર્ણય જાણે ઘણાને માટે હજી અપૂર્ણ રહેલો છે. **કવિતા** જેની **માશૂક** છે તે **કવિ;** કાલિદાસ, શેકસ્પિયર, શેલી, ટેનીસન, પ્રેમાનન્દ અને દલપતરામ સુધ્ધાં, અલબત્ત કવિ છે; કેમકે, કવિતા એ તેમની મનોરમા–**પ્રિયતમા** છે. 'કવિતા' એ કલાની દેવી છે અને તેની ખાતર તેઓ લગભગ બધું સમર્પણ કરવાને તૈયાર છે. નરસિંહ, મીરાં, દયારામ, કલાપી કે પ્રેમનું દર્દી કોઇ પણ જિગર એ દેવીની ખાતર પોતે હૃદયથી સ્વીકારેલો પ્રેમજીવનનો ધર્મમાર્ગ એક તસુ પણ, કદાપિ છોડી શકે નહિ, અને કાલિદાસાદિ કવિતા વગરના જીવનમાં ક્ષણ પણ જઈ શકે નહિ; આવો મૂળતત્ત્વનો તફાવત બહુ સ્પષ્ટ છે, ત્યારે દયારામ અને કલાપી વગેરેને કવિમાં ગણવાનો આગ્રહ શા માટે? તેમને **કવિ** નહિ, પણ **આશક** જ ગણવા એ સકારણ વાજબી લાગે છે. એમનાં હૃદયને, એમના જીવનને–ખુદ એમને, કવિ કહેવાથી શું આપણે ગેરઇન્સાફ કરતા નથી? જિગરના લોહીથી લખેલા એમના અસ્ખલિત હૃદયોદ્‌ગારમાં પાંડિત્યનું પ્રદર્શન નહિ પણ સ્નેહનું સ્વાભાવિક દર્દ અને વિરહનું રુદન ખુલ્લું છે. કલાના પૂજારીની પેઠે તે બહારથી નહિ પણ અંદરથી બોલનાર છે, એ

આપણે વિચારી શકીએ. કવિ પ્રકૃતિમાં ખેલતું, પ્રકૃતિથી ખીલતું અને પ્રકૃતિને પોષતું પ્રાણી છે. **આશક** અથવા **ભક્ત** પ્રકૃતિને વશ વર્તનાર નહિ, પણ તેને જીતવાને મથનાર—તેની સામે થનાર છે; ઇલ્મ અગર અકલપરસ્તી એ કવિના અંતરંગમાં પ્રધાન છે; ઇશ્કપરસ્તી વગર આશકમાં બીજું તત્ત્વ વહેતું નથી. છતાં કવિતાને આત્મગાનના અર્થમાં જોઇએ તો પ્રેમ-ભક્તિ ગાનાર હરેક આશક, કુદરતના આલંકારિક કલાવિધાયક કરતાં ઊંચા દરજ્જાનો શાયર અને ઉમદા જિન્દગાનીનો આદમી છે ૐ.

પ્રેમી દયારામ કૃષ્ણના પરમ ભક્ત છે અને તેમનું હૃદય કૃષ્ણને વરી ચૂક્યું છે; તે પોતાને કૃષ્ણની 'ગોપી' માને છે અને પોતાના 'પતિ શ્રીકૃષ્ણ' એ તેમના સર્વોપરિ સ્નેહનું સ્થાન છે—જીવનનું અંતિમ પ્રાપ્તવ્ય છે.

ઉત્તર હિન્દમાં ઘણીકવાર યાત્રા કરેલી હોવાથી, દયારામને ઉર્દૂ અને હિન્દી સાહિત્યનો સારો પરિચય થયેલો; તેમના હૃદયોદ્‌ગારમાં એ સાહિત્યની ઊંડી અસર સ્પષ્ટ જોવાય છે. કૃષ્ણને તે માશૂક, સનમ, મહેબૂબ અને દિલદાર એવાં સંબોધન કરે છે. એ પ્રેમી હૃદયના ઊભરા ગઝલમાં પણ છે:–

"લગી હૈ યાદ પ્રીતમકી, તલફકે જિયા જાવેગા:
"મુઝે સો કહો સૈયાં મેરી, મેરા જાની કબ આવેગા ?
"લગા મેરે કલેજે મેં ઇશ્કકા જખ્મ તો ઝૂલ્મ હૈ !
"દર્દ મેરા મેહેરમ માલૂમ, આલમ સારા બેમાલૂમ હૈ !"

*  *  *  *

"કહેગી કબ ઝબાં મેરી, દયાકા પ્રીતમ ઘર આયા હૈ ?"

અને—

"એક ખૂબસૂરત ગભરુ ગુલઝાર સાંવરા !
"તારીફ કયા કરું ? હૈ સબ ભાતસેં ભલા !

"ઈસ બ્રજરકી ડગરમેં મેરા ચિત્ત ચુરા ચલા !
" કહેતી થી સબ આલમ યે હૈ નન્દ કે લલા !"

* * * *

"ખૂઝતી જો ઐસા દર્દ, બિરહ હૈ બલા–
" તો મૈં ઉસી પલક જાય પકરતી પલા !
" મિલાઓ કોઈ મહબૂબ ! દુસરી ન હૈ સલા !
" દયા કે પ્રીતમ બિન મરૂંગી કાટકે ગલા !"

આ ભૈરવી પણ સાખી સાથે—

" તિહારી ચલી ચશ્મતલ્વાર ! ઘાયલ મોહે કર ડારી !
" લાગે તબ જાને નહીં, અહો રસિક નેનકે બાન !
"અબ તો હિયબિચ ગડી ગયે, વાકૂં ખેંચત નિકસેં પ્રાન !
" તિહારી ચલી ચશ્મતલ્વાર !
" રૂપનગરકી બિચમેં ચલી ચશ્મતલવાર !
મૂરખ હૈ સો બચ ગયે ! ચાતુર ખાયો માર !

* * * *

" રસિક નેનકે બાનકી, અહો ! અજબ અનોખી રીત !
" દુશ્મનકો પરસેં નહીં, વે તો મારે અપનો મીત
" તિહારી ચલી ચશ્મતલવાર !

* * * *

" અંગ અંગ પ્રત માધુરી નખશિખ છબિ અતોલ !
દયા કે પ્રીતમ ! તિહારી બાનક પર બીક ગઇ બિન મોલ !
તિહારી ચલી ચશ્મતલ્વાર ! ઘાયલ મોહે કર ડારી !"

દયારામની કવિતામાં પ્રેમભક્તિ અને પ્રેમજીવન ઓતપ્રોત છે, એ એમના હૃદયોદ્‌ગારના તલસ્પર્શી અભ્યાસીને વિદિત છે. બેશક, પ્રેમના સાહિત્ય માટે ઘણીકવાર થાય છે, તેમ દયારામની કવિતા માટે પણ થયેલું છે. હકીકત એ છે કે, પ્રેમને હૃદયાન્તરનો તત્ત્વત: અનુભવ સ્વીકારવાને બદલે જયારે શરીર-

નો જ વિષય માનવામાં આવે, ત્યારે પ્રેમને ખુદને ભારે અપમાન અપાય છે; દયારામે પોતાના અનુભવોદ્દગારમાં કૃષ્ણ અને ગોપીના પ્રેમના વિગતસર ઉલ્લેખ કરેલા, તેમજ તેઓ જાતે જન્મથી જ સ્વતંત્ર મિજાજના હોવાથી તેમની કવિતા માટે અનેક તર્કવિતર્ક અને અનુમાન કરનારા પંડિતોએ યથેચ્છ અભિપ્રાય ઉચ્ચારેલા છે.

તે જ અરસામાં છોટમે પણ હિન્દીમાં થોડીક ગઝલો લખેલી છે:

દાખલા તરીકે:—

"ગઝલ એક સુન લો મેરી, કુશલતા અપાર સર્જન કેરી !
"કારીગર કૌન હે ઐસા, સહિત જીવ દેહ કિયા કૈસા ?
"સહસ્ર અષ્ટ માંખી કો અખિયાં ! દેખી કોઇ ગ્રંથમેં લખિયાં !

* * * *

"ઐસા અદ્દ્ભુત તમાશા હૈ ! ખાવન્દ કા ખેલ ખાસા હૈ !
"છોટમ ! ભજી લે સોહિ કર્તા ! જગતસેં કાયકો ડરતા ?"

પરન્તુ, '**ગઝલ**' શબ્દનો મૂળ અર્થ જોતાં આ ગઝલ સંતોષ આપશે ખરી કે? '**ગઝલ**' શબ્દનો મૂળ અર્થ ફારસી લેખકો એવો જણાવે છે કે, '**ગઝલ**' એટલે પ્રિયતમની પ્રિયતમા સાથેની પ્રેમવાર્તા. '**ગઝલ**' શબ્દ સ્ફુટ કરતાં, એક ફારસી લેખક તો એટલે સુધી કહે છે કે:—

"ઇશ્કના રાહમાં નડતી પારાવાર વેદના એ જ **ગઝલ**ની પંક્તિઓ; ગઝલમાં ખાસ કરીને પ્રિયતમાના વિરહથી થયેલી પ્રેમીની દર્દી દશાનું નિરૂપણ, તેનો વિરહાક્રન્દ, પ્રેમમૂર્તિના સ્વરૂપનું સતત સ્મરણ અને તેનું બયાન, તેના દર્શનની ઉત્કટ આતુરતા, તેના વગરની તેની અસ્વસ્થતા, પ્રેમી જિગરની બળતરાના ઊભરા–દુઃખભર્યું રુદન વગેરે અવશ્ય હોય છે અને જેમાં એ ન હોય તે ગઝલ **ગઝલ** નામને પાત્ર નથી."

આ વ્યાખ્યાનુસાર જોઈશું તો ગુજરાતીમાં લખાયેલી અને લખાતી ઘણીક કલાપૂર્ણ, સુરચિત ગઝલોને વસ્તુતાએ ગઝલ કહેતાં આપણે અટકવું પડશે; કેમકે ગઝલનું શરીર તે 'ગઝલ' નથી પણ તેનો પ્રાણ–તેનો આત્મા તે જ ગઝલ છે. 'ગઝલ' તે છંદોબદ્ધ રચનાનું નામ નથી, પણ અમુક રચનાના સૂક્ષ્મ ભાવ-શરીરનું નામ છે. એ જ ફારસી લેખક ઉમેરે છે કે, 'પ્રિયતમાના વિરહથી થયેલી દુઃખદ દશા ઉપરાંત પ્રેમી હૃદયના વખતો-વખતના નમ્ર કાલાવાલા, પ્રિયતમા તરફથી તેની સુનવણી અને તેનાં જુદાં જુદાં પરિણામોનો અનુભવ પણ ગઝલમાં આલેખા-યેલો હોય છે. પ્રેમભક્તિના મધુપાનમાં મત્ત થયેલા હૃદયની મસ્તી અને પ્રેમને અનુકૂળ વસંત ઋતુના બહારનું વર્ણન પણ ગઝલોમાં આવે છે.' ફારસી તથા ઉર્દૂમાં લખાયેલી ગઝલો જોતાં આ અભિપ્રાયનું વાસ્તવિકપણું સ્પષ્ટ થાય છે.

દયારામની ગઝલો હિન્દીમાં હોવાથી આ સંગ્રહમાં દાખલ કરેલી નથી, તોપણ એ બળતા હૈયામાંથી આવેલા ગઝલના ઉદ્ગારો ખરેખર જ આબાદ **ગઝલો** છે. ગઝલમાં પહેલવહેલા ગુજરાતી લખનાર તરીકે આપણે સ્વ. દયારામભાઈને ગણવા જોઈએ. દર્દી દયારામનું ઝખ્મી જિગર ગઝલમાં ઇશ્ક પુકારે છે. જુઓ:—

"મદનમોહન પ્યારે મહેબૂબ મેરા હૈ,
"દિદાર હુવા જબસેં દયા દિલમેં ડેરા હૈ!
"ઇશ્કઝખ્મકી મારી ભયી મેં દીવાની;
"કોઇ બેલી નહીં સાહેલી, શોખીં દિલકી યે જાની!
"ઇશ્કમય ઉસી પર વોહી મેરા જીવન.
"હુઈ ખલ્ક સારી ખારી કછુ લગતા હૈ ન મન!
"એક યાદ મીઠી બતિયાં, છતિયાં ફાટ જાતી હૈ;
"કછુ કહેને મેં નહીં આતા, નૈનાં ભરભર આતી હૈ!

"મતલબકે ગરઝી આલમ, જાન કહલાતે હૈ;
"દયા પ્રીતમ બેપર્વાહી બલિહાર કહલાતે હૈ."

આવા ચુનન્દા આશકને કવિ કહેવામાં શું અન્યાય સ્પષ્ટ નથી ? તે 'આશક' છે, બેશક.

**ગઝલ** શું છે ?

તેના મૂળ ઉત્પાદકો આપણુને સૂચવે છે તે પ્રમાણે તે પ્રેમવાર્તા છે; તેના આંતરમાં ઊતરતાં પ્રતીત થાય છે કે, ગઝલ એ ગાણાનું નામ નથી પણ ખરી ગઝલ ગોયા ધર્મસ્તોત્રને સમરૂપ આત્મગાન છે.

'મ–ફા–ઇ–લુન્–મ–ફા–ઇ–લુન્' એ માપની રચનાના છન્દને આપણે સામાન્ય રીતે ગઝલ તરીકે જાણીએ છીએ, પરંતુ 'મસ્ત બાલ' આપણુને કહે છે કે 'ગઝલ' એ એક ગાણાનું નામ છે એવું સમજવામાં ભૂલ છે. તે ગાણાનું નામ નથી પણ 'કવિતાના વિષય સંબંધી સામાન્ય નામ છે અને છન્દનું નામ 'હઝુજ મુસમ્મન' છે' એ 'હઝુજ' છન્દ જેને આપણે ખોટી રીતે **ગઝલ** કહીએ છીએ, તેની રચના માટે તે સૂચના કરે છે કે:–

'ફારસી પ્રમાણે ચાર ચાર અક્ષરી ચાર ગણ દરેક ચરણમાં આપવા જોઇએ. ગણપ્રમાણ:–ISSS (લ ગુ ગુ ગુ) છે. આપણા શાસ્ત્રની પ્રસ્તારપદ્ધતિ પ્રમાણે આ પ્રમાણેના સમપદ છંદનું પ્રમાણ આવે, પરંતુ છન્દશાસ્ત્રનો પ્રસ્તાર અત્યંત છે, એટલે નામ પડેલું ભાગ્યે હોય. આપણી ત્ર્યક્ષરી રીત લાગુ કરતાં આ છંદનું પ્રમાણ નીચે પ્રમાણે આવશે:

| ISS | SIS | SS | ISS | SIS | SS |
|---|---|---|---|---|---|
| ય | ર | ગુ ગુ | ય | ર | ગુ ગુ |

પ્રથમ બે પાદ અંત્યાનુપ્રાસવાળાં હોવાં જોઇએ; વળી બે પાદનો એક શ્લોક ગણાય છે તે પ્રમાણે દરેક શ્લોકનું બીજું

ચરણ પ્રથમ શ્લોકની સાથે અંત્યાનુપ્રાસવાળું હોવું જોઇએ. આવા પંદર શ્લોક (બયેત્) અગર તેથી ઓછાવત્તા લખવાનો રિવાજ છે. ચરણમાં આઠ અક્ષરે યતિ હોય છે, જો કે યતિ વિષે ફારસી છંદશાસ્ત્રમાં વિવેચન મારા જોવામાં આવ્યું નથી. યતિ હોય તો વધારે સારું.'

પરંતુ ગઝલના શરીરની ઘટના અને તેના પોશાક તથા અલંકારનું—છંદની ઇબારત વગેરે ઉપયોગી બાબતોનું અભિજ્ઞાન આપણા સુપ્રસિદ્ધ વિદ્વાન મહાશય રા. રા. રણછોડભાઈ ઉદયરામે 'ફારસી કાવ્યરચના' એ નામે જે લેખપ્રસાદ આપ્યો છે, તે દ્વારા આપણને થઈ શકશે. (જુઓ 'ગુજરાતી ગઝલિસ્તાન': પૃ. ૪૭)

ઇસ્લામી રિયાસતની સત્તા ભારતવર્ષ પર સ્થાપિત થયાને લીધે દેશના આંતરબાહ્ય સ્વરૂપમાં જે પલટો થયેલો તેમાં તેના વાઙ્મય સાહિત્ય પર પણ પરોક્ષ અને પ્રત્યક્ષ અસર થયેલી અને **ગઝલ** તેનું પણ પરિણામ છે.

છતાં, આપણે **ગઝલનો** પ્રાણ–તેનું આંતર શોધવાને પ્રવૃત્ત થઇએ, એ વધારે ગુણકારક છે–આત્મોપકારક છે.

અંતરંગમાં ગઝલનો સંબંધ ખાસ કરીને **પ્રેમજીવન** અને **પ્રેમયોગ** એ પ્રેમભક્તિના ધર્મપ્રવાહની સાથે છે, એ અસલ હકીકત જ્યાં સુધી યથાર્થ સ્વરૂપમાં–વિસ્તાર અને ઊંડાણથી સમજાય નહિ, ત્યાં સુધી ગઝલમાં પ્રસ્ફોટન પામેલા હૃદયોદ્ગાર પણ મૂળ રૂપમાં સમજાય નહિ એ દેખીતું છે.

'પ્રેમ એ જ પરમાત્મા છે' અને 'જાતે પ્રેમી થયા સિવાય પરમાત્મપ્રાપ્તિ સ્વાનુભવસિદ્ધ થતી નથી,' એ નરસિંહ, મીરાં, દયારામ, કલાપી તેમજ બીજા મહાત્માઓના અનુભવોદ્ગારોનો ટૂંકામાં સાર છે. સિદ્ધાર્થ થવા ચાહનારે જીવનનો એ ઉદ્દેશ સ્વીકારવો જોઇએ, એવું પ્રેમી હૃદયોનું માનવું છે. પ્રેમભક્તિ-

દ્વારા પ્રભુપ્રાપ્તિના પ્રયાસો ભિન્ન ભિન્ન પ્રકારે જુદી જુદી પ્રજામાં થયેલા જાહેર છે; ખ્રિસ્તી પ્રજા પ્રેમસ્વરૂપ ઈસુને પ્રભુનું સમરૂપ સ્વીકારે છે અને ખરું ખ્રિસ્તી હૃદય પ્રભુ ખ્રિસ્તના શાશ્વત પ્રેમ-સ્વરૂપમાં, પ્રેમયોગ અને પ્રેમભક્તિદ્વારા લીન–વિલીન થઈ 'બલિ' બને છે, અને પ્રભુમાં ભળે છે; ભારતવર્ષમાં લાંબા કાળથી પ્રેમસ્વરૂપ શ્રીકૃષ્ણના ભક્તો તેમને પૂર્ણ **પુરુષ** ગણે છે અને તેમના તરફના વ્રજની ગોપીઓના પ્રેમને પરમાત્મપ્રેમ માને છે.

ખ્રિસ્તનું કે કૃષ્ણનું સ્થૂલ શરીર આજે વિદ્યમાન નથી એ સ્પષ્ટ છે; છતાં, તેમની ભાવનામય મૂર્તિને કાલ્પનિક લક્ષ્ય (આઇડિયલ) તરીકે પરમપૂજ્ય અને અનંત ઐશ્વર્યયુક્ત સ્વીકારી—પરમાત્મા ગણી—ભકતોનાં કોમળ અને દિવ્ય શ્રદ્ધાથી યુકત હૃદયોએ પ્રેમ-ભક્તિ કરેલી છે—કરવામાં આવે છે. વૈષ્ણવસંપ્રદાયમાં તો શ્રીકૃષ્ણની ખુદ પરમેશ્વર તરીકે જ પ્રેમભક્તિ ધર્મ્ય ગણાય છે અને તે એટલે સુધી કે ખરો ભક્ત શ્રીકૃષ્ણ સિવાય ઇતર કોઇને 'પુરુષ'ની ભાવનાથી જોતો જ નથી. તે માને છે કે, બધી જ ગોપીઓ છે અને 'પતિ' તો પરમ **પુરુષ** એક જ શ્રીકૃષ્ણ છે અને તેમને (એટલે સાક્ષાત્ પરમાત્માને) પામવાને દરેકે તેની 'ગોપી' બનવું જ જોઇએ. કૃષ્ણની 'ગોપી' બની જઇને જે એમની પ્રેમભક્તિ પૂર્ણ આસ્થાથી અને 'પોતાનું ભાન ભૂલી જઇને' કરે, તે જ કૃષ્ણમય–કૃષ્ણસ્વરૂપ થાય.

ભક્તિમૂર્તિ મીરાંબાઈની ધર્મભાવના આ પ્રકારની જ છે. તે પ્રેમસ્વરૂપ શ્રીકૃષ્ણની 'ગોપી' છે અને હૃદયથી તેમને વરેલી છે—બીજા કોઇને તે 'પુરુષ' જોતી જ નથી; કૃષ્ણની ભાવના-મૂર્તિમાં તેને પરમાત્માની આસ્થા અને ઝાંખી છે અને તેની સાથે તેના હૃદયની લગની લાગે છે–પ્રેમ જાગે છે અને આધિ–ઉપાધિ તમામ તે ત્યાગે છે. પોતાના પ્રભુ ઇષ્ટ પતિ–પ્રેમસ્વરૂપ

શ્રીકૃષ્ણની જોગણુ બની, આન્તરબાહ્ય સર્વસ્વ તેમને સમર્પિત કરી તેમને એકને જ તે આરાધે છે. પોતાના પ્રભુનાં પુરાણ-પ્રસિદ્ધ લીલાસ્થાનોનાં દર્શન કરતાં કરતાં શ્રીકૃષ્ણની વહાલી વિહારભૂમિ–વિલક્ષણ વૃંદાવનમાં તે આવે છે અને ત્યાં મહાત્મા જીવા ગોસાંઇનો નિવાસ સાંભળીને, તેમને 'હરિજન જાણીને' તે નિમંત્રણ મોકલે છે. જીવા ગોસાંઇ સ્ત્રીનું મોં નહિ જોવાનો નિયમ પાળતા હોવાથી નિમંત્રણનો અસ્વીકાર કરે છે. ફકત શ્રીકૃષ્ણને જ પુરુષ માનતાં મીરાંબાઈ જીવા ગોસાંઇને કહેવરાવે છેઃ—

'આજ લગી હું એમ જાણતી જે વ્રજમાં કૃષ્ણ પુરુષ છે એકઃ
'વૃન્દાવન વસી હજી પુરુષ રહ્યા છો! તેમાં ધન્ય તમારો વિવેક!
'મીરાં મન મોહન શું માન્યું.'
( મીરાંચરિત–દયારામ )

તેનાં પ્રેમયોગી ચક્ષુઓ ફક્ત એકને જ પુરુષની ભાવનાથી પૂજે છે. પ્રેમયોગ એનો આત્માનુભવ છે.

ભકત પોતે 'ગોપી' બની જઇને, હૃદયની પૂર્ણ આસ્થાથી પ્રભુને જ પોતાનો પ્રેમસ્વરૂપ સ્વામી સ્વીકારે છે અને તેની સાથે હૃદયની લગની લાગતાં પ્રેમયોગ–ભક્તિયોગ જામી જાય છે અને પરિણામે તે તેને પામે છે.

વૈષ્ણવસંપ્રદાયને અનુરૂપ, ભક્તિના આ વિધિને સમરૂપ, પણ બાહ્યમાં તેનાથી ભિન્ન પ્રકાર, ઇરાન, અરબસ્તાન વગેરે ઇસ્લામી મુલ્કોમાં ભારતવર્ષની પેઠે જ પ્રચલિત છે. મીરાં, નરસિંહ તથા કૃષ્ણને ઇષ્ટ અને પ્રભુ માનનારા બીજા ભક્તો જેમ પોતે પોતાને 'સખી' અને પ્રભુને 'પ્રિયતમ' માને છે, તેમ ઇરાન વગેરે દેશોના ભક્તો પ્રભુને પ્રેમસ્વરૂપ પ્રિયતમા–માશૂક માને છે. કૃષ્ણના ભક્તોની પેઠે જ તેઓ પ્રભુનાં દર્શન માટે હૃદયની લગની લગાડીને પૂર્ણ પ્રેમથી તેની ભક્તિ કરે છે. આવા ભક્તો 'સૂફી' ઉપનામથી મશહૂર છે. એવી જ 'સૂફીવાદ'ની

કંઈક અસર દયારામભાઈની ઉર્દૂ–હિન્દી ગઝલોમાં થયેલી લાગે છે. તેમણે જેમ સખીભાવે કૃષ્ણને પતિ, પ્રીતમ વગેરે સંબોધનો કર્યાં છે, તેમ સૂફી આશકોની પેઠે તેમણે મહબૂબ, માશૂક, દિલદાર વગેરે સંબોધનો પણ કૃષ્ણને કરેલાં છે. સૂફીવાદમાં ભક્ત તે આશક છે અને પ્રભુ તે માશૂક છે. આશક અને માશૂક એટલે ભક્ત અને પ્રભુ.

પરંતુ, દરેક ગઝલમાં ભક્ત અને પ્રભુ વચ્ચેના પ્રવાહનો જ ઉલ્લેખ હોય એવું નથી હોતું. કેટલીએક ગઝલો એવા પ્રકારની પણ હોય છે કે જેમાં સ્ત્રીપુરુષના સામાન્ય માનવ-સંબંધની જ વાત હોય છે. માનવપ્રેમને 'ઇશ્કે મિઝાજી' કહેવામાં આવે છે અને કેવળ ભાવનામય અમૂર્ત પ્રભુને મૂર્ત કલ્પીને—અથવા વેદાન્ત પ્રમાણે સ્વરૂપને લક્ષીને સનમ—પ્રિયતમાનું સંબોધન કરેલું હોય છે, તેવી પ્રીતિને 'ઇશ્કે હકીકી' યાને ઇશ્કે ઇલાહી (ઈશ્વરી પ્રેમ) કહે છે.

અલબત્ત, સૂફીઓએ લખેલી આરબી, ફારસી અને ઉર્દૂ ગઝલોમાંથી પણ પ્રભુપ્રેમની અને માનવપ્રેમની ગઝલો પિછાનીને જુદી પાડવાનું કામ બહુ મુશ્કેલ છે; કેમકે શબ્દ–સંદર્ભ, ભાવનાની વ્યંજના—હૃદયના ઉદ્ગારોનું સામાન્ય સ્વરૂપ બન્ને પ્રકારની ગઝલોમાં લગભગ સમાન જ હોય છે. સાહિત્યના વિદ્રાન વિવેચકોથી પણ પ્રભુપ્રેમની અને માનવપ્રેમની ગઝલો જુદી પાડીને તેમની પરીક્ષા કરવાનું બની શકે તેમ નથી; એ કાર્ય તો આન્તરદષ્ટિના માહાત્મ્યનું છે, કે જે ભક્તિયોગને માર્ગે બ્રહ્મકૃપાના પરિણામ તરીકે સ્વયં ઉદ્ભવે છે.

સૂફીવાદની સાથે 'ગઝલ'નો ખાસ સંબંધ છે. સૂફીના સિદ્ધાંતો આરંભમાં વૈષ્ણવસંપ્રદાયની પ્રેમભક્તિને, તેના પ્રેમ-કીર્તનને સમરૂપ હોઈ, છેવટે કેવલાદ્રૈત વેદાન્તમાં પરિસમાપ્તે

છે. સૂફીવાદની હકીકત વિસ્તારથી જાણ્યા વિના, ઇશ્કની ગઝલોને ઇન્સાફ આપવાની પૂરી પાત્રતા આપણે પામી શકીએ નહિ અને તેથી તેનો સાર અહીં વિચારી જવો જોઇએ.

'સૂફી' એ શબ્દનો અર્થ (સૂફ–ઊન, એ ઉપરથી) ઊનનો જામો પહેરીને ફરનાર એવો થાય છે અને એ ઉપરથી રૂઢ અર્થ, સૂફી એટલે પવિત્ર મનુષ્ય એવો કરવામાં આવે છે. આર્યધર્મનાં જુદાંજુદાં શાસ્ત્રોમાં કર્મકાણ્ડ, ઉપાસના, જ્ઞાનકાણ્ડ, યોગદર્શન ઇત્યાદિ માર્ગોદ્વારા બ્રહ્મનો વિચાર કરવામાં આવે છે, છતાં વિશુદ્ધ હૃદયે માત્ર પ્રેમની જ લગની લગાડીને સતત ભજનકીર્તનમાં રત રહેતાં ભક્તહૃદયો શાસ્ત્રોને ગણકાર્યા સિવાય પોતાનું પ્રેમવિશ્વ જુદું જ રચે છે; અને આવાં ભક્ત હૃદયોનાં ઘણાં દૃષ્ટાંતો ભારતવર્ષની ભિન્નભિન્ન ભાષાઓના સાહિત્યમાં મોજૂદ છે. સૂફીવાદનો અનુયાયી આશક પણ તે જ મિસાલે સનમની લગની અને પ્રેમભક્તિમાં લીન રહે છે. આપણા સાહિત્યમાં જાણીતાં થયેલાં ભક્ત હૃદયોની માફક લોકૈષણા, વિત્તૈષણા, શાસ્ત્રૈષણા, પુત્રૈષણા વગેરે બધી વાસનાઓને સૂફી આશક પ્રેમનાં ભજનકીર્તન અને પ્રેમયોગની લીનતાદ્વારા ક્રમાનુક્રમે ઓગાળી દે છે અને પ્રભુના એક જ વિચારમાં જિંદગીનું તે સર્વસ્વાર્પણ કરે છે.

વૈષ્ણવસંપ્રદાયનો સાચો અનુયાયી—ગોપી બનેલો ભક્ત—જેમ પ્રભુપ્રેમનાં ભજનમાં—તેનાં ગાનતાન અને નૃત્યમાં જ મશગૂલ રહે છે, તેમ સૂફી આશકો પણ 'નાચનારા' કહેવાય છે. આવા ભક્તો દુનિયાદારી પતાવીને સનમના ચિન્તવનમાં ઝુકાવે છે–નાચે છે–ઊનનો જામો (એટલે ફકીરની કફની જેવું લાંબું પહેરણ) પહેરે છે અને બંસી બજાવે છે તથા ગઝલ–કવ્વાલીની બેતો લલકારતા અથવા ચિન્તવનમાં હાલમસ્ત જિંદગી ગુજારે છે. સૂફી આશક સનમનું ચિન્તવન કરે છે તે સ્થિતિને

‘તસવ્વર’ અથવા ‘તફક્કર’ કહે છે. શાસ્ત્રમાં મન્દાધિકારીઓ માટે સ્થૂલ નિયમોનાં જે બંધનો છે તેને જેમ પ્રેમમાં ડૂબેલાં ભક્તિ-નિમગ્ન હૃદયો ગણકારતાં નથી, પણ પ્રેમયોગમાં જ મત્ત રહે છે, તેમ સૂફી આશકો પણ શાસ્ત્રની પુરાણી વાતો કરતાં આત્માનુભવને વધારે મહત્ત્વ આપે છે. શાસ્ત્રાજ્ઞાને શબ્દશઃ સ્થૂળ અર્થમાં જ સમજીને તેને અનુસરવાની કર્મકાંડની પૂજનવિધિ વગેરેને ‘શરિયત’ કહે છે. સૂફીઓ કર્મકાંડના એ પગથિયાને ઉલ્લંઘી જઇને એથી આગલા પ્રદેશની મુસાફરી કરનાર હોય છે. એ પ્રદેશ તે તત્ત્વવિચારની સાથે પ્રેમભક્તિનો છે અને તેને ‘તરિકત’ કહે છે.

‘સૂફીવાદ’ એ ઇસ્લામનો ગુહ્યવાદ (મિસ્ટીસીઝમ) મનાય છે. તેના સ્થાપનાર હઝરત મહમ્મદ પયગમ્બર સાહેબના જમાઈ અને પહેલા ખલિફ હઝરત અલી સાહેબ ગણાય છે. હઝરત અલીસાહેબના ૪૫ શિષ્યો સૂફીવાદની આન્તર દીક્ષા લઇને આર્ય સંન્યાસીઓની પેઠે ધ્યાનપરાયણ નિવૃત્ત જીવન ગાળતાં. સંન્યાસીઓ જેમ પોતાને માટે તીર્થયાત્રા ઇત્યાદિ આવશ્યક માન્યા વિના, આત્મા–પરમાત્માની એકતાનું જ ચિંતન કર્યાં કરે છે, તેમ ‘સૂફી’ પણ ઇસ્લામી પયગમ્બરો કે કાબા કરબલા ને મક્કા-મદીનાની કશી પરવા કરતો નથી. સૂફી આશકોમાં બસરાનાં રબિયા નામનાં એક પાક બાનુ હિઝરી સનની બીજી સદીમાં થયેલાં છે. તેમનું જીવન કેટલેક અંશે મીરાંબાઇને મળતું છે. કાબાનું મન્દિર–જેને ઇસ્લામીઓ બહુ પવિત્ર ગણીને માન આપે છે, તે જોઇને તેમણે કહેલું કેઃ—

“હું તો માત્ર ઇંટો અને પથ્થરનું મકાન જ જોઉં છું. એનાથી મને શો લાભ છે? ઓ માલેક! મારે તો માત્ર તારી જ ગરજ છે.”

બાહ્ય કૃતિઓને તેમજ બાહ્ય વિધાનોના આડંબરને

ઇશ્કના ચુસ્ત આશકો લેખામાં ગણુતા નથી, પણ અંદરના મુલ્ક તરફ તેમના હૃદયનો ઝોક હંમેશનો હોય છે.

પ્રેમભક્તિ અને પ્રેમયોગની લીનતાને રસ્તે આગળ વધતાં, સૂફીવાદ સિદ્ધાંતની બાબતમાં જીવ અને બ્રહ્મની એકતાના તત્ત્વવિચારને પ્રાધાન્ય આપે છે અને એ એકતાનો સ્વાત્માનુભવ પામવાને આશક પોતામાં રહેલી દેહાત્મભાવનાઓને પરાસ્ત કરવાને હંમેશ જ મથતો હોય છે. વેદાન્તમાં જેને અભેદ-સાક્ષાત્કાર કહે છે, તેવો સ્વાનુભવ એ દરેક સૂફીનું અંતિમ પ્રાપ્તવ્ય હોય છે અને તેને માટે હૃદયની પાત્રતા પરત્વે દરેક પ્રવાસીને જુદા જુદા અનુભવો તેના આન્તરમાં ક્રમાનુક્રમે થતા રહે છે. વેદાન્તની પરિભાષામાં બોલીએ, તો સર્વાતીતભાવ, સર્વરૂપભાવ અને નિષ્કિંચનભાવ એ પ્રવાસી હૃદયના આત્માનુભવનો ક્રમ છે. મુમુક્ષુતા એટલે આર્ત્ત જિજ્ઞાસાનો હૃદયાન્તરમાં ઉદ્ભવ થયા વિના વસ્તુપ્રાપ્તિ માટે સાધકની પાત્રતા સ્વીકારાતી નથી, તેમ સૂફીવાદના ઇશ્કમાં પણ હૃદયની તમામ લાગણીઓનું એક જ કેન્દ્રમાં વહન વૃદ્ધિંગત થયા વિના આશકનું જિગર કદાપિ લાયક થતું નથી. સૂફીવાદ પ્રેમને જ જગતનું ઉત્પત્તિકારણ અને નિર્વાહક તત્ત્વ માને છે અને છેવટે જ્ઞાનને પ્રેમથી અભિન્ન અનુભવે છે. આશક જાતે પ્રેમી બની જઈને પોતાનું તમામ વ્યક્તિત્વ (દેહાત્મભાવ) પ્રેમમાં (બ્રહ્મમાં) ગુમાવી દે છે. શબ્દાન્તરે કહીએ, તો તે પોતે 'પોતા'ને ભૂલી જવા માંડે છે અને જાતે પ્રેમ બનવા માંડે છે. પ્રેમની આ છેલ્લી સ્થિતિના જ્ઞાનને (હક–સત્ય ઉપરથી) 'હકીકત' કહે છે.

આશકના જિગરને માશૂકની જુદાઇનો સખ્ત 'ઝખ્મ' થયેલો હોય છે અને એવા 'ઝખ્મ'ની વેદના આપણને ભક્તિ-મૂર્તિ મીરાંબાઇએ પણ કહેલી છે. સ્વાભાવિક છે કે 'જખ્મ'ના 'દર્દી'નું ચિત્ત અનેક આકર્ષક વસ્તુઓ તરફ વાળવામાં આવે,

તોપણ 'જખ્મ' જો કારી અને આત્મા પરનો હોય તો તે 'જખ્મ'નું 'દર્દ' તે કદાપિ વીસરી શકે નહિ. મુમુક્ષુ જેવો સંસ્કારી તેવી આત્મોન્નતિમાં તેની ગતિ અને પ્રાપ્તિ. પ્રેમના પ્રવાસીને હૃદયાન્તરમાં ઊંડો 'જખ્મ' થયેલો હોવો જોઈએ—ખરા મુમુક્ષુને જ્ઞાનની તૃષા—પ્રભુપ્રાપ્તિની તીવ્ર વાંછના એટલી બધી આર્ત હોવી જોઈએ કે તે બધા અનિત્ય પદાર્થોની અસત્યતા પૂરેપૂરી સમજીને તેનાથી નિવૃત્ત થયેલો હોવો જોઈએ; અને એવો માત્ર પ્રેમનો જ પિપાસુ–ઇશ્કનો આશક–પ્રેમબ્રહ્મના ચિંતવન સિવાય બીજી બધી જ બાબતોમાં સ્વાભાવિક રીતે જ બેદરકાર હોય છે. પ્રેમ જેને સૂફીઓની પરિભાષામાં 'શરાબ' કહેવામાં આવે છે, તેનું ઉમેદવાર દિલ દુનિયાની ચલિત ચીજોની કિંમત ફૂટલી કોડી જેટલી પણ ગણતું નથી; તે તો ફક્ત હૃદય અને હૃદયાન્તરની પ્રેમોર્મિ, આત્મભાવના અને આત્માનુભવને અધીન રહી પ્રેમબ્રહ્મની આન્તર બંસીના સૂર પર નૃત્ય કરતું ઊંડાણમાં ને ઊંડાણમાં આગળ વધતું જ હોય છે.

×'તઝ્કિરાત્—ઉલ—ઔલિયા'માં જણાવ્યા પ્રમાણે એક જ્ઞાની મહાત્માએ એક સૂફી મઠની મુલાકાત લેતાં જણાવેલું કે, 'આખી દુનિયાનું ઈશ્વરવિષયક જ્ઞાન એકત્ર કરીએ તો પણ મારા જ્ઞાનની બરાબર થઈ શકે નહિ. તે છતાં, મારું પોતાનું જ્ઞાન પણ સૂફીઓ સાથે સરખાવતાં ઓછું છે.' મહાત્મા ઇમામ અહમદના શિષ્યોએ સૂફીઓ તરફ આક્ષેપ કરતાં તેમને માટે કહેલું કે, 'તેઓ માત્ર અન્ધશ્રદ્ધાને અનુસરે છે અને તેમનામાં પ્રકાશની ન્યૂનતા છે.' મહાત્મા ઇમામે જવાબ દીધો કે, 'નહિ; તેઓનામાં

---

× 'તઝ્કિરાત્—ઉલ—ઔલિયા' ગ્રંથનો ગુજરાતીમાં અનુવાદ સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલયે 'મુસ્લિમ મહાત્માઓ' એ નામે પ્રકટ કર્યો છે. એમાં મહાતપસ્વિની રબિયા, મહાતપસ્વી જલાલુદ્દીન વગેરે ૯૬ સૂફી સંતોનાં જીવનચરિત્રો ને બોધવચનો આપેલાં છે—પ્રકાશક)

જ્ઞાનનાં ઊંડાં મૂળ છે.' શિષ્યોએ ફરી કહ્યું: 'એક ભાગેલા ફળની છાલ સિવાય બીજા કશાની તેઓ ઇચ્છા કરતા નથી.' મહાત્માએ કહ્યું કે, 'આખી પૃથ્વીમાં સૂફી જેવી ભવ્ય વાંછનાવાળા મેં બીજા કોઈને જોયા નથી. એક ભાગેલા ફળના છોતરા વિના આ દુનિયાની બીજી કોઈ પણ વસ્તુની તેમને કશી જ અપેક્ષા નથી. બેશક, તેઓ નિઃસ્પૃહી છે.' પ્રેમ અને આસ્થા એ સૂફીવાદનું આવશ્યક લક્ષણ છે અને આત્મજ્યોતિનો સાક્ષાત્કાર એ તેનું પરિણામ છે.

આપણા પ્રાચીન કાળના ભક્તોનાં હૃદયગાનનો મુખ્ય વિષય જ જેમ પ્રભુભક્તિ છે, તેમ સૂફીઓની ગઝલો પણ જીવાત્મા અને પરમાત્માનો સંબંધ જ ગાય છે. સૂફી તત્ત્વજ્ઞાન એટલે 'તરિકત' અથવા 'મારિફત'માં રાજયોગ સુધ્ધાંનો સમાવેશ થાય છે. સૂફીઓ માને છે કે આત્માથી પરમાત્મા અભિન્ન છે. જીવાત્મા 'ઈશ્વરમાંથી' બનેલો નહિ, પણ ખુદ 'ઈશ્વરનો' બનેલો છે અને અગ્નિની ચિનગારીઓ મૂળ અગ્નિથી જેમ જુદી નથી—સમુદ્રના તરંગો જેમ સમુદ્રથી જુદા નથી—તેમ જીવાત્મા પરમાત્માથી જુદો નથી, એવો સૂફીનો તત્ત્વસિદ્ધાંત છે. સૂફીવાદના સિદ્ધાંતોમાં સગુણ અને નિર્ગુણ ભક્તિનું ક્રમિક નિરૂપણ અને અનુસરણ છે.

ઈશ્વરી અવાજે જીવોને પૂછ્યું કે, 'શું તમે પરમાત્મા સાથે સંબદ્ધ અને અદ્વૈતમાં નથી?' જીવોએ કહ્યું: 'બલી' એટલે 'હા.' આવી એક વાર્તા પરથી સૂફીઓનાં લખાણમાં 'બલી' અને 'નેસ્તી' (એટલે 'શું તું તે નથી?') એવા શબ્દો જે વેદાન્તના **तत्त्वमसि** મહાવાક્યના વ્યંજક છે, તે વારંવાર આવે છે. 'અનલહક' એ **सोऽहम्** વ્યંજક છે. તેઓ માને છે કે:—

પરમાત્મા અનાદ્યન્ત, સૌન્દર્ય અને પ્રેમસ્વરૂપ અને સચરાચર વ્યાપ્ત છે અને તેના સિવાયનો સ્નેહ એ માયા માત્ર

છે. અહીં જણાતી સૌન્દર્યની અને સ્નેહની મૂર્તિઓ પ્રભુનાં પ્રતિબિમ્બો છે, તેના સૌન્દર્યના આદર્શો છે. આખું જગત કરોળિયાની જાળ જેવું છે. સ્વરૂપાનુભવ માટે બહુલક્ષક ચિત્તને એક સ્થાને સ્થિત કરવાની જરૂર છે અને એવી ઘનીભૂત થયેલી હૃદયભાવનાના પ્રબળ પ્રવાહથી પ્રેમયોગ સિદ્ધ થઈ શકે છે. પ્રેમ-યોગ એ સૂફીનું મહત્ત્વનું સાધન છે.

છતાં, સૂફી સન્તમહાત્માઓ જેઓ જગતને નિયમનમાં મૂકવાને તેની સાથે સંબંધ રાખે છે, તેઓ જગતના હિતની ખાતર અધિકારભેદને પણ સ્થાન આપે છે; બધાં હૃદયોની એકસરખી પાત્રતા હોતી નથી અને તેથી જેઓ સૂફીવાદની દીક્ષા સ્વીકારે છે તેમને માટે કેટલાક સંતમહાત્માઓએ અમુક ક્રમ ઠરાવેલો છે. 'ફના-ફી-શય; ફના-ફી-શેખ; ફના-ફી રસૂલ; અને ફના-ફીલ્લાહ:' એ ચાર પગથિયાં સૂફી ઇશ્કનાં ક્રમિક આરોહણો છે. 'ફના-ફી-શય' એટલે કોઇ પણ ચીજમાં ગુમ થઈ જવું; અને એ ન્યાયે જોતાં ખરા હૃદયની 'મૂર્તિપૂજા' સાથે સૂફીવાદને કશો વિરોધ નથી. અલબત્ત, મૂર્તિપૂજાને નામે હાલ ભારતવર્ષમાં જે બાહ્યાડમ્બર પ્રચલિત છે, તેને તો સૂફીઓ વ્યર્થ અને અર્થહીન જ ગણે છે. મૂર્તિપૂજા જો **પૂર્ણ પ્રેમ**થી કરવામાં આવે, મીરાંબાઈની પેઠે એવી ભાવભક્તિથી કરવામાં આવે કે તે કર્યા સિવાય હૃદય જીવી શકે જ નહિ, તો જ તે સાર્થક છે-બાકી આપણા દેશમાં મંદિરો અને મૂર્તિપૂજાનો જે રિવાજ ગતાનુગતિક ચાલ્યો આવે છે એવા કૃત્રિમ અને ફરજિયાત દંભમાં તો સૂફી આશકને કશી આત્મોન્નતિ લાગતી નથી. એવી સ્થૂલ શૃંખલાઓથી તેનું હૃદય દૂર રહે છે. અલબત, સૂફીઓ કદાપિ ધર્મના ઝગડામાં પડતા નથી, પણ કેવળ ઉદાસીન રહે છે. તેમને જગતની સાથે કશી લેવાદેવા નથી, પણ લીનતા અને ચિન્તવન એજ એમનું સ્વાભાવિક કાર્ય છે

અને તેથી હૃદયને–આત્માને જે ઝાંખી હલાવે તેની ભક્તિ અને ઉપાસના બીજી સર્વ બાબતોને ભોગે તેમને મંજૂર છે. 'ફના–ફી–શેખ' એટલે ગુરુ, જેને તેઓની પરિભાષામાં 'સાકી' (એટલે પ્રેમનો મદિરા પાનાર) કહે છે, તેની સેવામાં સ્વાર્પણ કરવું.

બેશક હકીકતના અનુભવ સુધી આગળ વધેલા સૂફી મહાત્માઓનો સિદ્ધાંત એ જ છે કે, બધાઓ ગુરુઓ છે અને બધાઓ શિષ્યો છે. પરંતુ એવી આન્તરદશાનો સ્વાનુભવ થાય નહિ, ત્યાં સુધી તો પ્રેમનું જ્ઞાનામૃત પાનાર મહાત્માની લીનતા અને આસ્થાથી ભક્તિ કરવાનું સૂફી સન્તો આવશ્યક માને છે. એ ગુરુભક્તિ તે માર્ટિન લ્યુથરના દંડને પાત્ર નહિ, પણ ધનંજયના કૃષ્ણ તરફના આદરનું સમરૂપ છે. 'ફના–ફી–રસૂલ' એટલે પયગમ્બરમાં પોતાપણું ગુમ કરી દેવું. ઉપરની બે સ્થિતિમાંથી પસાર થનાર આશક પયગંબરનાં વચનોને તેના સામાન્ય અર્થમાં સાધારણ જનસમાજની પેઠે નહિ, પણ મૂળ અર્થમાં સાંકેતિક રહસ્યો ઉકેલીને પોતામાં સ્પષ્ટ ઉકેલવાને પાત્ર થાય છે અને છેવટે તે 'ફના–ફીલ્લાહ' એટલે 'પ્રભુમાં સર્વસ્વસમર્પણ' કરવાને પાત્ર થાય છે. તે આત્મામાં જીવે છે.

આ છેલ્લા 'હાલ'નો આત્માનુભવ થતાં સૂફી આશક જીવન્મુક્ત થાય છે: **ब्रह्मविद्ब्रह्मैव भवति।** એ તે અનુભવે છે. એવા મુક્તાત્મા તરીકે બાયઝિદ્, જુનૈદ, મનસૂર, અબુલ ખયર, જલાલુદ્દીન રૂમી વગેરે સૂફીઓ મશહૂર છે.

તે 'નવું–જીવન–બ્રહ્મજીવન' પામે છે. 'ફના' પછીની એ દશાને સૂફીની પરિભાષામાં 'બકા–બાદ–ઉલ્–ફના' કહે છે.

સૂફીવાદ એ સામાન્ય બાબત નથી, પણ ગંભીર સિદ્ધાંતોની ગૂઢ રહસ્યયુક્ત ધર્મભાવના છે, અને તેથી તેમનું

હૃદયગાન ઉકેલવામાં સાહિત્યના જ્ઞાન કરતાં સ્વાત્માનુભવ વધારે ઉપયોગી છે એ સ્પષ્ટ છે. પ્રભુને કાલ્પનિક આદર્શ-મૂર્તિ (સનમ) કલ્પીને લખાયેલી પ્રેમધર્મની ગઝલોમાં તે પ્રત્યક્ષ ન છતાં, તેના ગાલની લાલી, તેના અધરની સુરખી, તેના કદમની મેંદી, ચુંબનવ્યવહાર, તેનું શરાબી જામ, તેનો મેળાપ કરાવી આપનાર સાકીનું શરાબખાનું વગેરે વખતો-વખત આવે છે. સૂફીઓ જણાવે છે કે આ સઘળા શબ્દો અમુક પરિભાષાના છે. અને તેનો અર્થ અતિશય ગૂઢ છે—કેટલાકોએ તો આવા ગૂઢ શબ્દોનો એક જુદો જ શબ્દકોષ તૈયાર કરેલો છે. એમાં જણાવ્યા મુજબ 'નિદ્રા' શબ્દનો અર્થ ધ્યાનલીનતા–સમાધિ છે; 'ખુશબો' એટલે 'સનમની મીઠી નજર' છે, શરાબનો અર્થ 'પ્રેમની ઉન્મત્તતા' છે; 'ચુંબન'-નો અર્થ 'સનમની નિકટતા'નો છે; 'સાકી' એટલે 'ગુરુ'; 'અધરરસ' એટલે અપરોક્ષાનુભવની ઝાંખી; 'ગાલની લાલી' એટલે 'પ્રભુના સૌન્દર્યનું–તેની પ્રેમકૃપાનું અનુભવ–દર્શન' અને 'વાયુલહરી' એટલે 'પ્રભુની પ્રેમકૃપાનો સુંદર પ્રવાહ' એ પ્રમાણે સમજવામાં આવે છે; છતાં, બધા સૂફીઓ આ પારિભાષિક શબ્દો અમુક એકસરખા અર્થમાં જ વાપરે, એવો કશો નિયમ નથી. ઉદાહરણ તરીકે '**શરાબી જામ**'નો અર્થ કેટલેક પ્રસંગે 'આખું વિશ્વ' એવો કરવામાં આવ્યો છે. કેટલેક પ્રસંગે 'આશકનું દિલ' એવો કરવામાં આવ્યો છે અને કેટલેક પ્રસંગે 'પ્રભુની કૃપા' એવો પણ કરવામાં આવ્યો છે. ધ્યેય સ્વ-રૂપબ્રહ્મની કાલ્પનિક મૂર્તિ હોવાથી તેના સૌન્દર્યના, તેના પ્રેમના અને પ્રવાસીને તેના માર્ગમાં અનુકૂળતા અને ઉત્તેજન આપનારા હરકોઇ પ્રેમવ્યંજક શબ્દો, ગમે તે ભાવાર્થમાં વાપરવામાં આવે તોપણ તેથી અર્થવિપર્યય થવાનો ઓછો જ સંભવ છે.

સૂફીવાદની ઉત્પત્તિ કુરાને શરીફમાંથી થયેલી મનાય છે,

છતાં સામાન્યદષ્ટિથી જોતાં તેમાંના સિદ્ધાંતોથી સૂફીવાદ ભિન્ન તત્ત્વ સ્વીકારનારો છે, એ નિઃસંશય છે. જીવાત્મા અને પરમાત્માનો ભેદ ઇસ્લામી મઝહબમાં ખુલ્લો છે અને સૂફીવાદ તો અદ્વૈતવાદી છે. કેટલાક વિવેચકો એવું પણ માને છે કે સૂફીવાદનું મૂળ આર્યોનાં ઉપનિષદો ઉપરથી લેવામાં આવ્યું છે અને એ માનવું કંઈક કઠિન છતાં બેલાશક સંભવિત છે.

સૂફીવાદ જે ધર્મતત્ત્વો માને છે, તેનું પ્રાપાતિક અવલોકન કરતાં, દરેક પ્રજામાં જુદે જુદે વખતે સૂફીવાદના સિદ્ધાંતો પ્રકારાન્તરે દાખલ થયેલા છે, તે જોઈ શકાશે. ગ્રીક પ્રજામાં સૂફીવાદના સિદ્ધાંતોને મળતા જ વિચારો પ્લેટોના કાળમાં પ્રચલિત થયેલા. રોમન પ્રજામાં પણ એ સિદ્ધાંતો બહુ પરિચિત થયેલા; સૂફીવાદનું રહસ્ય સમજાવનાર ભક્ત મહાત્મા મૌલાના જલાલુદ્દીન મહમ્મદ સાહેબ ઘણો કાળ રોમમાં રહેલા અને 'રૂમી'-ના ઉપનામથી જ પ્રસિદ્ધ છે. સૂફીવાદનો પૂર્વભાગ ભારતવર્ષમાં વૈષ્ણવસંપ્રદાયની પ્રેમભક્તિદ્વારા, બંગભૂમિમાં થયેલા ભક્ત મહાત્મા ગૌરાંગપ્રભુની ઉપાસનાદ્વારા અને એમ અનેક રીતે પ્રવર્તેલો છે અને પ્રવર્તમાન છે અને તેનો ઉત્તર ભાગ વેદાન્તના ગૂઢ સિદ્ધાંતોના અનુસરણમાં સ્પષ્ટ છે. આપણી ગુજરાતી ભાષામાં પણ નરસિંહ મહેતા, ધીરો, અખો, છોટમ, પ્રીતમ વગેરેનાં ભજનોનું તેમજ નાનક, કબીર વગેરે મહાત્માઓની (હિન્દી) વાણીનું મનન કરતાં સૂફીવાદના ઉત્તર ભાગનો સારો ખ્યાલ આવી શકે એમ છે. સ્વામી રામતીર્થ જગત સમક્ષ સૂફીવાદની પૂર્ણતાનો આદર્શ જ રજૂ કરે છે, એ તેમના લીન અભ્યાસીઓને વિદિત છે.

આ અટપટા સંસારની વિચિત્ર જાળમાં રહેનાર મનુષ્યને તેમાંથી નિવૃત્ત થવું અને સ્વાભાવિક પ્રેમભાવના વડે, એકીકૃત હૃદયવૃત્તિથી પ્રભુ તરફ અરે! કોઈના તરફ પણ સ્નેહની અચલ

લગની લાગવી એ બહુ વિરલ છે. કશા પણ હેતુ વગર કોઇ કોઇને ચાહે—હૃદયાર્પણ કરી દે એ ઐહિક જગતની વ્યાવહારિક નિયન્ત્રણામાં તો બનવું બહુ મુશ્કેલ છે. અલબત્ત, અહેતુક સ્નેહનાં ભવ્ય અને જ્વલંત દૃષ્ટાંત થોડાંક તો હરકોઈ પ્રજાના વાઙ્મય સાહિત્યમાં કાયમની સુરખીથી લખાયેલાં પ્રકાશિત છે. યુસૂફ–ઝુલેખા, શીરીં–ફરહાદ, લયલાં–મજનૂં અને વામેક–ઉઝરાના દાખલા ફારસી તથા ઉર્દૂ સાહિત્યમાં જાણીતા છે. અલબત્ત તેઓ બધાં પૂર્ણતાનાં અનુભવી નથી, પણ પરમપ્રેમયોગી છે–માનવપ્રેમ (ઇશ્ક મિઝાજી) મારફત ઈશ્વરી પ્રેમ (ઇશ્ક હકીકી) પામનારાં છે અને આ તુફાની ભવસાગરમાં આપણી ડગમગતી કિસ્તીઓને દીવાદાંડી મિસાલે દિલાસા સાથે દિશા બતાવનારાં છે; પરંતુ તેમના જેવું હૃદયાકર્ષણ થવું એ હરેકને સુસાધ્ય નથી. જે હૃદયને અલૌકિક પ્રેમનું દર્શન થયેલું છે, તેની આન્તરદશા ખરેખર અદ્ભુત જ હોય છે. તે બીજા કશાથી કદાપિ પણ લેપાતું નથી જ. એવા દિવ્ય દર્શન સિવાયનો વ્યક્તિ તરફના પ્રેમનો તરફડાટ તે પ્રેમ નહિ પણ માયા જ છે, અને સ્વાભાવિક રીતે થવું જોઇએ તે પ્રમાણે તે ચિરસ્થાયી ટકતો નથી અને હૃદયવૃત્તિ છેવટે તો પ્રભુ તરફ વળે છે.

સૂફીવાદ માને છે કે, પ્રેમબ્રહ્મ સચરાચરવ્યાપ્ત છે અને તેનું વિરાટ સ્વરૂપ જોવું, પૂજવું અને છેવટે તેમાં લીન થઇને ગુમ થઈ જવું, એ જ આ શરીરધારણનો મહાન હેતુ છે. 'ઇશ્ક હકીકી' અને 'ઇશ્ક મિઝાજી' એવા બે ભેદો યદ્યપિ હૃદયના પ્રેમપ્રવાસની ગતિ પિછાનવાને પાડવામાં આવ્યા છે, તથાપિ વસ્તુતાએ તો એનો પ્રવાહ એક જ છે. શાહજાદો મજનૂં–જે પ્રેમમૂર્તિ લયલામાં પ્રભુદર્શન પામે છે અને તેના સ્મરણ અને તપમાં ઝાડ સાથે ઝાડ બની જાય છે, તે મજનૂં જોગીના ઇશ્કને વિવેચકો 'ઇશ્ક મિઝાજી'ના વર્ગમાં મૂકે, તોપણ સ્પષ્ટ છે કે,

તમામ દુનિયાદારી અને સઘળા મનોવિકારો સુધ્ધાં એકદમ છોડી દઈને તેણે પોતાના સર્વસ્વાર્પણનું બલિ પ્રેમયજ્ઞમાં હોમ્યું હતું. અને તે હોમવા માટે નહિ પણ એવી રીતે જાતે હોમાયા વિના—તપ અને ચિન્તવન સિવાય—બીજી કોઈ હાલતમાં એ ઇશ્કના દીવાનાથી રહી શકાયું નહિ, માટે હોમ્યું હતું. ખરે, એ મહાત્માની આન્તરદશા તત્ત્વયોગીની હોઈ પ્રજ્ઞાનચક્ષુનો તે સાચો ઉમેદવાર હતો, એ નિર્વિવાદ છે. ઈશ્વરી પ્રેમ પીધેલી તે જોગીની આંખો દુનિયાની સામાન્ય નજર જોઈ શકે છે તેવી લચલાંને જોતી ન હતી અને ન જુએ એ સ્નેહને સ્વાભાવિક છે. રાધા અથવા મીરાં જે દર્શન કૃષ્ણમાં કરી શકે, તુલસીદાસ જે દર્શન રામચંદ્રમાં કરી શકે, જે દર્શન હરકોઈ ભક્ત પોતાના ઇષ્ટ પ્રભુમાં કરી શકે, તે જ પરમાત્મદર્શનની ઝાંખી એ જોગીને થયેલી અને તે તેમાં જ લીનવિલીન રહ્યો. તેનું 'દર્દ' તે સામાન્ય નહિ પણ જીવાત્માનું દર્દ છે અને તેથી તે તપ સિવાય બીજી કોઈ દશામાં જીવી શકે નહિ, એ દેખીતું છે. બાહ્યમાં તો 'ચખ ડાલ માર ધનકો, કૌડી ન રખ કફનકો!' એવો તે ફકીર થયેલો જ, પણ એથી અતિ વિકટ તેણે એ કરેલું કે તેના અન્તરની તમામ ભૂમિકાનો કબજોભોગવટો તેનો પોતાનો નહિ પણ તેની ધ્યેયમૂર્તિનો હતો—અને હરકોઈ આશકને એ જ કરવાનું છે: અને એવું સર્વસ્વાર્પણ થયા પછી આશકમાં શું રહે છે? 'હું' નહિ પણ 'તું'; અને આપણે વિચારી શકીએ કે એ 'તું' તે બીજો પુરુષ સર્વનામ નહિ, પણ પ્રત્યક્ષ પુરુષ નામ જાતે જ. પ્રેમ, પ્રેમ અને પ્રેમનો પ્રબળ પુકાર કરતો આશકનો આત્મા પ્રેમયોગના પ્રભાવે પ્રકૃતિથી પર કંઈક અનુભવતો આગળ માર્ગ કાપતો જ વધ્યો જાય છે અને નવા જીવનનો—પોતાનો અસલ વતનનો મુકામ શોધી કાઢી ત્યાં કાયમનો ઠેરે છે. કુરાને શરીફમાં લખેલું છે કે:—

'હું એક ઢંકાયેલા જવાહિરની પેઠે છૂપેલો હતો;
'મને મારા બળતા તણખાએ ખુલ્લો કર્યો.'

એ મુજબ આત્મદર્શનનો અનુભવ તે પામે છે. ઉપનિષદ પ્રમાણે બોલીએ તો:—

**'पूर्णस्य पूर्णमादाय पूर्णमेवावशिष्यते'। बृ. उ.**

તદનુસાર 'પૂર્ણમાંથી પૂર્ણ જાય છે, ત્યારે જે અવશિષ્ટ રહે, તે પૂર્ણ' સ્વરૂપનો અનુભવ આશકને થાય છે. જીવની સ્થૂળ દૃષ્ટિએ આરોપેલું જગતપણું પૂરેપૂરું બાદ કરતાં પૂર્ણ બ્રહ્મનું વિરાટ રૂપ જ રહે છે, દેહાત્મભાવનું 'હું' લય પામે છે– **अहं ब्रह्मास्मि** નું સર્વસામાન્ય 'હું' જાગે છે જે પૂર્ણ છે. તપ અને યોગદ્વારા સૂફી સ્થૂલેચ્છાઓને ક્રમે ક્રમે જીતવા માંડે છે અને માટીનું શરીર તે માટીનું જ છે, જે પદાર્થોમાં સુખ માનવામાં આવે છે, તે પણ માટીના શરીરની પેઠે માટીના છે અને હકીકતમાં માટીની કશી જ ગણના નથી, એ વાત તેના હૈયામાં કાયમને માટે લખાઈ જાય છે. દુનિયાનો સૂફી આશકો સાથેનો વિરોધ, અલબત્ત, કાયમનો તો નહિ જ પણ લાંબા કાળનો તો છે જ. સૂફી આશક નવી દૃષ્ટિ 'ફના–ફિલ્લાહ' પછી 'બકા'ના 'હાલ'માં આવે ત્યાં સુધી એવો વિરોધ રહે એ સહજ છે, બલકે ત્યાં સુધી એવું વૈમનસ્ય એ જ પરસ્પરનું લક્ષણ છે. વ્યક્તિમાં સમષ્ટિને અને તેના નિયામકને જોવાની અદ્ભુત આંખ આશકને પ્રેમે પોતે જ નજર કરેલી હોય છે અને આશક જાતે જ્યાં સુધી 'બકા'ના હાલમાં આવે ત્યાં સુધી આખી દુનિયાને પોતાની આંખો લગાડવાને અસમર્થ હોય છે; તેની એ લાચારી તે ઘણીકવાર ગઝલોમાં રડે છે એ આપણે જોઇએ છીએ. આપણા દેશના ભક્તોનો અને દુનિયાનો એખલાસ કેટલો છે, તે પણ આપણને વિદિત છે.

ભગવદ્‌ગીતા કહે છે કે:—

**अनन्याश्चिन्तयन्तो मां ये जनाः पर्युपासते।**
**तेषां नित्याभियुक्तानां योगक्षेमं वहाम्यहम् ॥ ९-२२**

"અનન્ય પ્રેમમાં નિત્યે જે હૈયાં અભિયુક્ત છે,
"પોતે પ્રેમપ્રભુ ત્યાં તો યોગક્ષેમ વહ્યાં કરે."

એવું અનન્ય ચિન્તવન અને એવી પર્યુપાસના સૂફી કરે છે; અને પતંજલિ ભગવાન યોગદર્શનમાં **योगश्चित्तवृत्तिनिरोधः ॥** એવું યોગનું જે મૂલસૂત્ર પ્રબોધે છે તે આશકને 'ઝખ્મ' અને 'દર્દ'ની વેદનાને પરિણામે સ્વતઃસિદ્ધ થાય છે, તેથી તે સનમના પ્રેમકીર્તન સિવાય બીજું કશું ચાહી શકતો નથી. તેના મનને નિગૃહીત કરવાને કે નિયમનમાં રાખવાને શાસ્ત્રાજ્ઞાઓની જરૂર પડતી નથી, કેમકે ખુદ આત્માની સાથે તેને સીધી આડત બંધાયેલી હોય છે અને એનું આંતરજીવન ગોયા એક પરમહંસ વા સંન્યાસીના જીવનને અનુરૂપ બની રહેલું હોય છે. પોતાપણું ફના કરવું એ સૂફીવાદનું તારતમ્ય છે અને તે સિવાય પ્રેમનો કે ચાહવાનો કશો જ હેતુ નથી; કેમકે પોતામાં રહેલાં વાસનાઓ અને વિકારો કાયમ રાખીને તો પ્રેમને પાત્ર કોઈ જ થયું નથી અને થઈ શકે નહિ એ સિદ્ધાંત છે.

ઉપરાંત, ચુસ્ત સૂફીનાં આવશ્યક લક્ષણ અને પ્રાપ્તવ્ય વિચારીએ, તો વિશુદ્ધ હૃદય, અસીમ ઔદાર્ય, આત્મનિગ્રહ, બ્રહ્મચર્ય, સતત ચિંતવન, વાસનાક્ષય, આત્માર્પણ અને પ્રેમલક્ષણા ભક્તિ એ એનું આન્તર જીવન છે. ભકિતમાર્ગના આચાર્ય નારદમુનિ પ્રેમભક્તિ સમજાવતાં કહે છે કે:—

**ॐ॥ सा न कामयमाना निरोधरूपात् ।**
**ॐ॥ परमप्रेमरूपत्वात् ॥**
**ॐ॥ निरोधस्तु लोकवेदव्यापारसंन्यासः ।**
**ॐ॥ तस्मै अनन्यता तद्विरोधिषूदासीनता च ।**

**ॐ॥ अन्याश्रयाणां त्यागो अनन्यता।**
**ॐ॥ लोके वेदेषु तदनुकूलाचरणं तद्विरोधिषूदासीनता च।**
**ॐ॥ भवतु निश्चयदाढ्यादूर्ध्वं शास्त्ररक्षणम्।**
**ॐ॥ अन्यथा पातित्या शंकया।**
**ॐ॥ नारदस्तु तदर्पिताखिलाचारता। तद्विस्मरणे व्याकुलत्तेति।**
**ॐ॥ अस्त्येवमेवम्।**
**ॐ॥ यथा व्रजगोपिकानाम्।**

ભાવાર્થ કે:—

'ભક્તિ કામના સિવાયની હોવી જોઇએ, (નિરુદ્ધ ચિત્તે કરેલી તેથી) નિરોધરૂપા હોવી જોઇએ. ભક્તિ પરમ પ્રેમરૂપા એટલે પોતાનું ભાન ભૂલી જઇને લીન અને ઉન્મત્ત ભાવનાથી થયેલી હોવી જોઇએ. લોક, વેદ અને વ્યવહારનો ત્યાગ અને ઇષ્ટ પ્રેમમૂર્તિમાં અનન્યતા અને તદ્વિરોધી બાબતોમાં ઉદાસીનતા એ પ્રેમીનો નિરોધ છે. ઇષ્ટ સિવાયના અન્યાશ્રયનો ત્યાગ કરીને ભક્તિ અનન્ય થવી જોઇએ. લોક અને વેદમાં જે ઇષ્ટપ્રેમને અનુકૂળ હોય તે જ કરવું, તેનાથી વિરોધી બાબતો તરફ ઉદાસીનતા રાખવી; પરન્તુ ભક્તિમાં નિશ્ચયની દૃઢતા થયા પહેલાં શાસ્ત્રનું રક્ષણ (પાલન) કરવું જોઇએ; અન્યથા પતિત થવાની શંકા છે. નારદનું કહેવું એવું છે કે કર્મમાત્ર તદર્પિત કરવાં અને તેના વિસ્મરણથી પરમ વ્યાકુળ થવું (એ ભક્તિ છે). એ એવું જ છે-વ્રજ-ગોપિકાઓના પ્રેમ જેવો પ્રેમ—તે ભક્તિ.'

સૂફીવાદના અનુયાયીઓની પ્રેમભક્તિનું અભિજ્ઞાન ભક્તિ-માર્ગના પ્રણેતા નારદમુનિ ઉપર પ્રમાણે કરાવે છે અને આશકો-ની ગઝલોમાં આપણે એ લક્ષણો આબાદ રીતે જોઇએ છીએ.

આશક કોને ચાહે છે, તે શેને પૂજે છે અને શા માટે પૂજે છે એ વગેરે પ્રશ્નો સિદ્ધાંત સમજવામાં સહાયક નથી–

મહત્ત્વના નથી, બલકે અભ્યાસીને જરૂરના પણ નથી; જોવાનું એ છે કે આશકની આંખ તેના ઉપાસ્યમાં શું જુએ છે અને તેનું પોતાનું વ્યક્તિત્વ તે પ્રેમયજ્ઞમાં કેવી રીતે ફના (આત્મ-વિલોપન) કરે છે. આર્યાવર્તના પ્રાચીન અને અર્વાચીન ભકતોની કોમળવૃત્તિથી થયેલી અને થતી દૃઢ હૃદયની ‘મૂર્તિપૂજા’ને પણ હસનીય અને નારકી દશાના જ લક્ષણ જેવી જે માની શકે તેને તો પ્રેમીની મૂર્તિપૂજાનો સિદ્ધાંત ભાગ્યેજ ગમ્ય થઈ શકે; કેમકે ‘ઉપાસક’ અને ‘ઉપાસ્ય’ વચ્ચેનો સૂક્ષ્મ પ્રવાહ જગતની સ્થૂળ દૃષ્ટિનો કે બુદ્ધિનો નહિ; પણ પ્રેમી આત્માના પ્રત્યક્ષાનુભવનો જ માત્ર વિષય છે. તે પ્રવાહ યોગી હૃદયનો તેના હૃદય તરફ વહેતો બ્રાહ્મ પ્રવાહ છે અને વિશુદ્ધ પ્રેમભક્તિ વડે તે નિરન્તરનો પવિત્ર છે. જો તેમાં કામ, મોહ કે વિકારની સ્વસ્નેહમય જરા પણ છાંટ રહેલી હોય છે, તો તે પ્રવાહ આગળ ચાલી શકતો જ નથી અને આશકને કશો આરામ મળતો નથી, ફક્ત કડવાં આંસુ સિવાય બીજી કશી બરકત તેને થતી નથી, એ ખુલ્લી વાત છે.

વ્રજની ગોપબાલાઓ, મીરાંબાઇ, બિલ્વમંગળ, દયારામ, અને બીજાં ઘણાં ભક્તહૃદયો કૃષ્ણને સર્વસ્વ માનીને આત્માર્પણનો પ્રવાસ કરે છે. મહાત્મા તુલસીદાસ કૃષ્ણને નહિ પણ રામચંદ્રને હૃદયથી પ્રભુ માને છે અને ગોકુળવૃંદાવનમાં કૃષ્ણની મૂર્તિને નમવાની પણ ચોખ્ખી ના કહે છે. મજનૂં દીવાનો લયલાંમાં પરમાત્મદર્શન કરે છે અને ખુદ ખુદાની પણ પરવા કરતો નથી. પરમહંસ રામકૃષ્ણનું હૃદય મહાકાલિની મૂર્તિનું ઉપાસક છે અને તેમાં લીનતાદ્વારા તે સ્વાત્માર્પણનું બલિ પ્રેમયજ્ઞમાં હોમીને આત્માનુભવ પામે છે. તેમના જ શિષ્ય સ્વામી વિવેકાનંદ મહાકાલિની મૂર્તિને નહિ પણ પોતાના ગુરુ રામકૃષ્ણદેવને જ અદ્વિતીય ઉપાસ્ય માને છે. કેટલાક આશકો અજમેરના

પીર ખ્વાજા સાહેબને જ સર્વસ્વ માને છે અને ઉપાસે છે. કેટલાક હઝરત મહમ્મદ પેગંબર સાહેબને અને કેટલાકો સૂફીવાદના મૂળ સ્થાપક હજરત અલી સાહેબને ધ્યેય માને છે. કેટલાકો પરમાત્માની મનઃકલ્પિત મૂર્તિને લક્ષ્ય કરીને પ્રેમયોગ વડે ભક્તિ અને ચિન્તવન કરે છે અને ઉષ્માદ્વારા માર્ગ પામીને પ્રકાશમાં ભળે છે. એક પયગમ્બરની કથા એવી પણ કહેવામાં આવે છે કે જે સાંભળીને હાલની બુદ્ધિમાન પ્રજાને કદાપિ હસવું પણ આવે. કહે છે કે તેમણે એક મુમુક્ષુને પાડા તરફના દૃઢ પ્રેમ પરથી ઇશ્ક હકીકીની તાલીમ આપી હતી અને તેમાં તે પ્રેરિત પુરુષ સફળ થયા હતા. બાબા પ્રેમાનંદભારતી તો એટલે સુધી કહે છે અને બેશક તે સાચું છે કે હૃદયને જે વધારેમાં વધારે પ્રિય લાગે તેને ચાહવું અને જો કોઈ વ્યક્તિને ચાહવાનું ન બની શકતું હોય, તો **પ્રેમ** એ શબ્દની મૂર્તિ કલ્પીને લક્ષ્યસ્થાને તેને રાખીને યોગી થવું અને એ તલ્લીનતાથી પણ પરમાત્માના પુણ્યપ્રકાશનો આત્માનુભવ અવશ્ય થશે. ઉપરાંત, આપણી ભાષામાં પ્રભુને માતા તરીકે પરમપ્રેમથી ઉપાસના કરનારાં કેટલાંક કાવ્યો લખાયેલાં છે અને તેમાં બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર અને બીજા અવતારો એ દેવીના જ છે, એમ ભક્તોએ સ્તુતિ કરતાં ગાયેલું છે. (જુઓ વલ્લભનો ગરબો, બૃ. કા.)

મિઝાજી અને હકીકી ઇશ્કના સંબંધ વિશે મૌલાના **જામી** 'યુસૂફ–ઝુલેખા' વિશે લખતાં એક પ્રસંગે કહે છે:—

" શુનીદમ શુદ મુરીદે પેશ પીરે,
" કે બાશમ દર સલુકશ દસ્તગીરે;
" બ ગુફ્ત અર પા નશુદ દર ઈશ્કત અઝ જાયે,
" બી રવ આશક શવ વાંગેહ પેશે મન આયે;
" મ તાબ અઝ ઇશ્ક રૂ ગરચે મિજાઝેસ્ત,
" કે આં બહેરે હકીકત કાર સાઝેસ્ત;

"બ લોહ અવ્વલ અલેફબેતે ન ખ્વાની,
" ઝે કુરાં દરસ ખ્વાનદન કય તવાની ?"

ભાવાર્થ કે:—

"મેં સાંભળેલું છે કે કોઈ શિષ્ય મહાત્માની પાસે દીક્ષા લેવા ગયો. ગુરુએ કહ્યું કે, 'તું કોઈને ચાહતો નથી, માટે શિષ્ય થઈ શકશે નહિ. કોઈના પર પણ આશક થઈને તું આવે તો તને દીક્ષા આપું. ઇશ્ક મિજાઝીની તો તને ખબર નથી, તો હું તને હકીકતની તાલીમ શી રીતે આપું ? પાટી પર 'અલેફબેતે' નહિ ઘૂંટે તો તને કુરાન વાંચતાં શી રીતે આવડશે ?'"

અહીંયાં અપરા પ્રીતિના સાધનને પરા ભક્તિ માટે આવશ્યક ગણવામાં આવ્યું છે.

હદીસ શરીફ જેમાં ઇસ્લામી પેગંબરોની સવિસ્તર તવારીખ છે, તેમાં ઉલ્લેખ છે કે:—

'અલ્ મિજાઝો કનતર-તુલ્-હકીકતે; અલ્ ઇન્સાનો મીર અતુલ્ ઇન્સાન,'
'ઇશ્ક મિજાઝી એ ઇશ્ક હકીકીની સીડી છે;
ઈન્સાન એ ઇન્સાનને જોવાનો આયનો છે.'

આ ઉપરથી જોવાનું છે કે, વ્યક્તિ તરફનો પ્રેમ પણ જો સામાન્ય નહિ પણ અનન્ય અને અલૌકિક હોય, તો તે ઈશ્વરી પ્રેમના સાક્ષાત્કારમાં ઘણી વધારે મદદ કરે છે. એ જ ગ્રંથમાં કહેલું છે કે:—

'અલ્ ઇશ્કો જુનોજુન રફ્હો બીના ઉલ અકલે:'
'અલ્ ઇશ્કો નારૂન ફિલ્કલ્બે તહર્રકો મા સેવલ્લ મેહબૂબે.'

એટલે, "ઇશ્કનું લક્ષણ જ છે કે અક્કલની બીનાને તે ઉખાડી નાંખે છે. ઇશ્કની આગ એવી છે કે તે મેહબૂબ (યાને પ્રિયતમા) સિવાય બીજું બધું ભસ્મ કરે છે."

અમેરિકાનો સુપ્રસિદ્ધ વેત્તા એમર્સન પણ આને ઘણે અંશે મળતા વિચારો જણાવે છે. તે કહે છે કે સ્નેહનું દર્શન

આત્માને પૂર્વસ્મૃતિ કરાવે છે અને ક્રમેક્રમે સ્થૂળ બાબતો છૂટતાં ચાહનાર પરિણામે વિશ્વવ્યાપક–સર્વ સામાન્ય પ્રેમ સુધી પહોંચે છે અને આત્મદર્શન પામે છે. આત્માને ચાહનાર જાતે આત્મા બને છે. (જુઓ એમર્સન, 'ઓન લવ.')

હકીકત એવી છે કે હૃદયને કોઇ પણ સ્થાને ભવ્યતા–સુંદરતા–કાંતિની દિવ્યતા–પ્રભુતાનું જ્વલંત દર્શન થવું જોઇએ. એ 'ઝબ્બ' યાને ઝાંખી જો વિશુદ્ધ અને અલૌકિક હોય છે તો જ ચાહનારના આખા આન્તરતન્ત્ર પર કાયમની અસર કરે છે, કેમકે તે પ્રકૃતિથી પર હોય છે અને આવો આત્મીય પ્રેમ હોય તો જ તે ચાહનારને માનવસ્નેહમાં પણ પ્રભુપ્રેમનો પ્રત્યક્ષ અનુભવ કરાવે છે. અલબત્ત 'પોતાપણું' તમામ ઓગાળ્યા વિના સામાન્ય માનવસ્નેહનો કશો જ વિશિષ્ટ અર્થ નથી એ સ્પષ્ટ છે; કારણ કે, સ્નેહ એટલે જ સાત્વિક સેવા—સ્નેહ એટલે જ 'હું' મટીને 'તું' થવું; અને માનવસ્નેહના મામલામાં એ અતિશય વિકટ છે. અશારીરિક આત્મત્વ (પ્લૅટોનિક લવ)ની પ્રેમ-ભાવના માનવસ્નેહમાં કાયમની રહેવી એ બહુ જ મુશ્કેલ છે. કામ, મોહ અને સ્વસ્નેહના વિકારોનાં વિકટ પ્રલોભનો માનવસ્નેહમાં પળેપળે આવે છે, અને એ પરીક્ષણોમાં ટકી રહેવું એ વિરલાં હૃદયોથી જ બની શકે એવું છે. સ્ત્રીપુરુષના સ્નેહને માર્ગે અનેક પ્રકારનાં પ્રલોભક બલો ખડાં હોય છે અને એ દુશ્મનોનું માતબર લશ્કર આશકને આગળનો માર્ગ સહેલાઇથી મેળવવા દેતું નથી; આથી તે અતિશય ભયંકર છે. સૂફીવાદના મિજાઝી ઇશ્કને નામે ચાલનારાં હૃદયોને ખરેખર બહુ જ સંભાળવાનું છે.

ઇશ્કની ગઝલો લલકારનારાં જિગરોને આ પ્રસંગે આવશ્યક ચેતવણી આપવાનું ધર્મકર્તવ્ય છે કે, સ્નેહનાં કાવ્યો સ્ત્રીપુરુષના વિલાસી સ્વચ્છંદોને પોષણ આપવાને કદાપિ લખાયેલાં નથી; સૂફી આશક તો એવાં વિલાસી વર્તનોનો ખરેખરો

દુશ્મન છે અને હરકોઈ નીતિવેત્તા(મૉરેલિસ્ટ) સ્વચ્છંદ, વ્યભિચાર અને વિલાસને ધિક્કારવામાં જેટલો આગ્રહી હોઈ શકે, તેના કરતાં તે ઘણો વધારે આગ્રહી અને પવિત્ર છે. એકપત્નીવ્રત પાળનાર સામાન્ય ધર્મબુદ્ધિના વ્યાવહારિક મનુષ્ય કરતાં, સૂફી ઇશ્કના આશકનું હૃદય ધર્મ, નીતિ અને તત્ત્વની બાબતમાં ઘણું આગળ વધેલું હોય છે: ભોગવિલાસની નજરથી 'જોવું' એ જ સૂફી ઇશ્કના રાહદારી માટે ગંભીર પાપ છે અને તેથી કહેવું જોઇએ કે દુનિયામાં કોઈ પણ પ્રકારની નિરંકુશ બદી હોય તો તેને ઉમેરવાને નહિ, પણ મનુષ્યમાં રહેલા ઈશ્વરી બળનો પ્રવાહ તેના પોતાના મૂળ તરફ વાળવાને જ આવા સાહિત્યનો ઉપયોગ છે. સ્નેહ એટલે આન્તરનું અર્પણ, સ્નેહ એટલે શરીરનો નહિ, પણ આત્માનો આવિર્ભાવ અને સ્નેહનું દર્શન એટલે પ્રભુતાનું દર્શન. વ્યક્તિમાં એવું દર્શન થવા છતાં, આશક પોતાની પ્રિયતમાને કદાપિ પણ ભોજ્યા માનતો નથી—માની શકતો નથી, એ ખાસ કરીને લક્ષમાં રાખવું જોઇએ. સ્નેહ અથવા ઇશ્ક એ ભક્તિ છે અને આશક તે ભક્ત છે; અને ભક્તને તો પ્રભુનાં દર્શન થયા પછી પોતામાં પોતાની નાલાયકાત અને પ્રભુની અગાધ મહત્તા સિવાય બીજા વિચારો આવવાને અવકાશ જ નથી. આપણે જોઇએ:—

"સનમકા નૂર દેખા હય, ખુદાકા નૂરકે બદલે;
"હુવા હય દાગેદિલ રોશન, ચેરાગહ તૂરકે બદલે.

*　　*　　*　　*

"અનલહક્કકે ચવઝ્ લબ પર, અનલમહબૂબ જારી હો;
"ચ્હડાયેં દાર પર મુઝકો અગર મનસૂરકે બદલે.
(ગઝલે દાગ)

(પરમાત્માના જ્યોતિને બદલે સનમનું નૂર જોયું છે; તૂરના પહાડ પર પયગમ્બરને થયેલી ઝાંખીને બદલે મને દિલમાંનો

ડાઘ સ્પષ્ટ થયો છે. 'હું બ્રહ્મ છું' એ મંત્રને બદલે હું મેહ-બૂબ–સનમ છું' એ મંત્ર મારા હોઠ પર ચાલુ રહો; અને મનસૂરને બદલે મને શૂળી પર ચઢાવી દો.)

"અરે! કાતિલ તીખું તે જિગરને રેંસનારું છે:
"પરન્તુ પહાડનું હૈયું ખુદાએ આ ઘડેલું છે."

(કલાપી)

(હૃદયને 'ઝખ્મ' કરનાર શસ્ત્ર—ઇશ્કનો ઝખ્મ કરનારું તેનું નેત્ર એટલું તો તીક્ષ્ણ છે કે હૃદયને પૂરેપૂરું ચીરી નાખે; પણ મારું હૃદય જ કઠોર ગોયા પહાડનું બનેલું છે.)

પોતાનું અંતરવલોકન–પ્રતિપક્ષીની દૃષ્ટિ કરે એવું—આબાદ થવું જોઇએ; અને તો જ આન્તર પ્રવાસમાં આગળ વધી શકાય, અને આત્મવંચિત થવાનો–ઊલટે રસ્તે જઇને દુઃખદ બનાવો શોચવાનો પ્રસંગ ન આવે. પ્રવાસના ક્રમમાં પ્રત્યેકની પાત્રતા અને પ્રત્યેકના અનુભવો સમાન નથી હોતા, એ પણ ખ્યાલમાં રહેવું જોઇએ. 'હું પૂર્ણ છું' એ શબ્દો પ્રેમસ્વરૂપ ઇસુખ્રિસ્ત, શ્રીકૃષ્ણ, જનક, શુકદેવ, મનસૂર વગેરે દિવ્યાત્માના સ્વાનુભવની પ્રેરિત વાણી છે, પણ એ જ શબ્દો હિરણ્યકશિપુ, રાવણ, નમ-રૂદ કે ફિરૅાનના મુખમાં આત્મવિઘાતક–ઈશ્વરદ્રોહી છે, એ સ્પષ્ટ છે. પોતાના હૃદયનું—હૃદયભાવોનું સૂક્ષ્મ પૃથક્કરણ કરવું એ બિલકુલ સહેલું નથી. 'સનમ તો હાજરાહજૂર છે, પણ આશકના ઇશ્કની કસૂર યા કમીનાને લીધે જ તે પરદેનશીન રહે છે: સજીવન–ચૈતન્યમૂર્તિ માત્ર સનમ જ છે–આશક તો ગોયા જાન વગરની ચીઝ મુરદું છે,' એ મૌલાના રૂમી સાહેબના કહેવા ઉપરાન્ત, આપણે મનન કરવા યોગ્ય એક સન્તના અનુભવોદ્ગાર છે કે:—

'સાહેબકે દરબારમેં, કમી કાહુકી નાંહિ:
'બન્દા મૌજ ન પાવહી, ચૂક ચાકરી માંહિ.'

સરખાવો: 'તમે હાથે કરીને જ હેરાન થાઓ છો—કોઈ બીજું તમારા ઉપર જબરદસ્તી કરતું નથી. કોઈ તમને બાંધી રાખતું નથી, કે તમે જીવો કે મરો.'

સરખાવો:

**उद्धरेदात्मनात्मानं नात्मानमवसादयेत् ।**
**आत्मैव ह्यात्मनो बन्धुरात्मैव रिपुरात्मनः ॥**

**भ. गी. ६. ५.**

મસ્નવીમાંથી નીચેની એક વાત આપણને ઉપયોગી છે:

કોઈ આશકને એક પ્રસંગે તેની પ્રિયતમાનાં દર્શનની તક મળી. તેણે તેને હૃદયથી ચાંપીને ભેટવાને બદલે પોતાના ખિસ્સામાંથી એક કાગળ કાઢ્યો અને તેને વાંચી સંભળાવવા માંડ્યો. તે કાગળમાં એ જ માશૂકના રૂપની, તેના પૂર્ણત્વની અને તેના વિયોગમાં તે તેને કેટલા બધા પ્રેમથી ચાહતો તેની તારીફની તથા પોતાના દર્દની ગઝલો લખેલી હતી. તે સાંભળતાં માશૂકે તેને કહ્યું કે, 'હવે તો તમે સાક્ષાત્ મારી પાસે જ છો અને તેથી વિયોગના આવા વિલાપો અને દુઃખના ઊભરા વાંચવામાં અત્યારે વખત ગાળવો એ તેનો અવળો ઉપયોગ છે. આપણને રૂબરુ મળવાની જે લહાણ મળી છે, તેનો આ પ્રમાણે અવળો ઉપયોગ કરવો એ સાચા પ્રેમીને ઘટતું નથી. આ ઉપરથી તો સ્પષ્ટ થાય છે કે, તમારા પ્રેમની ખરી વસ્તુ હું નથી, પણ તમે ખરેખર જ જેને ચાહો છો, તે વસ્તુ તો તમારી પોતાની જ હાલમસ્ત દશા અને તેને લગતી તમારી પોતાની જ કવિતાના આલાપો છે. પાણીથી વિખૂટી પડેલી માછલી લાંબા કાળ પછી જેવી રીતે પાણીને જુએ તેવી રીતે હું તમને જોઉં છું, પણ તમે તો મારાથી જાણે તે રોકી રાખો છો. આ તો એવું છે કે જાણે હું અત્યારે લાહોરમાં હોઉં અને તમારું કોઈ પ્રેમપાત્ર લંકામાં હોય ! હૃદયનો જેના તરફ ખરેખરો પ્રેમ હોય છે, તે તો એવો

હોય છે કે, હૃદયપાત્ર પ્રેમપાત્રને એકને માટે જ ખાલી હોય છે. તમારી બાબતમાં તો સ્પષ્ટ છે કે, તમારું હૃદય મારે માટે ખાલી નથી! તમારા હૃદયમાં મારે માટે જગા હોય તેના કરતાં તમારી પોતાની ગઝલો માટે વધારે જગા છે!'

આ માશૂકના ઉદ્‌ગારોદ્વારા આશકોને બહુ ઉપયોગી નસીહત મળે છે. ખરા આશકની દશા તો આવી છેઃ–

'પ્હડે ન ઇલ્મકી પોથી! 'અલિફ બે પે' ન હમ સીખે!
'ફક્ત એક ઇશ્કકી મક્તબમેં હમ નામે સનમ સીખે!'

તાત્પર્ય એ છે કે, સૂફી આશકે ક્રમે ક્રમે પોતામાંની વાસનાઓનો ક્ષય કરીને મુક્ત થવા તરફ નિશાન રાખવું જોઇએ. તેણે 'સાફી' થવું જોઇએ. આસપાસની તમામ સ્થિતિઓથી અલિપ્ત સાફ–પ્રેમસ્વરૂપ બનવાને જ તેણે મથવું જોઇએ. અનેક બાબતો તરફ ભટકતી વૃત્તિવાળું ચિત્ત 'પ્રેમયોગ' માટે નાલાયક છે. દુનિયાદારી અને ઇશ્કને બન્નેને મેળવવા માગનાર અને બન્નેમાં અકકેક પગ રાખનારને સૂફીવાદના ઇશ્કમાં ફત્તેહ મળવાનો કેટલો ઓછો સંભવ છે, એ આપણે જોઈ શકીએ છીએ. માત્ર સૂફીવાદમાં જ નહિ પણ પ્રભુના બધા માર્ગોમાં એવી જ વિકટતા છે. પ્રેમસ્વરૂપ ઈસુ ખ્રિસ્તે પણ આપણને એવું જ કહેલું છેઃ—

"બે માલિકોની સેવા કોઈ માણુસ કરી શકે નહિ; કેમકે તે એકને કાં તો ધિક્કારશે કે બીજાને ચાહશે; અથવા તો એકનો પક્ષ કરશે ને બીજાનો દ્વેષ કરશે. દેવ અને દૌલત બન્નેને તમે નહિ સેવી શકો." (હોલી બાઈબલ પૃ. ૭૭૧; નવીન સન્ધિ, ૬ : ૨૪ )

સૂફી આશકની ભક્તિ નીચેના પ્રેમકીર્તનમાં આપણે જોઈએઃ–

તેરી ઉલ્ફતમેં મર મિટના, શહાદત ઇસ્કો કહેતે હયઃ
તેરે કૂચેમેં હોના દફન, જન્નત ઇસ્કો કહેતે હય.

તુઝીકો દેખના, તેરી હિ સુનના, તુઝમેં ગુમ હોના:
હકીકત, મારિફત એહલે તરિકત ઇસ્કો કહેતે હય,
રિયાસત નામ હય તેરી ગલીમેં આનેજાનેકા:
તસવ્વરમેં તેરે રહેના, ઇબાદત ઇસ્કો કહેતે હય.
જો તુઝમેં ઔર તૂં જિસમેં ફિર ઉસકો ઢૂંઢના કયસા?
યે હિ હય બેખબર ગફલત, જહાલત ઇસ્કો કહેતે હય.
પ્હડા કલમા બૂતોંને ઔર ગવાહી દી દરખ્તોંને:
નબૂઅત ઇસ્કો કહેતે હય: રસાલત ઇસ્કો કહેતે હય.
રહા મુઝમેં બશિકલે રૂહ પર સૂરત ન દિખ્લાઈ:
ઇસે કહેતે હય બેગૈરત, મૈયત ઇસ્કો કહેતે હય.
કટાયા સરકો સિઝદેમે, યે હિ ઉમ્મતકી ખાતિર મૈં:
યહાદત ઇસ્કો કહેતે હય: ઈબાદત ઇસ્કો કહેતે હય.
નઝર આયા હય જો જલવા, મૈંને તાહ વ યાસીનકા:
ખા ખા કર કસમ કુરાને, સૂરત ઇસ્કો કહેતે હય.
તેરા આશક, તેરા શયદા, તેરા મફતૂં વ જાંદાદહ્:
તેરા ખાદિમ, તેરા બન્દા, હિદાયત ઇસ્કો કહેતે હય.
(ગઝલે હિદાયત)

એનો ભાવાર્થ આ પ્રમાણે છે:—

ખપી જવું પ્રેમમાં તારા, સમર્પણ એ અમે કહીએ:
દફન થવું શેરીમાં તારી, અમારું સ્વર્ગ એ કહીએ.
સ્તુતિ તારી જ બસ! સુણવી, તને જોતાં જ ગૂમ થઇએ:
મીમાંસા, સાંખ્ય ને તત્ત્વો, બધું એમાં અમે કહીએ.
સફર તારી ગલીમાં તે, શહનશાહી અમે કહીએ:
રહેવું ચિન્તને તારા, પરાભક્તિ અમે કહીએ.
તુંમાં છે જે-તું છે જેમાં, પછી શું શોધવું તેને?
ખબર નહીં એ જ અજ્ઞાની અગર ગાફિલ્ અમે કહીએ.
ઋચા આ વેદની શીખ્યા, બધું બ્રહ્માંડ સાક્ષીમાં:
અસલ એ શબ્દ બ્રહ્માનો, પ્રભુવાણી અમે કહીએ.
નિરાકારે રહે અન્દર મગર દર્શન ન દે દિલબર:
વગર તું તે નફટ જીવતર અગર મૃત્યુ અમે કહીએ.

ચરણુ ચૂમતાં કપાવ્યું શિર, સનમના પ્રેમની ખાતિર:
સમર્પણ એ અમે કહીએ: પરાભક્તિ અમે કહીએ.
પીધું જે જ્યોતિ પ્રીતિનું, નિરંજન નેતિ નેતિનું:
ખરેખર! વેદના સોગન! પ્રભુ એ-એ અમે કહીએ.
દીવાનું ઘેલું તુજ પ્રેમી: ત્વદર્પિત પ્રાણુતનમનધન:
ગુલામી કાયમી તારી, સનમનો રાહ એ કહીએ.

આમીન. પ્રેમદર્શન, પ્રેમયોગ, પ્રેમભક્તિ અને છેલ્લે પ્રેમ અને જ્ઞાનની સુંદર અભિન્નતાનો આત્માનુભવ એ સૂફી ઇશ્કના રાહનો ક્રમ છે.

અલબત્ત સૂફીઓ પ્રભુને પ્રિયા કહે છે અને મજનૂં જેવા કોઈ દીવાના પ્રિયાને પ્રભુ પણ કહે છે, પરંતુ એ પ્રિયાને પામવું એ બચ્ચાંઓની રમત નથી–ગઝલની લીટીઓ ગોઠવીને ગાનતાનમાં મશગૂલ રહેવાથી એ પ્રિયાનો ભેટો નથી, એ તો અવશ્ય વિચારવું જોઈએ. મજનૂં પોતાની પ્રિયાને પ્રભુ કહે એટલા માટે હાડમાંસની હરેક પૂતળી પ્રભુ બનવાને અથવા પ્રભુ તરીકે પૂજાવાને પાત્ર હોતી નથી. કૃષ્ણુને મીરાંબાઈએ પ્રભુ તરીકે પૂજ્યા અને પ્રેમલક્ષણા ભક્તિથી હજી પણ ઘણાં હૃદયો પૂજે છે, પણ એના ખોટા અનુકરણથી વૈષ્ણવસંપ્રદાયના મહારાજો પૂજાવા લાગ્યા અને વલ્લભી સમાજે તેનું ગતાનુગતિક અનુસરણ કર્યું, એથી કેવા અનર્થ થયા એ 'મહારાજ–લાયબલ–કેસ'ના અભ્યાસીઓને સુવિદિત છે.

પ્રેમભક્તિ એ બેશક કોમળ, પવિત્ર અને મહિમાવન્તાં ભક્તહૃદયોની દિવ્ય શ્રદ્ધાનું પરિણામ છે અને વિરલ હૃદયમાં જ તે સ્વયંસ્ફુરણ પામે છે, એટલું જ નહિ પણ હરકોઇ લૌકિક નિયન્ત્રણથી તે હંમેશાં પર હોય છે; છતાં પ્રેમને નામે જ્યારે દેશની અધોગતિ થવા લાગે છે, ત્યારે કુદરતના નિયમ મુજબ 'કરસનદાસ' જેવાં સાચાં અને વીર હૃદયો એ દુર્દશાનું ભાન

કરાવવાને આગળ આવે છે અને આવવાં જ જોઇએ. ખરું છે કે શ્રદ્ધા એ બુદ્ધિનો વિષય નથી, છતાં, ધર્મને નામે ફરજિયાત અથવા અર્થહીન અનુકરણ તો કેવળ અનિષ્ટ છે. એથી સત્યનાં દ્વાર ખુલ્લાં નહિ, પણ બંધ થાય છે—પ્રકાશનો માર્ગ સંકોચ પામે છે, અને જાણેઅજાણે પણ પ્રેમને એટલે પ્રભુને આપણાથી અન્યાય થાય છે. વસ્તુસ્વરૂપનું રહસ્યજ્ઞાન પામ્યા વિના ઈશ્કને નામે પ્રવાસી હૃદયો વિમાર્ગે વહી જવાની ધાસ્તી રહે છે અને તેથી આટલું બેલાશક બોલવાની ફરજ લાગે છે. મિજાઝી ઇશ્ક ગમે તેને ચાહે એમાં પ્રતિબંધ કશો નથી—દેવી મીરાંની પેઠે તે જડમૂર્તિને લક્ષ્ય માને યા ચાહે તો મજનૂં જોગીની મિસાલે તે ચેતનમૂર્તિને લક્ષ્ય માનીને ચાહે; પણ જેને તે ચાહે છે, તેને દુનિયાની નજરથી નહિ પણ લૌકિક દૃષ્ટિથી પર—પ્રભુતાની દૃષ્ટિથી પૂજે છે કે કેમ એ જ તેની આત્મોન્નતિના ક્રમ માટે મૂળ પ્રશ્ન છે. ફારસી અને ઉર્દૂ સાહિત્યના ગતાનુગતિક અનુકરણ ( એવા અર્થહીન અનુકરણને સૂફીવાદમાં ‘ તકલીદ ’ કહે છે )થી સંખ્યાબંધ ગઝલો ગૂજરાતીમાં દેખાવ આપવા લાગી છે, એ ચાલુ જમાનાની ખાસિયત હો કે ખૂબી હો, પણ તેનું પરિણામ આત્મવંચના અથવા વલ્લભી સંપ્રદાયની પેઠે વિકૃત કૃત્રિમતા નીવડે નહિ, એવી આપણે આશા રાખીશું અને તે સફળ કરવાને પ્રેમસ્વરૂપ પરમાત્માને પ્રાર્થના કરીશું ૐ ॥

હકીકી અને મિજાઝી ઇશ્ક એ બે જુદા માર્ગો નથી, પણ એક જ પ્રવાહનાં ક્રમિક ગત્યન્તર છે એ આપણે જોયું છે; અને સૂફીવાદની શૈલીએ લખાતી આપણી ભાષાની ગઝલોને ક્યાં સ્થાન છે, તે પણ આ નિરૂપણ પરથી જોઈ શકાશે.

દયારામભાઈ પછી એમના હૃદયને કંઇ અંશે સમરૂપ હૃદય આપણે કવિ નર્મદમાં જોઈએ છીએ. કવિ નર્મદે પ્રેમની મસ્ત અને જુસ્સાભરી બાનીમાં ‘ ઇશ્ક ’ ગાયો, બજાવ્યો અને

ગુજરાતને સંભળાવ્યો છે. અલબત્ત, તેના હૃદય પર કીટ્સ, બાયરન અને બીજા અંગ્રેજી કવિઓની તથા દયારામ જેવાની અસર થયેલી છે, તેવી ફારસી કે ઉર્દૂ લેખકોની અસર થયેલી તેના ઉદ્દગારોમાં જણાતી નથી. તેણે 'ગઝલ' નહિ ગાયેલી એવું નથી; 'ગઝલ' તેણે, બેશક, ગાયેલી; પણ તેના જેવા વીર હૃદયને 'પ્રેમશૌર્ય'ની ગર્જના પુકારવામાં 'લાવણી'ની રચના વધારે અનુકૂળ પડેલી અને તેથી રૂઢ અથવા હાલ જે 'ગઝલ' ગણાય છે તે માપ (મીટર)માં તેણે લખ્યું નથી.

"ચલો ! ચલો ! શું વાર લગાડો ! જલદી પીવા માંડો !"

વગેરે એના પ્રમત્ત ઉદ્દગારો જાહેર છે.

કવિ નર્મદના પ્રતિભાશાળી હૃદયે જ ગુજરાતને 'હૃદય' આપ્યું છે–જીવન આપ્યું છે, એમ કહેવામાં કશી અતિશયોક્તિ ગણાશે નહિ. નવી ભાવના, નવા વિચારો, નવી શૈલી અને નવા જુસ્સાની કવિતા તો આપણને નર્મદે જ આપી છે. જાણવા અને નોંધવા જેવું એ છે કે, 'લાગણી' એ શબ્દ જ અંગ્રેજી શબ્દ 'ફીલિંગ' ઉપરથી પહેલવહેલો ગુજરાતી ભાષાના શબ્દ-કોષમાં દાખલ કરનાર કવિ નર્મદાશંકર છે.

પરન્તુ, ગુજરાતી ભાષામાં ખરેખર ગઝલ લખનાર તો 'મસ્ત બાલ' છે. એ વિરલ વ્યક્તિએ આપણી એટલી તો કીમતી સેવા કરેલી છે કે તેની કદર કરવાની આપણા બન્ધુઓની અશક્તિ આપણે સ્વીકારવી જોઈએ. ફારસી શાયર હાફિઝ જે ઇરાનનો મહાન કવિ ગણાય છે, તેનું સાહિત્ય ગૂજરાત હજૂર રજૂ કરવાનો એમણે કરેલો પ્રયત્ન કેટલો ઉપકારક છે ? સૂફીવાદ વિષે પણ એ જ મહાન પુરુષે આપણને પહેલવહેલી માહિતી આપી છે. ઇસ્લામી રિયાસતના કેટલાક ઐતિહાસિક ગ્રન્થોનો તરજુમો પણ એમણે કરેલો; 'ભારતીભૂષણ,' 'બુદ્ધિપ્રકાશ' અને 'કૃષ્ણમહોદય' વગેરે સામયિક પત્રોનું તન્ત્ર પણ કેટલોક કાળ ચલાવેલું.

આપણા નવીન કાવ્યસાહિત્યમાં ફારસી ઢબ મુજબની ઇશ્કની શાયરી 'મસ્ત બાલ'થી શરૂ થાય છે.

'મસ્ત બાલ'નું જિગર નીડર, પ્રામાણિક, સ્વતંત્ર અને વિશુદ્ધ છે, એ તેમના ઉદ્‌ગારોમાં પ્રપાત પામનારને સ્પષ્ટ થશે. 'હરિ-પ્રેમપંચદશી' અને 'ક્લાન્ત કવિ' એ તેમનાં પ્રેમકાવ્યો હરેક પ્રેમી હૃદયને મનનયોગ્ય છે. સૂફીવાદની ઝલક તેમની ગઝલોમાં બહુ સ્પષ્ટ છે અને તે ઇશ્કનાં રાહદારીઓને થોડુંક હૃદય ખર્ચ્યે સુગમ થઈ શકશે. ખરેખર, એ હૃદય આપણું રાહબર થવાને પાત્ર છે. 'ક્લાન્ત કવિ'માં સૂફી આશકે કરેલી ભક્તિ છે–ભક્તિ યોગ છે.

તેમના સમકાલીન અને મિત્ર મર્હૂમ પ્રો. મણિલાલે પણ સૂફીવાદના ધોરણ પર થોડીક ગઝલો લખેલી છે. 'મસ્તી' અને 'દર્દ' બન્ને એમની ગઝલોમાં પ્રધાન છે અને ઇબારતની બાબતમાં પણ 'મસ્ત બાલ'ની છાપ પ્રબલ છે. એમનો કાવ્યસંગ્રહ સટીક છે અને પ્રોફેસરે જાતે એમાં તાત્ત્વિક રીતે વેદાન્તવિચારો સમજાવેલા છે. વેદાન્ત અને સૂફીવાદનો સબંધ કેટલો નિકટ છે, એ પ્રો. મણિલાલના હૃદયોદ્‌ગાર સ્પષ્ટ કરે છે. (જુઓ માર્ગદર્શક ટીકા. ગૂ. ગ.)

મર્હૂમ ડૉકટર હરિ હર્ષદ ધ્રુવની હૃદયરંજક ગઝલોમાં ઇશ્ક અને ઇશ્કની મસ્તી કરતાં શૃંગારરસનું દર્શન વધારે છે; દયારામનો શૃંગાર અને નર્મદનો જુસ્સો એમાં સ્પષ્ટ છે. બેશક, તેમાં દર્દ છે, છતાં આપણે જોઈ શકીએ કે એ દેશપ્રેમી અને રસથી ઊભરાતા હૈયાનાં કવનોને સૂફીવાદની ગઝલો સાથે કશો આન્તર સંબંધ નથી. 'હયરાને–હિંદ' એ મથાળા નીચે તેમણે કેટલીક સ્વદેશપ્રેમની ઊછળતી ગઝલો લખેલી અને 'ચંદ્ર'માં છપાયેલી છે, પણ તે આ સંગ્રહમાં પ્રસિદ્ધ કરવાનું ઉચિત લાગ્યું નથી.

ઈશ્કના દફતરમાં કલાપીનું નામ તો મશહૂર અને ચિરસ્મરણીય છે. એ વિષે વધારે વિવેચનની અહીં અપેક્ષા છે કે? એના કોમળ અને વિશુદ્ધ હૃદયની તલ્લીન લાગણીથી ગવાયેલા ઇશ્કે ગુજરાતના ગરીબ બગીચાને સુહાવ્યો છે અને તેના પડઘા તો સંભળાયાં જ કરશે. ખરેખર, કલાપી એક અલૌકિક પુરુષ છે. સત્તર–અઢાર વર્ષની વયે તેણે લખેલી પહેલી જ ગઝલ 'ફકીરી હાલ' તેના હૃદયની મહાન ભવ્યતાની પ્રતીતિ કરાવવાને બસ છે. ઇશ્ક સિવાય જેણે આખી જિંદગાનીમાં બીજું કશું જ પુકાર્યું નથી, ઇશ્ક સિવાય જેણે બીજું કશું જ કર્યું નથી અને ઇશ્કમાં જ જેણે જિન્દગાનીની કુલ કુરબાની કરી છે, તે અદ્‌ભુત જિન્દગીને આપણે શી રીતે ઇન્સાફ આપીશું?

તેની ગઝલોમાં કલાનું પ્રાધાન્ય નથી; તે તો લાગણીનો શિરોમણિ આલેખક છે. લાગણી એ તેની ગઝલોમાં મુખ્ય તત્ત્વ છે અને ઇશ્કી આદમીની જિન્દગાનીનું પણ એ લક્ષણ ચોક્કસ કાલ સુધી હોય છે જ. કલાપીની ગઝલોમાં ખરું જોતાં કવિની કલા નહિ પણ લાગણીને વશવર્તિની—તેના દર્દની પ્રબલ પ્રેમોર્મિઓ છે. પ્રેમયોગમાં લીન થવું અને લીનતા દ્વારા અન્તે એમાં જ લય પામવું, એ કલાપીની ગઝલનો સાર છે–ઇશ્કનો પણ એ જ સાર છે: પ્રેમ, પ્રેમયોગ, ભક્તિ, લીનતા અને લય; નવું જીવન–શાન્તિ–મુક્તિ–નિસ્ત્રૈગુણ્ય.

કલાપીના પવિત્ર અને સુન્દર હૃદયોપવનની નવી પ્રસાદી 'માલા અને મુદ્રિકા' આપણને હમણાં જ જડે છે. અલબત્ત, એમાં અમુક વજનનાં મુખમ્મસ યા કવ્વાલીની બેતો નથી; છતાં, ખુદ આત્માને ગાવાની આબાદ ગઝલ–ગઝલની 'માલા' અને સફલ પ્રેમની 'મુદ્રિકા' એમાં પાને પાને આશક જુએ છે, અને ફિદા થાય છે. સાધુબાન્ધવ પઢિયારે 'પ્રેમ; પ્રેમ ને પ્રેમ' પ્રકટ કર્યા પછી, આવી વિરલ પ્રસાદી આપણને હમણાં જ મળે

છે. લગ્નસ્નેહની જે ખામીથી ‘ સરસ્વતીચન્દ્ર ’નું મહાભારત ખરેખર દૂષિત લાગે છે તેનું કારણ અને વારણ આ નવલ અને મંગલ ગઝલથી ગુજરાત કદાચ જોઈ શકશે એવી આશા છે. ૐ॥

સ્વ. જટિલ, અરવિન્દ અને તકિલે થોડીએક ગઝલો લખેલી છે અને તે સરલ છે. સ્વ. અમૃત નાયકની પણ થોડી જ ગઝલો ઉપલબ્ધ થઈ શકે છે. તેની કૃતિ ઉર્દૂને અનુરૂપ છે અને ઈશ્કનો તેને અભ્યાસ અને સ્વાનુભવ છે, એ આપણે જાણી શકીએ છીએ.

સ્વ. દીનબન્ધુ ‘ મસ્ત બાલ ’ના સમકાલીન, કંઈ અંશે શિષ્ય અને સાહિત્યપ્રવૃત્તિમાં સાહાય્યક છે. એમની બે જ ગઝલો સંપાદિત થઇ શકે છે અને તેમાં ખરી ‘ ગઝલ ’નો આવિર્ભાવ છે, એ આપણે જોઇએ છીએ.

પ્રસિદ્ધ ગુર્જર ગ્રન્થકાર મર્હૂમ ગોવર્ધનરામે વધારે ગઝલો લખી નથી પણ ‘ સરસ્વતીચન્દ્ર ’ અને ‘ સ્નેહમુદ્રા ’માં પ્રેમનાં ચિત્રોનું આલેખન બની શકેલા તમામ કલાકૌશલ્યથી કરેલું છે. તેમની નવલકથામાંની બન્ને ગઝલો રસ, દર્દ અને ઊંડું હૃદય બતાવે છે. ફારસી કે ઉર્દૂ ભાષાના વિશેષ શબ્દપ્રયોગ વગરની છતાં એ ગઝલો મનોરંજક અને સુશ્લિષ્ટ છે. કલાની દેવી કેટલી સમર્થ છે, તેનો અચ્છો નમૂનો એ કલમ રજૂ કરે છે. ઇશ્કના ચુસ્ત આશકો પરમ સત્ય (હકીકત) તરીકે પ્રેમ અને ધર્મ એવી બે જુદી ભાવનાઓનો બેશક, ઇન્કાર કરે છે; પરન્તુ એ કલાવિધાનમાં નવલકથાના લેખકે સત્ય કરતાં સહીસલામતીનો માર્ગ વધારે પસન્દ કર્યો છે. અલબત્ત, ગુજરાતના એક અપૂર્વ નવલિક તરીકે મર્હૂમ ગોવર્ધનરામ માટે આપણને ઘટતું માન છે અને હોવું જોઈએ. પરન્તુ હકીકતની નજરે તપાસતાં આપણે જોઈ જ શકીએ કે, એ કથાના પ્રેમી નાયકને ગ્રન્થકારે ફરીથી

કરાવેલું અયુક્ત લગ્ન કેવળ કૃત્રિમ અને અશક્ય છે, એટલું જ નહિ, પણ એથી એને પ્રેમપ્રવાહમાં નિપતિત બનાવીને કુશળ કલાચાતુર્ય જ્યારે ધર્મ અને હિતને આગળ કરીને એની તરફેણમાં વકાલત કરે છે, ત્યારે તો ખરેખર વિચિત્ર લાગે છે—છતાં એ વિષય અત્યારે બહુ આવશ્યક નથી. સાંભળવા પ્રમાણે ગોવર્ધનરામે 'મુખમ્મસ'ના મિઝાન પર 'ગઝલો' રચવાનો પ્રયત્ન કર્યો હતો, પણ એમણે વધારે ગઝલો લખેલી જણાતી નથી. એમની 'સ્નેહમુદ્રા' પણ સ્નેહપાત્ર છે.

ઇશ્ક મનુષ્યની જિન્દગાનીનો અતિશય ગંભીર પ્રશ્ન છે, અને હવે તો આપણો ઉલ્લેખ ભૂતવર્તમાનમાંથી ચાલુ વર્તમાનની બહુ નજીક આવી પહોંચ્યો છે, તેથી હવે આપણે અટકવું જોઇએ.

હયાત લેખકોની ગઝલો વિશે બોલવું એ, કદાચ, તેમની જિન્દગી માટે બોલવા બરાબર થાય અને તેથી બસ.

'ગુજરાતી ગઝલિસ્તાન' જોતાં આપણને એ વિચાર આવ્યા સિવાય રહેતો નથી કે મૂળ ફારસી અને ઉર્દૂ ભાષામાં ગઝલોનું સાહિત્ય જોતાં ગુજરાતી ગઝલિસ્તાન 'કુચ્છ બિસાત'માં નથી—'આબેહયાત' જેવા ઉર્દૂ ગ્રન્થો જોતાં બાહ્ય અને આંતર બન્ને પ્રકારે ગુજરાતી ગઝલોનો સંગ્રહ કશા દમ વગરનો લાગે છે. અલબત્ત, સ્વર્ગવાસી લેખકોમાં બાલ, મણિલાલ, કલાપી, નાયક વગેરે દ્વારા તેમજ હયાત લેખકોમાં રા. રા. દેરાસરી (હવે મરહૂમ) વગેરે થોડાક લેખકો દ્વારા આવેલી 'ચીઝ' આશકોને બેનમૂન બખ્શિસ છે, અને બેશક એમાંના ઘણા હૃદયોદ્‌ગારો ચૈતન્યવાહી અને પ્રેમની પરાકાષ્ઠા ખુલ્લી દર્શાવનારા છે. પ્રેમ તેઓ જાતે હો અને સર્વત્ર વિસ્તરો. અસ્તુ.

'ગુજરાતી ગઝલિસ્તાન'માં આપણી કેટલીક બહેનો પણ

પ્રેમગાન ગાય છે, એ આપણે ઘણી લાગણીથી જોઈએ છીએ: ઇશ્કનાં મુબારક તખ્ત મિસાલ એમનાં કોમળ હૃદયમાંથી આપણને જે પ્રસાદ મળે છે તે પણ કેવો છે!

"જગત બાગે તું વેપારી, ખરીદી તારી છે ન્યારી;
"બધું તારું, નથી મારું, હરિ-સુખરૂપ જે ચારુ."
(સૌ. હરિસુખગૌરી, 'ગૂજરાતી ગઝલિસ્તાન,' પૃ. ૨૧૭)

એ ઉદ્‌ગારો ત્રિભુવનને બાગ કલ્પીને તેના માળીને સંબોધેલા છે, અને તેમાં શ્રદ્ધા છે, સ્નેહ છે, અર્પણ છે.

ગઝલનું લક્ષણ દર્દ અને મસ્તી એનું પણ રુદન અને નિરૂપણ ગુર્જરી દેવીઓ કરે છે:—

"હવે સંન્યાસ આ ધાર્યો, ધરી કફની જ્યહાં અંગે!
"કહો ત્યારે હવે શાને, રહેવું સ્વાર્થની સંગે?
"ભલે! રણમાં વસી, વનમાં, જીવન મારું બધું ગાળું!
"ગણી ખોટો-સદા ખોટો! સકલ સંસારને જૂઠો!
"અરે! યોગી! વિયોગી હું, સદા છું પ્રેમની યોગી;
"નહીં યોગી! સદા યોગી! સદા સંન્યાસિની હું તો!"
(સૌ. કાન્તા, 'ગૂજરાતી ગઝલિસ્તાન,' પૃ. ૨૧૬)

અને

"શૃંગાર કે સૌંદર્ય, રસ કે પ્રીતિ હૃદયે છે નહીં,
"વૈરાગ્ય વાધ્યો ઉરમાં ને સ્નેહજ્યોતિ ઈશની.
"મારે હવે સંસારમાં શું સ્નેહથી છે શોધવું?
"ચિન્તામણિ આ દેહથી ચિન્તામણિ હું મેળવું.

*    *    *    *

"મિથ્યા બધો સંસાર આ પરપંચનો દરબાર છે,
"મિથ્યા બધી ઘટમાળ ને મનુ પરમ મૂરખરાજ છે.
"મનુષ્યો તણી જગ સફર ઊભી હું કિનારે જોઉં છું,
"ડૂબી ગયાં, કો ડૂબતાં, ડૂબી જશે, હું રોઉં છું.

"ડૂબ્યાં ઘણાં, ડૂબે ઘણાં, ડૂબી જશે આ દુનિયા,
"તોપણ, અરેરે! રંક જીવો હુંપણું નહીં ત્યાગતાં.

* * * *

' મૃત્યુભૂમિના લોકની પ્રીતિ નકામી લાગતી,
"હું શુષ્ક થઇ તેથી કહો, પણ શુષ્ક સૃષ્ટિ ભાસતી.
"મારા હૃદયનો પ્રેમ જે શૃંગારરસને રેલતો,
"વિરમ્યો હવે સ્વામી દયાળુ શ્રી હરિનાં ચરણશો."

* * * *

( સૌ. જ્ઞાનમણિ, 'ગૂજરાતી ગઝલિસ્તાન,' પૃ. ૨૨૦ )

આમાં 'દર્દ' છે, 'હૃદય' છે, પ્રેમ છે, પ્રેમશૌર્ય છે, પ્રજ્ઞાનભાનુનાં આછાં-ઉજમાળાં કિરણોનો આશા આપતો પ્રકાશ છે અને એ ગઝલ છે. આપણે જોઇ શકીએ કે ગુજરાતી ગઝલિસ્તાનમાં નમૂનેદાર 'ચીઝ'માં એની ગણના છે.

પ્રેમનાં યોગી હૃદયને ભક્તિ અને જ્ઞાનના પ્રવાસમાં કોઇ કોઇ વાર કંઇ અદ્દભુત પરમાનન્દ (એક્સટસી)ની આત્મોર્મિનો સ્વાનુભવ થાય છે, અને એવી મસ્ત દશામાં જે અનિર્વાચ્ય ઉલ્લાસ તેની રગે રગે વહે છે તેનું નિરૂપણ કરવું એ અશક્ય છે. એ હાલમાં કંઇક સ્પષ્ટ અને અપરોક્ષ અભેદાનુભવ જેવું તેને થાય છે. 'અભેદાનુભવ જેવું' એમ કહેવાનું કારણ એ છે કે એ અનુભવ કાયમનો રહેતો નથી. અલબત્ત, એ કાયમનો નથી અથવા કેટલા કાળનો છે એની તેને પોતાને કશી ખબર તે વખતે નથી હોતી. એ અનુભવને વાણીમાં વ્યક્ત કરી શકાય એવું નથી અને કહેવા ચાહીએ તો, 'પ્રભુના કૃપાપ્રવાહનો આત્મામાં અનુભવ' અથવા 'આત્મામાં પરમાત્માના સાક્ષાત્કારનો અનુભવ' કે એવું કંઇક અધૂરું બોલીએ તો બોલી શકાય. જુદા જુદા સૂફી સંતમહાત્માઓએ પણ પ્રસંગોપાત્ત આ હાલમસ્ત દશાનો સ્વાનુભવ વિવિધ પ્રકારે નિરૂપિત કર્યો છે.

આવો અનુભવ પવિત્ર હૃદયની લાંબા કાલની લીનતાનું પરિણામ છે—તપાન્તે જ મળતું આત્મદર્શન છે. મૌલાના રૂમી સાહેબ કહે છે કે, એ દશા સમજવાને તો તેનો પ્રત્યક્ષાનુભવ થવો જોઇએ. 'ગુલ્શને રાઝ' (એટલે 'રહસ્યનિકુંજ') માં મહાત્મા મહમ્મદ શબિસ્તરી સાહેબ સમજાવે છે કે, જ્યારે પરમાત્મપ્રાપ્તિનો ઉમેદવાર તે અસીમ ભવ્ય જ્યોતિની લગભગ છેક નજીક આવી પહોંચે છે, ત્યારે તે જ્યોતિના નિઃસીમ પ્રકાશને લીધે મનની દૃષ્ટિ કેવળ બંધ થઈ જાય છે—અને તે વખતની એ દશા છે.

આવો સ્વાનુભવ થવો એ અતિ વિરલ છે. કેટલીક ફારસી, ઉર્દૂ અને હિન્દી ગઝલોમાં આપણે આવા 'હાલ' જોઇએ છીએ:—

'મૈં ખુદ હૂં ખુદાઃ ઇશ્કકે મયખાનેમેં દેખા :
'જંગલમેં ન કાબેમેં : ન બૂતખાનેમેં દેખા.
'મનસૂર ચ્હડા સૂલીપેં, પુકારાઃ—અનલ હક !
'આશકકો મઝા હમને યૂં મર જાનેમેં દેખા.

* * * *

'ફના કયૂંસી ? બકા કયૂંસી ! જબ ઉસકે આશના ઠેરે!
'કભી ઇસ્ ઘરમેં આ ઠેરે! કભી ઉસ્ ઘરમેં જા ઠેરે!
'જો ચશ્મે ગ્હૉરસે આઈને-એ—તૌહિદકો દેખા :
'તો સબ કુછ તૂંહિ તૂં હય તૂં, ન કુછ બેખુદનુમા ઠેરે!
'હકીકત ખોલ દી આઈને-એ-વહદતમેં દોનોંકી :
'ન તુમ હમસે જુદા ઠેરે, ન હમસેં તુમ જુદા ઠેરે!'

(ગઝલે અમીર)

'જિસ્કો હૈ કહતે ખુદા હમ હિ તો હૈ!
'માલકે અર્ઝ-ઓ-સમા હમ હિ તો હૈ!

* * * *

'કૌન કિસ્કો સિર ઝુકાતા અપને આપ ?
'જો ઝુકા જિસ્કો ઝુકા હમ હિ તો હૈ!

'મુઝકો દેખો, મૈં ક્યા હૂં તન તન્હા આયા હૂં;
'મતલા–એ–નૂરે ખુદા હૂં: તન તન્હા આયા હૂં.

* * *

'હૂં ભી, હાં ભી અનલ્હક હૈ, યહ ભી મંજલ અપની:
'શમ્સે ઇર્ફાં કી જિયા હૂં તન તન્હા આયા હૂં.'

કલાપી એક મિત્ર ઉપરના પત્રમાં લખે છે કે, ફારસી અને ઉર્દૂ લેખકોનું હૃદય તેમને સાચું (સિનસિયર) અને બહુ પવિત્ર લાગે છે; એમનું એ કહેવું સૂફીઓની હાલમસ્ત અને લીન દશા પરથી આપણને સ્પષ્ટ થાય છે. પરમાત્મદર્શન માટે સૂફીનો તરફડાટ સાચો અને વસ્તુ પામવાને પાત્ર હોય છે. તેને માલૂમ છે કે,

'નેસ્તી હસ્તી હય, યારો! ઔર હસ્તી કુછ નહીં:
'બેખુદી મસ્તી હય, યારો! ઔર મસ્તી કુછ નહીં.'

અને એવી દૃઢ પવિત્રતાથી આત્મરત રહેનારને જ દિવ્ય નિજાનંદ અનુભવાય છે.

'આજ ઝાંખી થઈ કંઈ યારની છે હરિ! હરિ!
'મતિ, આંખડી જાદુગારિયે છે હરી હરી!
'નિર્મળ તને પરિમળ બહેકી ઊડે ગગન!
'ખુશબો ઈરમ ગુલઝારની છે હરી હરી!'

(બાલ; ગૂ. ગ., પૃ. ૧૪)

આ ઉદ્ગારો એવી જ લીનતાનું પરિણામ નિરૂપે છે; અને તે કાયમ અનુભવના ન છતાં, એક વાર આત્મામાં પ્રત્યક્ષ અનુભવાયેલા છે, એ તો ચોક્કસ છે.

પ્રો. મણિલાલના પણ એવા ઉદ્ગારો છે:—

'અન્તર આંટી તૂટી ગઈ રે,
'ભાગી ભેદ ભ્રમણની ભ્રાન્ત રે;
'બધે દરશન આપને આપનાં રે—
'સન્તો–ગીત અભેદનાં ગાઇએ રે.

'પ્રેમસુરત બાંધી પ્રેમથી રે,
'લાગી પ્રેમની તાળી તાન રે,
'એમ પ્રેમ મણિ નિજ ધ્યાનમાં રે—
'સન્તો—ગીત અભેદનાં ગાઇએ રે.'
(સુદર્શન, જૂન: ૧૮૯૬.)

ઉપરાંત, 'પ્રેમજીવન' અને 'અભેદોર્મિ'માં પણ એવા જ ઉદ્દગારો છે. (પ્રેમમય ઉપાસ્ય બ્રહ્મ, કાવ્ય ૧૧ મું અને અભાનોર્મિ, કાવ્ય ૧૧ મું.)

કલાપીના ઉદ્દગારોમાં કોઈ કોઇ પ્રસંગે એવા ઊભરા આવે છે. ('ઇશ્કનો બન્દો' અને 'અમારી પિછાન.')

સ્વામી રામતીર્થ જેઓ આખી દુનિયાને અદ્વૈતાનુભવ જાહેર કરે છે, એમના નિજાનન્દનો અદ્દભુત બહાર જોઇએ:

'સબ વેદ ઔર દર્શન, સબ મઝહબ, કુરઆન, અંજિલ ઔર ત્રેપટકા,
'બુદ્ધ, શંકર, ઈસા ઔર અહમદ, થા રહના, સહના ઈન સબકા,
મુઝમેં ! મુઝમેં ! મુઝમેં ! મુઝમેં !
'થે કપિલ, કનાદ ઔર અફલાતૂં, અસ્પેન્સર, કેન્ટ ઔર હેમિલ્ટન,
શ્રી રામ, યુધિષ્ઠિર, અસકન્દર, બિક્રમ, કેસર ! અલઝબથ, અકબર,
મુઝમેં ! મુઝમેં ! મુઝમેં ! મુઝમેં !

ગુજરાતના પ્રાચીન ભક્તોએ પણ વિલક્ષણ અનુભવાત્મક ઉદ્દગારો રજૂ કરેલા છે:-

'ભેખકી ટેક ચલી ખટદર્શન, ભેખ નહીં તહાં ટેક કીનાકી ?
'ટેકકી ટેક ચલી જો દશોદિશ, ટેક હમારી તો હે જો ફનાકી:
'લૂંડ કહો, કોઉ ભંડ કહો, પાખંડ કહો, અરૂ કહો જો ભિખારી!
'સજ્જન કહો, દુરિજન કહો, અરૂ ચોટ્ટ કહો, કોઉ કહો બ્રહ્મચારી!
'કાહુકો પાવ ટિકે નહીં નહાં લો, જહાં જાઈ કીની અખે જો પથારી!

* * * *

'માલા ન પહેરું, ટીકા ન બનાઊં, શરણે ન જાઉં મેં કોઉ કીસીકા,
'આપા ન મેટૂ, થાપા ન થાપૂં મૈં મદમાતા હૂં મેરી ખુશીકા;

'બેહિસ્ત ન દોઝખ દોઉ ન ચાહૂં, ન ચાહૂં નામ ન રૂપ કીસીકા,
'હે નહીંકી સંધ્ય પરી જો અખાકી, જાનેગા જે કોઈ ડેર ઉસીકા !'
(સન્તપ્રિયા, અખો.)

અને,

'વેદ વખાણે વાત, ઉપનિષદ અન્તે સદા;
'તે સ્વામી સાક્ષાત્, લખ્યો અખાના ભાગ્યમાં.
'સહજે ઊઘડી સેર, ખૂંટફાટુ બુદ્ધિમાં, અખા !
'રહ્યો ઘેરનો ઘેર, નિહાલ થયો નિધ ઊઘડયે.'
(અખાના અપ્રસિદ્ધ દૂહા.)

પ્રેમ અને ભક્તિનાં હિમાયતી અથવા અમુક સંપ્રદાયને
વળગી રહેનારાં હૃદયો તરફથી આપણે કેટલીક વાર સાંભળીએ
છીએ કે, અખો શુષ્ક વેદાન્તી છે, અને એને પ્રેમની કે ભક્તિ-
ની જાણે કશી કદર નથી ! આમ માનવું એ પ્રેમના માર્ગને
અનુકૂલ છે, છતાં એ સત્ય સ્થિતિ મર્યાદાથી બાધિત છે અને
પ્રેમનું અંતિમ સ્વરૂપ કૈવલ્યજ્ઞાન, તેની કદર એ સ્થિતિ કરી
શકે નહિ. સ્વામી રામતીર્થ જે સત્ય આત્માનુભવથી વીસમી
સદીમાં આપે છે, તે જ સત્યનું આત્મગાન અખાએ સત્તરમી
સદીમાં કરેલું છે. સ્વામી રામતીર્થ પરમ ભક્ત છે અને જ્ઞાન
એ ભકિતનું જ ક્રમિક રૂપાંતર છે. અખાને ભક્તિ કે પ્રેમની
પૂરી કદર છે, એ એની વાણીમાં જ આપણે જોઈએ:—

'સ્વામી સર્વાવાસ, સભર ભર્યો સઘળે મળે;
'(પણ) દોહ્યલો મળવો દાસ, ભલ ભેદુ ભગવન્તનો.'
(અખાના દૂહા.)

'બિરહા જ્યૂં મેહા, અખા ! મેંહતેં સબ કુછ હોય,
'હરિઆ હરિ તો દેખીએ, જો બિરહા લાગ્યો સોય.
'જ્યૂં તાંબા પરસા પારસકો, સો કંચન હોઈ જાય;
'ત્યૂં બિરહા પરસા જાહિકો, સો નર સબ હરિ હો જાય.
'ભક્તિ ભક્તકો તો ફલે, જોગ, ધ્યાન તો આય;
'જ્ઞાન, અખા ! તબ ઊપજે, જો બિરહા હોઈ સમાય.

'સાચા હરિજન ! સબ સુનો: જો ચાહો દિદાર;
'ફિર ફિર બિરહા માગીએ, કહત અખા નિરધાર.'

(અખાની અપ્રસિદ્ધ સાખીઓ.)

અખાની 'અક્ષયગીતા'માં ભક્તિનું નિરૂપણ જોઇએ:-

## કડવું ૧૧ મું

### ધન્યાશ્રી

'વળી વળી કહું છું ભક્તિ વિશેષજી, જે ન દેખે હરિ વિના શેષજી:
'પેખે સઘળા હરિના વેષજી, તે જન ન કરે કહેનો ઉવેખજી.

### પૂર્વછાયા (ઊથલો)

'ઉવેખ ન કરે કોયનો, આત્મા વિલાસી રહ્યો.
'જેહને શ્રી ભાગવત ગાયે ગીતા, ઉપનિષદે જે કહ્યો.
'નિત્ય રાસ નારાયણનો, દેખે તે અનન્ત અપાર;
'જિહાં જેહવો તિહાં તેહવો, નારાયણ નર–નાર.
'ગદ્ગદ કંઠ ગાતે થકે, રોમાંચિત હોયે ગાત્ર;
'હર્ષ, આંસુ, બહુ હેત હૃદય, પ્રેમ કેરું તે પાત્ર.

* * * *

'ખાતો પીતો બોલતો દેખતો તે સઘળે રામ;
'વેંધ્યૂ મન રહે તેહનું, શિથિલ સંસારી કામ.
'નવનીત સરખું હૃદય કોમલ, કહ્યું ન જાયે હેત.
'આંખ માંહે અમૃત ભરિયું, હરિભક્તિ કેરું ક્ષેત્ર.

અને પ્રેમના એવા તલ્લીન ભક્તને તો અખો કહે છે:-

'ઉદય ઉજાળું દે જેમ ચંદ્રમાજી, કિરણ તેહનાં પસરે વન, વિથિ, મંદ્રમાં જી;
'તેમ સરખો આત્મા ભાસે કીટ, ઇંદ્રમાં જી, એહવો પ્રકટયો હૃદયકંદ્રમાં જી.

### ઊથલો

'હૃદયગુહામાં રામ પ્રકટયો, તેણે પાલટો મનનો થયો;
'માયાને ઠામે બ્રહ્મ ભાસે, સંસારનો સંભવ ગયો.

* * * *

'જાગ્યો ત્યાં થઈ ચેતના, નિદ્રા, સાથે સર્વ પળ્યું;
'ત્યમ તુરિયાવડે તિમિર ત્રાસે, ચિત્ત મચક્યું હું તૂં ટળ્યું.
'કહે અખો, સહુકો સુણો, જેમ દારિદ્રય નથી શ્રીમંતને;
'જો મહાધન હીંડો પામવા, તો સેવો હરિ, ગુરુ, સંતને.'
(અક્ષયગીતા, કડવું ૧૨ મું.)

આપણે જોઇએ છીએ કે, મુક્તને ભક્તિ અને જ્ઞાનનું દ્વૈત નથી: અને એવા અદ્વૈતાનુભવમાં પ્રેમભક્તિ, પ્રેમયોગ એ સાધકની સ્થિતિ પરત્વે ક્રમિક મુકામો છે.

અલબત્ત, સિદ્ધાંતમાં સૂફીઓ એક જ બ્રહ્મને સર્વવ્યાપક માનતા હોવાથી, કેટલાક હિન્દુઓ, મુસલમાનો અને ખ્રિસ્તીઓ વગેરે માને છે, તેમ ઈશ્વરના અમુક વિશિષ્ટ અવતારને તેઓ 'પ્રભુ' તરીકે સ્વીકારતા નથી. અખો પણ કહે છે કે:-

'ચોજ પામે તે ચોવીસ કહો ક્યમ ગણે ?
'માને મહારાજને એકમેકે:
'અવતાર પરઠે તો સર્વ જ સ્વામી તણા,
'સહજ સાગર તણી લોઢ લેહેરી:
'અન્ય સિદ્ધાંત જોતાં તે છે મન તણા,
'પણ મનાતીતને ન શકે હેરી.'
(અપ્રસિદ્ધ 'સિદ્ધાંતશિરોમણિ,' અખો.)

સત્ય સાથે પૂર્ણ લીનતાથી યોગ થયા પછી જ્ઞાનનો આશક પોતે તેમાં ખોવાઈ જાય છે અને પ્રેમ વિના એવું પોતાપણું ગુમાવવાનું કદાપિ બની શકે નહિ એ સ્પષ્ટ છે. મસ્તી એ પ્રેમ અને જ્ઞાનના અદ્વૈતનું પૂર્વસ્વરૂપ છે અને એ ભક્તિનો જ પ્રકારાન્તર છે એ સંશયરહિત છે.

'કલાપીનું પ્રેમરાજ્ય' પ્રકાશનાર દેવી પણ એવા મસ્ત હાલના અનુભવોદ્‌ગારનું અમૃત ગુજરાતના હૃદયને સિંચે છે એ આપણે પ્રેમ અને ઉલ્લાસથી જોઇએ છીએ:-

004698

'હૈયે હૈયાં દઈ મેળવી,
'અદ્વૈત વાણી વદતાં:
'રાજ્યો હજારો છોડીને,
'કૈં આત્મરાજ્ય મહાલતાં!

'એ ગોષ્ઠી સ્મરતાં મીઠડી–
'છો ઝિંદગી હું ગાળતી:
'એ હુસ્નની ઝાંખી મને–
'હોજો સદા આમીન એ,'

('ગૂજરાતી ગઝલિસ્તાન,' પૃ. ૨૨૧)

અસ્તુ. પ્રેમની અનંત દયાલુતાને-નિર્માણના સુંદર બ્રાહ્મી પ્રવાહને આપણે યાચીશું કે, ભગવતી મીરાં, પાક બાનુ રબિયા અને અનલ જેવાં દૈવી હૃદયથી જેમ આખી આલમ તેમ ગુર્જરી ભૂમિ પણ અલંકૃત અને પુનિત હો. ૐ ॥

આ પ્રમાણે ગુજરાતીમાં ગઝલના સાહિત્યનું દિગ્દર્શન છે. આપણે જોઇએ છીએ કે ગુજરાતી ગઝલિસ્તાનમાં વિવિધ અનુભવાત્મક હૃદયાલાપો રજૂ થયેલા છે. અલબત્ત, ગુજરાતી ગઝલિસ્તાનનું આંતર સ્વરૂપ અવલોકતાં એક અતિશય મહત્ત્વની બાબત એ જોવાય છે કે, એમાં દર્દ છે, લગની છે, ભક્તિ છે અને પ્રેમનાં આનુષંગિક ઘણાં લક્ષણો છે, પણ પ્રાપ્તિનો આનંદ–અંતિમ દશાનો ઉલ્લાસ–મુક્ત સ્થિતિનો આત્માનંદ એમાં નિરૂપિત નથી. સ્પષ્ટ છે કે ગુજરાતી ગઝલિસ્તાનમાં જે ઉદ્દગારો આપણે જોઇએ છીએ તે સિદ્ધાત્માના ઉદ્દગારો નથી, પણ પ્રવાસી હૃદયોના આત્મજ્ઞાનની ઊર્મિઓ છે: અને બેશક એ હૃદયો સિદ્ધ કે બ્રહ્મનિષ્ઠ ન હોવા છતાં, આપણા સ્નેહ અને સમભાવને પાત્ર છે. કેટલાંક હૃદયો એમાં એવાં પણ છે કે આપણે જેમને સ્વાભાવિક રીતે જ માન આપ્યા સિવાય રહીએ નહિ; આપણા મિત્ર અને રાહબર તરીકે આપણે સ્નેહ અને

માનથી સાથે રાખીએ એવાં પણ કેટલાંક ઉમદા જિગરોનો આપણને ગુજરાતી ગઝલિસ્તાન મારફત થોડો-ઘણો પરિચય થાય છે. આમીન.

વિસ્તાર વધારે થયો છે પણ એ અનાવશ્યક નથી; હુજી આ લેખને સલામ કરતા પહેલાં આપણે તાજું કરવું જરૂરનું છે કે, ઇશ્કની મસ્તી-શરાબ-સનમ-સાકી અને દિલદારનાં ચુંબનો કવિતામાં ગાવાં કે રદીફ-કાફિયાદાર (અનુપ્રાસાલંકાર-વાળી) ગઝલો લલકારીને શાયર તરીકે નામના મેળવવી એ ઇશ્કનો કે આવા સાહિત્યનો બિલકુલ હેતુ નથી; એટલું જ નહિ, પણ એ તો, એક સડેલા મુર્દાને ગોયા ટાપટીપથી શણ-ગારીને તેની સાથે ખેલ્યાં કરવા જેવું છે. દુનિયાદારીની ક્ષુદ્ર બાબતોને, માનસિક વિકારોની વાસનાઓને કાયમની પરિ-ત્યજીને પ્રભુ સાથે એક થવું-પાર્થિવ જીવનમાંથી પોતે પ્રેમસ્વરૂપ બનવું અથવા ખરું કહીએ તો, આત્મા-પરમાત્માની એકતાનો સાક્ષાત્કાર કરવો એ જ ઇશ્કનો અને આવા સાહિત્યનો ખરો ઉદ્દેશ છે; અને એ માર્ગમાં પ્રવાસીના આત્માનુભવનું સ્વયંભૂ ગાન એ જ ગઝલ છે. 'ખુદી' છોડીને 'ખુદા' થવું એ બધી ગઝલનો ટૂંકામાં સાર છે અને ચિત્તક્ષોભને લીધે લાગતાં સુખદુઃખો જેની હકીકતમાં કશી વજૂદ નથી તેને ન ગણકારતાં માર્ગમાં જ લીન અને આત્મરત રહીએ તો જીવનસિદ્ધિ, બેશક, થઈ શકે.

હકીકતનો જે શરાબ શબ્દાન્તરે સૂફીની ગઝલ આશકોનાં જિગરમાં રેડે છે, તે જ સોમરસનું પાન વેદોના કાલમાં આર્ય ઋષિઓએ કરેલું છે અને તેજ જ્ઞાનનો આસવ આર્યાવર્તના ભક્તોએ અને જ્ઞાનીઓએ પીધો છે-પાયો છે-પાયાં કરે છે. દેહાધ્યાસ છૂટી જતાં, દેહાભિમાન ગલિત થતાં, બ્રહ્માનન્દ સ્વતઃ અનુભવાય છે, એ જ સર્વના અનુભવનો સાર છે. **एकं सत् विप्राः बहुधा वदन्ति ।** એ આપણે જોઇએ છીએ:—

'આપા ઓટ આપ હય, તાતેં રહ્યા લુકાઈ;
'દાદુ પ્રકટ પીવ હય, જો યહ આપા જાઈ.' ( દાદુ )
'જબ મેં થા તબ તૂં નહીં, અબ તૂં હય, મેં નાહીં
'કહે કબીર નગરી એકમેં, દો રાજા કહાં સમાઈ?' ( કબીર )
'જ્યહાં રામ ત્યહાં કામ નહીં, કામ ત્યહાં નહીં રામ;
'તુલસી દોનોં કયૌં રહે, રવિ–રજની એક ઠામ?' ( તુલસી )

આપણી સતત આત્મકેન્દ્રગામી ઇચ્છા અને લીનતા જ આપણી પૂર્ણતા વા અપૂર્ણતામાં કારણભૂત છે, એ અતિશય સ્પષ્ટ છે. **मन एव मनुष्याणां कारणं बन्धमोक्षयोः ।** અને એ મનને જ તદર્પિત–તદ્રૂપ અનુભવવું એ જ જીવનસિદ્ધિનો આબાદ ઇલાજ છે. એવું થતાં આપણે અવશ્ય પરમ સત્યમાં ભળી જતાં અનુભવીશું જ કે, પશુ, પંખી, પ્રાણી અને તરુ-વિટપ, અદ્રિ વગેરે જડચેતન હરેક ચીજ એ જ સર્વોપરિ સચ્ચિદાનન્દની તારીફ ખરેખર અશ્રુતપૂર્વ ગઝલમાં નિરન્તર લલકાર્યાં જ કરે છે–ગોયા–તેઓ બધાં તે પરાત્પરનાં જ અદ્-ભુત સ્વરૂપો છે અને આપણને તદ્રૂપ હોવાને સાગ્રહ પ્રેમનિમં-ત્રણ કર્યાં જ કરે છે. તેની ઇચ્છાનુસાર તેનો શરાબ આપણને ફના કરો અને આપણે પોતામાં પોતે ખોવાઈ જઇએ, એ સિવાય બીજું કશું ઇચ્છવા કે ચાહવાનું નથી જ.

અને જીવાત્માની એ સ્વયંભૂ પ્રેરણાની આત્મસિદ્ધિ માટે બ્રહ્મવેત્તા મનસૂર, જે કોઈ પણ પન્થ કે સંપ્રદાયની બિલકુલ પરવા કે હિમાયત વગર કેવળ જ નગદધર્મ બતાવે છે, તેને આપણે સાંભળીએ, હૃદયાન્તરમાં તેનો હરદમ પાઠ કરીએ અને તેને જ પચાવી દઇએઃ—

અગર હય્ શૌક મિલનેકા, તો હરદમ લૌ લગાતા જાઃ
જલા કર ખુદ નુમાઇકો, ભસમ તનપેં લગાતા જા. અગર૦

પકડ કર ઇશ્કકા ઝાડૂ, સફા કર હુજ્રૂ યે દિલકો:
દૂઈકી ધૂલકો લે કર, મુસલ્લા પર ઉડાતા જા. અગર૦
મુસલ્લા ફાડ તસ્બીહ તોડ, કિતાબેં ડાલ પાનીમેં:
પકડ દસ્ત મયપરસ્તોંકા, ગુલામ ઉન્કા કહાતા જા. અગર૦
ન જા મસ્ઝદ, ન કર સઝ્દા, ન મર ભૂખા, ન રખ રોઝા:
વુઝૂકા તોડ દે કૂજા, શરાબે શૌક પીતા જા. અગર૦
હમેશાં ખા, હમેશાં પી, ન ગફ્લતસેં રહો ઇકદમ:
નશેમેં સૈર કર અપની, ખુદીકો તૂં જલાતા જા. અગર૦
ન હો મુલ્લાં, ન હો બમ્મન, દુઇકો છોડ, ન કર પૂજા:
હુકૂમનામા કલન્દરકા, અનલહક તૂં કહાતા જા. અગર૦
કહે મનસૂર મસ્તાના, હક મૈંને દિલ્મે પહેછાના:
વોહિ મસ્તોંકા મય્ખાના, ઉસીકે બીચ આતા જા. અગર૦

આમીન ॐ ॥ प्रेमस्वरूपाय नमः । प्रेमधर्माय नमः ॥
ॐ ॥ शान्तिः शान्तिः शान्तिः ॥

ચિત્રાલ, તા. પાદરા
૧૧ : જાન્યુઆરી : ૧૯૧૩.

सागर

४६८८

છેલ્લાં ૩૨ વર્ષથી શિષ્ટ અને ઉપયોગી સાહિત્ય પૂરું પાડી રહેલી

ભિક્ષુ અખંડાનંદે સ્થાપેલી

# વિવિધ ગ્રંથમાળા

સંવત ૧૯૯૯ ] વાર્ષિક લવાજમ રૂા. ૫) [ વર્ષ ૩૨ મું

ટપાલખર્ચ–માફ

★

લડાઈના આ ચોથા વર્ષમાં કાગળો, બોર્ડ, છીંટ, શાહી ઈ૦ની છથી આઠગણી મોંઘવારી છતાં વાર્ષિક લવાજમમાં વધારો કર્યો નથી.

★

સંવત ૧૯૯૯નાં પ્રસિદ્ધ થયેલાં પુસ્તકો

૧ શિવાજી છત્રપતિ
૨ દત્ત–પરશુરામ
૩ કચ્છની લોકવાર્તા જાણીતા લે૦ ડુંગરશી ધરમશીકૃત
૪ ગુજરાતની ગઝલોનો સંગ્રહ સાક્ષર શ્રી કૃષ્ણલાલ મો. ઝવેરીદ્વારા સંપાદિત
૫ સંસારમાં સુખ ક્યાં છે? વા૦ મો૦ શાહકૃત
૬ સંવત ૨૦૦૦ નું પચાંગ

★

વરસે દિવસે ૫ા"×૭ા"નાં પાન ૨૦૦૦નું વાચન ઘેર બેઠાં પટ્ટીવાળાં મજબૂત પૂંઠાંનાં ચારથી છ પુસ્તકો દ્વારા અપાય છે.

**સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય** } ભદ્ર પાસે, અમદાવાદ<br>કાલબાદેવીરોડ, મુંબઈ

છેલ્લી અરધી સદીમાં મહાગુજરાતે **મહર્ષિ દયાનંદ સરસ્વતી, મહાત્મા ગાંધીજી અને ભિક્ષુ અખંડાનંદ**, એ ત્રણ મહાપુરુષો આપ્યા છે.

એ ત્રણે મહાપુરુષોએ જનતાના હિતનો મહાન સિદ્ધાંત વિચાર્યો, જાહેર કર્યો ને પોતાના જ જીવન દ્વારા અનેક મુશ્કેલીઓનો સામનો કરીને ક્રિયાના પ્રદેશમાં એ સિદ્ધાંતને સફળ કર્યો.

સંત અને કર્મયોગી એવા **ભિક્ષુ અખંડાનંદે** જનસેવાનો ઉચ્ચ પ્રકાર દેખાડ્યો છે.



૧૮૭૪ / ૧૯૪૨

તેમણે અજ્ઞાનરૂપી અંધાપો દૂર કરવા માટે પુસ્તકો દ્વારા ઉત્તમ વાચનરૂપી રસાયન લાખો ગુજરાતીઓને પૂરું પાડયું છે.

તેમણે ઋષિમુનિઓની વાણી અને વિદ્વાન લેખકોના વિચારોનો પ્રચાર કરી જનતાને નવું જીવન આપ્યું છે. તેમણે સાહિત્યના મહાન ક્ષેત્રમાંથી ત્રણસો જેટલાં ઉત્તમ પુસ્તકો ચૂંટીને, સર્વ રીતે શુદ્ધ કરીને, સરળ અને સહેલાઈથી વાંચી શકાય તેવા મોટા અક્ષરોમાં છપાવ્યાં અને તેની લાખો પ્રતો ગરીબમાં ગરીબ માણસને પોસાય એવી સસ્તી કિંમતે ગુજરાતના ઘરેઘરમાં પહોંચાડી છે.

આ અગ્રગણ્ય સંતપુરુષે '**કથયન્તો માં નિત્યં**' એ ગીતાસૂત્ર પ્રમાણે, છેક છેવટની ઘડી સુધી ગુજરાતના જીવનમાં અનેક શુભ સંસ્કારો રેડ્યા છે.

તે શ્રેષ્ઠ કાર્ય તેમની પાછળ ચાલુ રહે તેવી વ્યવસ્થા પણ તેમણે કરી છે.

જ્ઞાનનું દાન એ **સૌથી ઊંચું** દાન છે અને એ પ્રદેશમાં પહેલી પંક્તિએ બેસનાર દાતા **ભિક્ષુ અખંડાનંદનું** સ્થાન ગુજરાતના ગૌરવમાં-હિન્દના રાષ્ટ્રજીવનમાં અપ્રતિમ રહેશે.

**સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય** } અમદાવાદ, મુંબઈ-૨